उन्नति
# વિચાર
વર્ષ ૯ અંક ૧ જાન્યુઆરી – માર્ચ, ૨૦૦૪

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
સામાજિક સલામતીઃ
વિભાવના અને વ્યવહાર

**આપના માટે**
લોકભાગીદારીથી ચૂંટણી પ્રક્રિયામાં સુધારો ૧૩

આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારી ૧૮

**આપણી વાત**
બાલ સંસદ ૨૧

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૪

**સંદર્ભ સાહિત્ય** ૩૦

**અમારા વિશે** ૩૩

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## ગરીબો માટે સામાજિક સલામતી

ગરીબો અને તેમનાં પરિવારો પાયાની કામની સલામતી અને સામાજિક સલામતીથી જોજનો દૂર છે. ઉદારીકરણના વર્તમાન તબક્કા હેઠળ લે-ઓફ અને કોન્ટ્રેક્ટ આધારિત નવી ઉત્પાદન વ્યવસ્થાને કારણે ઔપચારિક શ્રમ દળ સંકોચાતાં કામની અસલામતીમાં વધારો થયો છે. ઔપચારિકથી અનૌપચારિક વ્યવસ્થા તરફની આ ગતિનું કદાચ સૌથી મોટું ઉદાહરણ અમદાવાદ નગર છે કે જ્યાં કાપડની મિલોના ૮૦,૦૦૦થી વધુ કામદારો છેલ્લા બે દાયકા દરમ્યાન બેકાર બન્યા છે. આ કામદારો બાંધકામ કામદારો, માથોડી કામદારો, કચરો વીણનારા અને ફેરિયાઓ બન્યા છે. 'ઉન્નતિ'એ ૧૯૯૬-૯૯ દરમ્યાન જે અભ્યાસ કર્યો હતો તે પણ આ જ વલણ દર્શાવે છે.

ગરીબોની અસલામતી કામની અસલામતી સાથે સંકળાયેલી છે. અસલામતી આપત્તિઓનો સામનો કરવાની ક્ષમતા સાથે પણ જોડાયેલી છે. દુકાળ જેવી આપત્તિઓ ધીમી ગતિની હોય છે પણ તે હજારો પરિવારોને વૈકલ્પિક રોજગારી માટે સ્થળાંતર કરવાની ફરજ પાડે છે. જ્ઞાતિવાદી અને કોમવાદી સંઘર્ષો પણ રોજગારીના બદલાવના અને માળખાગત વ્યવસ્થાના પરિવર્તનમાં પરિણમે છે, કારણ કે કામદારો અને કોન્ટ્રેક્ટરો કે માલિકો જુદી જુદી વસ્તીમાં આસાનીથી ફરી શકતા નથી.

રોજગારીમાં અને કામની પદ્ધતિમાં પરિવર્તન એવા ગરીબોની સામાજિક સલામતી ઉપર સીધી અસર કરે છે કે જેમને ભાગ્યે જ સામાજિક સલામતી જેવું કશું હોય છે. ગરીબો અનૌપચારિક ક્ષેત્રના કામદારો છે અને તેમને સામાજિક સલામતીના પ્રશ્નોની આસપાસ સંગઠિત કરી શકાય છે અને તેમને દર્શનીય બનાવી શકાય છે. આ વર્ગને ઘણી વાર અદર્શનીય બનાવાય છે તે, જો તેને સામાજિક સલામતીની આસપાસ સંગઠિત કરવામાં આવે તો પોતાની ઓળખ મેળવી શકે છે. મોટા ભાગના ગરીબ લોકો અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરતા હોય છે. જેમ કે, તેઓ એક્સાથે ખેત મજૂર હોય છે, બાંધકામ મજૂર હોય છે, પશુપાલક હોય છે અને ભરતગૂંથણ પણ કરતા હોય છે. તેથી તેમને સામાજિક સલામતીના મુદ્દાની આસપાસ સંગઠિત કરવાનો અવકાશ રહે છે. એક વાર કામદારો તેમની ઓળખ મેળવે અને તેમના કામના દસ્તાવેજો જાળવે તો પછી માલિકોને તેમની સામાજિક સલામતી માટે ફાળો આપવાની ફરજ પાડી શકાય છે.

ગરીબો સાથે કામ કરતાં સંગઠનોએ તેમને સામાજિક સલામતી પૂરી પાડવા નવતર વ્યવસ્થાઓ ઊભી કરી છે. મધ્ય ભારતમાં એક સંગઠને ખેત મજૂરોને માટે વીમા યોજના બનાવી છે. તેમાં પ્રિમિયમ તરીકે તેઓ જે બાજરી કે જુવાર પકવે છે તે લેવામાં આવે છે. તે જમીનના ધારણના કદ અનુસાર નક્કી કરવામાં આવ્યું છે. આ વીમા આવરણ મેડિકલ કોલેજ દ્વારા જે સ્થાનિક હોસ્પિટલ ચલાવવામાં આવે છે તેની સાથે સાંકળવામાં આવ્યું છે. બીજી કેટલીક સંસ્થાઓએ વીમાના પ્રિમિયમની ચુકવણીને બચત અને ધિરાણ સાથે સાંકળ્યું છે.

**જુઓ પૃષ્ઠ ૩૬**

# સામાજિક સલામતીઃ વિભાવના અને વ્યવહાર

ગરીબોની ગરીબી, વંચિતતા અને અસહાયતા દૂર કરવાનો એક અગત્યનો ઉપાય સામાજિક સલામતીનો છે. આવી સલામતી એટલે શું, તે કોણ પૂરી પાડે અને કેવી રીતે પૂરી પાડે તે પાયાના પ્રશ્નો છે. ભારતમાં સરકાર અને બિન-સરકારી સંગઠનો સામાજિક સલામતી માટે જે પ્રકારની યોજનાઓ ચલાવે છે તેનો ખ્યાલ આ લેખમાં **શ્રી બિનોય આચાર્ય** અને **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા આપવામાં આવ્યો છે. ઉપરાંત, તેમાં સામાજિક સલામતીની વિભાવના સ્પષ્ટ કરીને અસંગઠિત ક્ષેત્ર માટે તે શા માટે અનિવાર્ય છે અને કયાં ભાવિ પગલાં લેવાં જોઈએ તેની પણ ચર્ચા કરવામાં આવી છે.

### પ્રસ્તાવના

સલામતી કે સુરક્ષાનો અર્થ સામાન્ય રીતે રક્ષણ સાથે જોડાયેલો છે. દેશનું રક્ષણ, ઘરનું રક્ષણ, ધનનું રક્ષણ વગેરે સાથે આ ખ્યાલ જોડાયેલો છે તેથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદો અને વ્યવસ્થા તથા લશ્કરી કાર્યવાહી સાથે તેનો સંબંધ છે એમ માનવામાં આવે છે. પરંતુ સલામતીમાં કે સુરક્ષામાં સામાજિક સલામતીનો પણ સમાવેશ થાય છે એ ખ્યાલ રાજ્યની ભૂમિકા બદલાવાની સાથે ઊભો થયો છે. સમગ્ર સમાજ તેના તમામ સભ્યોની કાળજી લે એ ખ્યાલ સામાજિક સલામતીનો પાયો છે. આવી સામાજિક સલામતી ઊભી કરવા માટે દરેક વ્યક્તિએ તેમાં ફાળો આપવો પડે છે. જેવી જેની શક્તિ તેવો ફાળો તે આપે. જે વ્યક્તિ બિલકુલ ફાળો આપી શકે તેમ નથી તેની સામાજિક સલામતીના ખર્ચનું વહન સમાજ કરે, સમાજના પ્રતિનિધિ તરીકે એટલે કે એક સામાજિક સંસ્થા તરીકે રાજ્ય કરે.

ધનવાન દેશોમાં પણ રાજ્ય 'કલ્યાણ રાજ્ય' તરીકેની ભૂમિકા તો ભજવે જ છે. તેથી ભારત જેવા વિકસતા દેશોમાં રાજ્યની સામાજિક સલામતી પૂરી પાડવા માટેની જવાબદારી વધી જાય છે. પણ વિકસતા દેશોમાં પણ સામાજિક સલામતીની વ્યવસ્થા વધુ ને વધુ પ્રમાણમાં સંગઠિત ક્ષેત્રના લોકો પૂરતી મજબૂત રહી છે અને અસંગઠિત ક્ષેત્રના લોકો મહદંશે આ લાભથી વંચિત રહ્યા છે અથવા તો તેમને જેટલો લાભ મળવો જોઈએ તેટલો લાભ મળતો નથી. દા.ત. ભારત સરકાર તેના ૩૬ લાખ કર્મચારીઓ માટેની પેન્શન યોજના પાછળ દર વર્ષે લગભગ ૬૦૦૦ કરોડ રૂ. ખર્ચે છે પણ અસંગઠિત ક્ષેત્રના તેનાથી ૫૦ ગણા વધુ વૃદ્ધ લોકો માટેની પેન્શન યોજના માટે આ રકમના વીસમા ભાગ જેટલી રકમ પણ ખર્ચતી નથી.

ગરીબો અસંગઠિત હોય છે. ભારતમાં ૯૩ ટકા કામદારો અસંગઠિત છે અને તેમની સામાજિક સલામતી માટેની યોજનાઓ સરકારો ઘડે પણ છે અને છતાંય આ યોજનાઓ ખૂબ જ અપૂરતો લાભ આપે છે અને ખૂબ જ ઓછી સંખ્યામાં લાભાર્થીઓને આવરી લે છે એ એક નક્કર હકીકત છે. આથી જ બિન-સરકારી સંગઠનોએ પણ અસંગઠિત ક્ષેત્રના લોકો માટે તેમનાં કાર્યક્ષેત્રોની અંદર સામાજિક સલામતીની યોજનાઓ ઘણા સમયથી શરૂ કરી છે. આ બંને પ્રકારની યોજનાઓનું સંકલન થાય અને ગરીબો અને નિરાધાર લોકો સુધી તેમનો લાભ પહોંચે તે જરૂરી છે. જો એમ થાય તો જ ગરીબોની અસહાયતા ઘટે અથવા દૂર થાય.

ભારતમાં ગ્રામ વિસ્તારોમાં નાના અને સીમાન્ત ખેડૂતો, ખેત મજૂરો, કારીગરો, નાના માછીમારો, મહિલાના વડપણ હેઠળનાં કુટુંબો વગેરે આવાં અસહાય જૂથોમાં આવે છે. શહેરી વિસ્તારોમાં નાનો વેપાર કરનારા ફેરિયાઓ, રેંકડી ચલાવનારા, બાળ મજૂરો, રોજમદારો, કારીગરો, ઘરેલૂ કામદારો, નાના સાહસિકો વગેરે આવા અસહાય જૂથોનો ભાગ છે. તેઓ ઘણી વાર કાયમીપણે અસહાયતા ભોગવતા હોય છે તો ઘણી વાર આકસ્મિકપણે અસહાયતા ભોગવતા હોય છે. ઘણી વાર એમ પણ બને છે કે આકસ્મિક અસહાયતા કાયમી અસહાયતામાં પણ પરિણમે છે. આવી વ્યક્તિગત અસહાયતા દૂર કરવી એ સામાજિક જવાબદારી છે. એવા ખ્યાલમાંથી જ સામાજિક સલામતી વિવિધ યોજનાઓ દ્વારા પૂરી પાડવી એવો ખ્યાલ ઊભો થયો છે.

### સામાજિક સલામતી એટલે શું?

વિવિધ સંગઠનોએ 'સામાજિક સલામતી' (સોશ્યલ સિક્યુરિટી)ની જુદી જુદી વ્યાખ્યાઓ આપી છે અને તેનાં જુદાં જુદાં અર્થઘટનો કર્યાં છે. આ અંગે 'આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન' (ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન - આઈએલઓ) દ્વારા ૧૯૮૯માં જે વ્યાખ્યા આપવામાં આવી છે તે આ મુજબ છે: "સામાજિક સલામતી એટલે સમાજ તેના સભ્યોને સામાજિક અને આર્થિક કે અન્યથા માંદગી, પ્રસૂતિ, રોજગારીનો વિચ્છેદ, બેકારી, અક્ષમતા, વૃદ્ધત્વ, મૃત્યુને પરિણામે કમાણીમાં રુકાવટ કે મોટા ઘટાડાને કારણે ઊભી થતી દુર્દશા સામે પૂરાં પાડે તે રક્ષણ, તબીબી સંભાળની જોગવાઈ અને બાળકો સાથેનાં કુટુંબો માટે સબસિડીની જોગવાઈ".

ઘણા લોકો એમ માને છે કે આ વ્યાખ્યા અધૂરી છે અને અપૂરતી છે. એનું કારણ એ છે કે એમાં એવી ધારણા કરી લેવામાં આવી છે કે મોટા ભાગના લોકો રોજગારી ધરાવે છે અને તેમાંથી થતી કમાણીમાંથી તેઓ તેમની પાયાની જરૂરિયાતો પૂરી કરી લે છે. પરંતુ ખાસ કરીને વિકસતા દેશોમાં આવું નથી. મોટા ભાગના લોકો જે કામ કરીને રોજી રળે છે એ કામ તૂટક તૂટક અને છૂટક છૂટક હોય છે, અસલામત હોય છે અને સામાજિક સલામતી માટેનું ખર્ચ ભાગ્યે જ તેમાંથી નીકળી શકે તેમ હોય છે. આ સંદર્ભમાં બીજી બે વ્યાખ્યાઓ અગત્યની છે:

**(૧) આર. કે એ. સુબ્રમણ્યા**

સુબ્રમણ્યાની વ્યાખ્યા (૧૯૯૪) આ મુજબ છે: "સામાજિક સલામતી સમગ્ર સમુદાય દ્વારા તેના સભ્યોને આપવામાં આવતી, તેમના જીવનધોરણના નિભાવની અથવા રાષ્ટ્રીય એકતા ઉપર આધારિત આવકની પુનર્વહેંચણીનાં સાધનો દ્વારા કમ-સે-કમ સહ્ય જીવન સ્થિતિની બાંયધરી છે. બીજા શબ્દોમાં કહીએ તો, સામાજિક સલામતીના ખ્યાલને વ્યાપક સંદર્ભમાં એ રીતે સમજવો જોઈએ કે તે સમાજ દ્વારા વ્યક્તિને પૂરો પાડવામાં આવતો ટેકો છે કે જેનાથી તે વાજબી જીવનધોરણ પ્રાપ્ત કરી શકે છે અને કોઈ પણ આકસ્મિક સંજોગોમાં તેમાં થતા ઘટાડા સામે રક્ષણ આપી શકે છે."

**(૨) આઈ. પી. ગેતુબિગ**

આઈ.પી. ગેતુબિગ ૧૯૯૨માં આ મુજબ સામાજિક સલામતીની વ્યાખ્યા આપી હતી: "સમાજના સભ્યો તેમની પાયાની જરૂરિયાતો (પૂરતું પોષણ, આવાસ, આરોગ્ય સંભાળ, પીવાનું ચોખ્ખું પાણી વગેરે)ને પહોંચી વળે, તેમ જ આકસ્મિકતા (માંદગી, અપંગતા, મૃત્યુ, બેકારી અને વૃદ્ધત્વ) સામે રક્ષણ મેળવે અને સામાજિક ધોરણો સાથે સુસંગત એવું જીવનધોરણ નિભાવવા તેમને શક્તિમાન બનાવે તેવી કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિઓ કે પગલાં."

ઉપરોક્ત વ્યાખ્યાઓ સામાજિક સલામતીના ખ્યાલને વ્યાપક બનાવે છે અને તેનાં રક્ષણાત્મક તેમ જ પ્રોત્સાહક પાસાંને ઉજાગર કરે છે. તેમાં ઘટતા જતા જીવનધોરણ સામે રક્ષણ મેળવવાનો તો સમાવેશ થાય છે જ પણ સાથે સાથે સામાન્ય જીવન સ્થિતિના નિભાવનો સમાવેશ પણ થાય છે. સામાજિક સલામતીની આદર્શ વ્યવસ્થા કેવી હોઈ શકે અને અસંગઠિત ક્ષેત્રને વધુ લાભ કેવી રીતે મળી શકે તેની રજૂઆત આ સાથેના કોઠા નં.૧માં કરવામાં આવી છે.

### કોઠા નં. ૧
### આદર્શ સામાજિક સલામતી વ્યવસ્થા કેવી હોય?

ખાસ કરીને અસંગઠિત ક્ષેત્ર માટે સામાજિક સલામતીની આદર્શ વ્યવસ્થા માટેના માપદંડો નીચે મુજબના હોઈ શકે:

**(૧) આર્થિક અને સામાજિક સલામતી:**

સામાજિક સલામતીની યોજનાઓને આર્થિક સલામતીનાં તત્ત્વો સાથે સાંકળવી જોઈએ. એટલે કે તેને રોજગારી, આવક અને અસ્કામત સાથે સંબંધ હોવો જોઈએ. આ યોજનાઓ વિસ્તરે અને વધુ લોકોને તે આવરી લે તે પ્રકારની હોય એ ઈચ્છનીય છે.

**(૨) અભિગમમાં બહુલતા:**

અસંગઠિત ક્ષેત્રમાં રોજગારીની તરાહના પ્રકારો જુદા જુદા હોય છે. તેથી સામાજિક સલામતીની એક જ પ્રકારની વ્યવસ્થા બધે લાદવાનો પ્રયાસ ના કરવો જોઈએ. કેટલીક બાબતોમાં કલ્યાણલક્ષી ભંડોળની વ્યવસ્થા વધારે યોગ્ય લાગે તો, કેટલાક કિસ્સામાં સહકારી મંડળીઓ વધારે ઉપયોગી થાય. જો કે, કોઈ પણ યોજના કે કાર્યક્રમ વિકેન્દ્રિત ઢબે ચાલવાં જોઈએ કે જેથી સ્થાનિક શક્તિઓનો ઈષ્ટતમ ઉપયોગ થઈ શકે. આ અભિગમથી મહત્તમ સંખ્યાની યોજનાઓથી મોટી સંખ્યામાં અસંગઠિત ક્ષેત્રના કામદારો સુધી પહોંચી શકાય છે.

**(૩) પ્રવર્તમાન સ્થાનિક શક્તિનો ઉપયોગ:**

અસંગઠિત ક્ષેત્ર માટે જે કાર્યક્રમો ચાલતા હોય તેમની તાકાત અને નબળાઈઓ પારખવાં જોઈએ. નબળાઈઓ દૂર થાય તે માટે વર્તમાન તાકાત વધે તેમ કરવું જોઈએ. સરકાર દ્વારા ચાલતા કાર્યક્રમો વધારે લોકો સુધી પહોંચે છે અને નાણાં પ્રાપ્ય હોય છે. જ્યારે બિન-સરકારી સંગઠનો દ્વારા ચાલતી યોજનાઓ પ્રતિભાવાત્મક, સમયસર સેવા પૂરી પાડનારી અને ઓછી ખર્ચાળ હોય છે.

## સરકારી યોજનાઓ

ભારતમાં રાજ્ય સરકારો અને કેન્દ્ર સરકારે અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે પણ વિવિધ પ્રકારની સામાજિક સલામતી યોજનાઓ ઘડી છે. તેમનો અમલ સરકારોના વિવિધ વિભાગો કરે છે. કોઠા નં.૨માં ભારતમાં સામાજિક સલામતીની જે વિવિધ યોજનાઓ વિવિધ સ્તરે અને વિવિધ લોકો માટે ચાલે છે તેને જુદાં જુદાં મોડેલના સ્વરૂપમાં રજૂ કરવામાં આવી છે. રાજ્ય સરકારો, કેન્દ્ર સરકાર, સરકારો દ્વારા રચાયેલાં બોર્ડ્ઝ અને વીમા કંપનીઓ કેવી રીતે અસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સલામતી પૂરી પાડે છે તેનો ખ્યાલ આ કોઠામાંથી આવે છે. સરકારી યોજનાઓ ઘણી છે અને તે ઘણા લોકોને આવરી લેનારી છે પણ છતાં અપૂરતી છે એ એક હકીકત છે.

## કોઠા નં. ૨
## સામાજિક સલામતીનાં મોડેલ

| મોડેલ | લાભનું સ્વરૂપ | લાભાર્થીઓ | વહીવટી/નાણાકીય વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧. માલિકની જવાબદારી | ૧. કામદારને વળતર<br>૨. માતૃત્વ લાભ<br>૩. ગ્રેજ્યુઈટી<br>૪. છટણીનું વળતર | સંગઠિત ક્ષેત્રના કામદારો | માલિકો સંચાલન કરે છે અને તેઓ જ નાણાંની ચુકવણી કરે છે. |
| ૨. સામાજિક વીમો | ૧. તબીબી સંભાળ<br>૨. માંદગીના લાભ<br>૩. માતૃત્વ લાભ<br>૪. વ્યવસાયજન્ય ઈજા | સંગઠિત ક્ષેત્રના કામદારો | કામદાર રાજ્ય વીમા નિગમ (ઈએસઆઈસી) દ્વારા વહીવટ. પરંતુ તેમાં માલિકો, કામદારો અને જે તે રાજ્ય સરકારનો ફાળો. |
| | ૧. વૃદ્ધત્વ લાભ<br>૨. અક્ષમતા લાભ<br>૩. વારસને લાભ<br>૪. ભવિષ્ય નિધિ (પીએફ) | ૧. સંગઠિત ક્ષેત્રના કામદારો<br>૨. અસંગઠિત ક્ષેત્રના કેટલાક કામદારો | કેન્દ્રીય ટ્રસ્ટી બોર્ડ દ્વારા વહીવટ. પરંતુ તેમાં માલિકો, કામદારો અને કેન્દ્ર સરકારનો ફાળો. |
| ૩. સામાજિક સહાય<br>અ. કલ્યાણ ભંડોળ<br>- કેન્દ્ર સરકાર | ૧. તબીબી સંભાળ, શિક્ષણ<br>૨. ઘર, પાણી પુરવઠો<br>૩. શિક્ષણ, વૃદ્ધત્વ લાભ<br>૪. વારસા લાભ | ૧. ખાણ કામદારો<br>૨. બીડી કામદારો<br>૩. ફિલ્મ કામદારો<br>૪. બાંધકામ કામદારો | ખાતાકીય વહીવટ અને સેસના સ્વરૂપે વિશેષ લેવી દ્વારા નાણાંની પ્રાપ્તિ |
| આ. કેરળ સરકારનાં કલ્યાણ ભંડોળ | વ્યાપક લાભો: વૃદ્ધત્વ લાભ, તબીબી સંભાળ, શિક્ષણ, લગ્ન માટે સહાય, ઘર વગેરે | હાથસાળ કામદારો, કાથી કામદારો, વગેરે જેવા અસંગઠિત ક્ષેત્રના કામદારો | સ્વાયત્ત બોર્ડ દ્વારા વહીવટ અને માલિકો, કામદારો તથા અન્યો દ્વારા ફાળો |
| ઈ. સહાયિત વીમો | ૧. વારસા લાભ<br>૨. અક્ષમતા લાભ | ખેત મજૂરો, હાથસાળ મજૂરો વગેરે જેવાં કામદારોનાં અસહાય જૂથો | એલઆઈસી અને જીઆઈસી દ્વારા વહીવટ તથા કેન્દ્ર અને રાજ્ય સરકારનો ફાળો |
| ઉ. સામાજિક સહાયનાં અન્ય સ્વરૂપે | ૧. વૃદ્ધત્વ લાભ<br>૨. માતૃત્વ લાભ<br>૩. વારસા લાભ<br>૪. રોજગારી માટે સહાય<br>૫. તાલીમ<br>૬. શિક્ષણ વગેરે | રોજગારીના બજારની બહારની વ્યક્તિઓ અને ગરીબીની રેખા નીચે જીવતા લોકો, ઘરવિહોણાઓ, અનાથો, ત્યક્તા અને છૂટાછેડાવાળી સ્ત્રીઓ, વિધવાઓ, વિકલાંગો, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો વગેરે | ખાતાકીય વહીવટ અને સરકારની આવકમાંથી ખર્ચ |

## કોઠા નં. ૩
## બાંધકામ કામદારો માટેની યોજના

**૧. લાભાર્થી તરીકેની નોંધણી**

**(૧) લાભઃ** જે બાંધકામ કામદાર આ કાયદા હેઠળ લાભાર્થી તરીકે નોંધાશે તે બોર્ડના ભંડોળમાંથી અપાતા લાભ મેળવવા માટે હકદાર રહેશે.

**(૨) નોંધણીની લાયકાતઃ**
(૧) જેની ઉંમર ૧૮થી ૬૦ વર્ષની વચ્ચેની હોય તેવો બાંધકામ કામદાર પોતાની નોંધણી કરાવી શકે. (૨) તે કોઈ પણ પ્રકારના બાંધકામમાં કામ કરતો હોય. (૩) છેલ્લા ૧૨ માસના ગાળા દરમ્યાન તે ૯૦ દિવસથી વધુ સમય માટે કામમાં હોય.

**(૩) નોંધણીની અરજીઃ**
(૧) બાંધકામ કામદારે નિર્ધારિત પત્રકમાં નોંધણી માટે અરજી કરવાની રહેશે. (૨) બોર્ડ દ્વારા અધિકૃત અધિકારીને તે અરજી કરવાની રહેશે. (૩) અરજી સાથે જરૂરી દસ્તાવેજો જોડવા. (૪) નોંધણી માટેની ફી ૫૦ રૂ.થી વધુ હોવી જોઈએ નહિ. (૫) અરજી કરનારને રજૂઆતની તક આપ્યા વિના અરજી ફગાવી શકાશે નહિ. (૬) કાયદાની જોગવાઈ મુજબ અરજી થઈ હશે તો બાંધકામ કામદાર લાભાર્થી તરીકે નોંધાશે.

**૨. ઓળખપત્ર**

(૧) બોર્ડ દરેક લાભાર્થી બાંધકામ કામદારને એક ઓળખપત્ર આપશે. (૨) ઓળખપત્ર પર બાંધકામ કામદારનો ફોટો ચોંટાડેલો હશે. (૩) બાંધકામ મજૂર દ્વારા કરાયેલા કામની નોંધ તેમાં થાય તેટલી જગ્યા તેમાં રખાઈ હશે. (૪) દરેક માલિકે તેમાં તેના દ્વારા કરાયેલા કામની નોંધ કરી તેમાં સહી કરીને તેને તે પરત આપવાનું રહેશે. (૫) સરકારી કે બોર્ડના કોઈ અધિકારી, કોઈ ઈન્સ્પેક્ટર કે ઈન્સ્પેક્શન કરનાર અન્ય કોઈ વ્યક્તિ માગે ત્યારે બાંધકામ મજૂરે પોતાનું ઓળખપત્ર બતાવવાનું રહેશે.

**૩. બાંધકામ કામદારોનો ફાળો**

(૧) લાભાર્થી તરીકે નોંધાયેલા બાંધકામ મજૂરે રાજ્ય સરકાર નક્કી કરે તે દરે દર મહિને ભંડોળમાં ફાળો આપવાનો રહેશે. (૨) જુદા જુદા પ્રકારના બાંધકામ કામદારો માટે ફાળાનો દર જુદો જુદો હોઈ શકે છે. (૩) આ ફાળા અંગે સરકાર સત્તાવાર ગેઝેટમાં તેનું જાહેરનામું બહાર પાડે. (૪) કોઈ લાભાર્થી તેની નાણાકીય સ્થિતિને કારણે ફાળો આપી શકે તેવી સ્થિતિમાં નથી એમ જો બોર્ડને લાગે તો બોર્ડ એક સાથે વધુમાં વધુ ત્રણ માસ સુધી ફાળામાંથી માફી આપી શકે છે. (૫) લાભાર્થી તેના માલિકને પોતાના માસિક વેતનમાંથી આ ફાળો કાપી લેવાનું કહી શકે છે. (૬) માલિકે આ રીતે કરેલી કપાત બોર્ડમાં ૧૫ દિવસમાં ભરવાની રહેશે. (૭) જો લાભાર્થી સતત એક વર્ષથી વધુ સમય માટે ફાળો ના આપે તે લાભાર્થી રહેશે નહિ. (૮) જો બોર્ડના સચિવને એમ લાગે કે ફાળો ન આપવા પાછળ વાજબી કારણ છે અને બાંધકામ મજૂર ફાળો ચૂકવવા તૈયાર છે તો તેને બાકીની રકમ ભરવા કહી શકાય. આવી રકમ ભરાઈ જાય પછી તેની નોંધણી ફરી ચાલુ થશે.

**૪. રાજ્ય કલ્યાણ બોર્ડ**

**(૧) રચનાઃ**
દરેક રાજ્યમાં રાજ્ય સરકાર મકાન અને અન્ય બાંધકામ કામદાર કલ્યાણ બોર્ડની રચના કરશે.

**(૨) સત્તા અને કાર્યોઃ**
આ કાયદા હેઠળ નક્કી કરાયેલાં કાર્યો આ બોર્ડ કરશે અને તેને તે સત્તાઓ હશે.

**(૩) અધ્યક્ષ અને સભ્યોઃ**
(૧) કેન્દ્ર સરકાર બોર્ડના અધ્યક્ષની નિમણૂક કરશે. (૨) રાજ્ય સરકાર તેમાં વધુમાં વધુ ૧૫ સભ્યોની નિમણૂક કરશે. (૩) રાજ્ય સરકાર, માલિકો અને બાંધકામ મજૂરોના પ્રતિનિધિઓ તેમાં સરખી સંખ્યામાં હશે. (૪) બોર્ડમાં કમ-સે-કમ એક સભ્ય મહિલા હશે.

**(૪) બોર્ડનાં કાર્યોઃ**
(૧) લાભાર્થીને અકસ્માતના સંજોગોમાં તરત સહાય આપવી. (૨) ૬૦ વર્ષની વય વટાવી ગયેલાને પેન્શન આપવું. (૩) લાભાર્થીને ઘર બાંધવા માટે લોન આપવી. તે માટેની રકમ અને શરતો નક્કી કરવાં. (૪) જૂથ વીમા યોજના માટેનું પ્રિમિયમ ચૂકવવું. (૫) લાભાર્થી કે તેના આશ્રિતની કોઈ મોટી બીમારીની સારવારનો ખર્ચ ઉઠાવવો. (૬) મહિલા લાભાર્થીઓને માતૃત્વ લાભ આપવો. (૭) કલ્યાણકારી પગલાં અને સવલતોની જોગવાઈ કરવી.

## કોઠા નં. ૪
## રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ

'રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ' (નેશનલ સોશ્યલ આસિસ્ટન્સ પ્રોગ્રામ - એનએસએપી) ને ૧૯૯૫-૯૬ના અંદાજપત્રથી શરૂ કરવામાં આવ્યો. ગ્રામ વિકાસ મંત્રાલયના સચિવના અધ્યક્ષપદ હેઠળની એક સમિતિએ આ કાર્યક્રમની વિગતો તૈયાર કરી હતી. તેણે તે માટે રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સાથે ચર્ચા-વિચારણા કરી હતી. આ યોજનાનો અમલ ૧૫.૮.૧૯૯૫થી શરૂ થયો. આ કાર્યક્રમમાં ત્રણ યોજનાઓનો સમાવેશ થાય છે: (૧) રાષ્ટ્રીય વૃદ્ધત્વ પેન્શન યોજના. (૨) રાષ્ટ્રીય પરિવાર લાભ યોજના. (૩) રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના. આ કાર્યક્રમ ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના છે. તેનાં ધોરણો, માર્ગરેખાઓ અને શરતો કેન્દ્ર સરકારે નિર્ધારિત કર્યાં છે. વૃદ્ધત્વ, પરિવારમાં આવક રળનાર વ્યક્તિનું મૃત્યુ અને માતૃત્વના કિસ્સામાં ગરીબ પરિવારોને સામાજિક સહાયનો લાભ આપવા માટે આ કાર્યક્રમ શરૂ કરાયો છે. આ કાર્યક્રમ લઘુતમ રાષ્ટ્રીય ધોરણો ઊભાં થાય તેવું ધ્યેય ધરાવે છે. રાજ્યો પોતાની જે યોજનાઓ ધરાવે છે તે ઉપરાંત આ કાર્યક્રમ વધારાના લાભ આપીને લઘુતમ રાષ્ટ્રીય ધોરણો ઊભાં કરવા માગે છે. દેશમાં સૌને સમાન રીતે સામાજિક સુરક્ષા પ્રાપ્ત થાય તે તેનો હેતુ છે. રાજ્ય સરકારોએ પોતે આ કાર્યક્રમ જેવા જ પોતાના કાર્યક્રમો બંધ કરી દેવાની જરૂરિયાત નથી પણ તેઓ આ કાર્યક્રમ ઉપરાંત પોતાની યોજનાઓનો અમલ કરી શકે છે. ગરીબી નિવારણ માટેની અને પાયાની જરૂરિયાતો પૂરી પાડવા માટેની જે અન્ય યોજનાઓ ચાલે છે તેના સાથે આ કાર્યક્રમને જોડવાની તક પણ મળે છે. ખાસ કરીને, વૃદ્ધત્વ પેન્શન યોજનાને ગરીબો તથા વૃદ્ધો માટેની તબીબી સંભાળ કે અન્ય લાભો અંગેની જે યોજનાઓ છે તેની સાથે સાંકળી શકાય છે. જો ગરીબ પરિવારમાં જીવનનિર્વાહ કમાનાર વ્યક્તિનું મૃત્યુ થાય તો તેને આ કાર્યક્રમ હેઠળના લાભ મળે તે ઉપરાંત, 'સંકલિત ગ્રામ વિકાસ કાર્યક્રમ' અને 'નેહરુ રોજગાર યોજના' હેઠળ પણ આવરી લેવાઈ શકે છે. માતૃત્વ સહાય માતા અને બાળકની સંભાળ સાથે જોડાઈ શકે છે અને સગર્ભા માતાઓને વધુ સારો આહાર પૂરો પાડવાની જોગવાઈ તેમાં થઈ શકે છે.

આ યોજનાનો અમલ પંચાયતો અને નગરપાલિકાઓ કરશે કે જેથી તે વધુ પ્રતિભાવાત્મક બને અને ઓછી ખર્ચાળ બને. પંચાયતો અને નગરપાલિકાઓને તે માટે મજબૂત બનાવાશે. તેઓ સરકારમાંથી મળતા લાભો માટે પૂરક નાણાં એકત્ર કરવા માટે પણ પ્રયત્ન કરી શકે છે. શક્ય હોય ત્યાં સુધી સ્વૈચ્છિક સંસ્થાઓને આ લાભ ગરીબો સુધી પહોંચાડવા માટે સામેલ કરવા પંચાયતો અને નગરપાલિકાઓને પ્રોત્સાહન અપાશે. જો કે, અમલની જવાબદારી પંચાયતો અને નગરપાલિકાઓની જ રહેશે.

આ યોજનામાં સહાયની શરતો નીચે મુજબ રહેશે:

(૧) રાષ્ટ્રીય વૃદ્ધત્વ પેન્શન યોજના: લાભાર્થી દીઠ દર મહિને રૂ. ૭૫.

(૨) રાષ્ટ્રીય કૌટુંબિક લાભ યોજના: જે કુટુંબમાં મુખ્ય કમાનાર વ્યક્તિનું મૃત્યુ થાય તેને રૂ. ૧૦૦૦૦ની સહાય.

(૩) રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના: પ્રથમ બે બાળકોના જન્મ દરમ્યાન દરેક સગર્ભાવસ્થા દીઠ રૂ. ૫૦૦.

---

આવી જ એક યોજના તાજેતરમાં જ અમલમાં મુકાઈ છે, અને તે બાંધકામ કામદારો માટે છે.

ભારતમાં બાંધકામ ઉદ્યોગ એક અગત્યનો ઉદ્યોગ છે. મકાનો, પુલો, રસ્તા, કારખાનાં, રેલવે, તંબુ, સ્ટેડિયમ વગેરે અનેક પ્રકારનાં બાંધકામ અને તેમનું સમારકામ આ ઉદ્યોગનો ભાગ છે. આ ઉદ્યોગમાંથી લાખો અસંગઠિત કામદારો દેશભરમાં રોજી મેળવે છે. આટલી મોટી સંખ્યામાં રોજી મેળવનારા કામદારો મોટે ભાગે અત્યાર સુધી માલિકો, કંપનીઓ અને ઠેકેદારોની મરજી મુજબ કામ કરતા હતા. તેમની સ્થિતિ અત્યંત દયનીય હતી અને આજેય છે. બાંધકામ ઉદ્યોગ દેશના આર્થિક વિકાસમાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે પણ તેમાં રોજી મેળવતા કામદારોનું કોઈ ધણીધોરી નથી.

આ સંદર્ભમાં ભારતની સંસદે ૧૯૯૬માં બાંધકામ કામદારોના કલ્યાણ માટે અને તેમને સામાજિક સલામતી પૂરી પાડવા બે કાયદા પસાર કર્યા છે. ગુજરાત સરકારે ઓગસ્ટ-૨૦૦૩માં તેમના નિયમો પણ ઘડી કાઢ્યા છે. આ અંગેની કેટલીક વિગતો કોઠા નં.૩માં આપવામાં આવી છે.

બાંધકામ કામદારો અસંગઠિત ક્ષેત્રના કામદારો છે. ગુજરાતમાં તો છૂટક બાંધકામ મજૂરી કરનારા મજૂરો મહદંશે આદિવાસી હોય છે. તેમના લાભાર્થે આ નવા કાયદા ઘડાયા છે અને તેમાં કલ્યાણ બોર્ડની રચના કરીને તેમને સામાજિક સલામતી પૂરી પાડવાનો પ્રયાસ કરાયો છે. આ તો એક ઉદાહરણ છે. આવી અનેક યોજનાઓ મારફતે અસંગઠિત ક્ષેત્રના કામદારોને સામાજિક સલામતી પૂરી

## કોઠા નં. ૫
## રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના

આ યોજનાનો અમલ 'રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ' (એનએસએપી)ના ભાગ તરીકે કરવામાં આવે છે. અગાઉ તેનો અમલ કેન્દ્રના ગ્રામ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવતો હતો. તેનો અમલ ૧૫.૮.૧૯૯૫થી શરૂ થયો હતો. ૨૦૦૧-૦૨થી તેનો અમલ કુટુંબ કલ્યાણ ખાતું કરે છે. આ યોજનાની વિગતો નીચે મુજબ છે:

(૧) સગર્ભા મહિલાઓને પ્રથમ બે બાળકોના જન્મ સુધી આ યોજનાનો લાભ મળે.
(૨) લાભાર્થી મહિલા ગરીબીની રેખા નીચે જીવતા કુટુંબની હોવી જોઈએ.
(૩) તેમાં સગર્ભા મહિલાને રૂ. ૫૦૦ની સહાય મળે છે.
(૪) સગર્ભા સ્ત્રીને પ્રસૂતિના ૧૨થી ૮ સપ્તાહ અગાઉ એક જ હપ્તામાં તે ચૂકવવામાં આવે છે.
(૫) જો કે, પ્રસૂતિ થયા પછી પણ લાભ આપી શકાય છે. તેને માટે સત્તાવાળાની મંજૂરી આવશ્યક છે.
(૬) બાળકને જન્મ સમયે પોલિયો અને બીસીજીની રસી અપાય અને છ સપ્તાહમાં ડીપીટીનો પ્રથમ ડોઝ અને પોલિયોની રસી અપાય એ ઈચ્છનીય છે.

પાડવાનો પ્રયાસ કરાય છે. કોઠા નં.૪માં 'રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ' અને કોઠા નં.૫માં 'રાષ્ટ્રીય માતૃત્વ લાભ યોજના'ની કેટલીક વિગતો આપવામાં આવી છે. વિભિન્ન રાજ્ય સરકારો પણ સામાજિક સલામતીની વિવિધ યોજનાઓ અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે ચલાવે છે. ગુજરાત સરકારની આવી કેટલીક યોજનાઓની વિગત કોઠા નં.૬માં આપવામાં આવી છે.

## બિન-સરકારી સંગઠનોની સામાજિક સલામતી માટેની યોજનાઓ

ભારતમાં બિન-સરકારી સંગઠનો અનેક પ્રકારની સામાજિક સલામતીની યોજનાઓ અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે ચલાવે છે. આરંભમાં બચત અને ધિરાણ કાર્યક્રમો ચલાવતાં આ સંગઠનોને સામાજિક કલ્યાણના કાર્યક્રમો ચલાવવાની જરૂરિયાત સમજાઈ હતી. આ કાર્યક્રમો અત્યારે જે તે સંગઠનના કાર્યક્ષેત્રમાં જ અમલી હોય છે અને તેમની પહોંચ મર્યાદિત હોય છે. આ સંદર્ભમાં તેમની યોજનાઓનાં લક્ષણો ધ્યાનમાં લેવા જરૂરી છેઃ

**(૧) લોકોનો સમાવેશ**

સામાજિક સલામતીનાં પગલાં જે લોકો માટે છે તે લોકોને યોજનાના અમલમાં સામેલ કરવામાં આવે છે. એટલે કે આ યોજનાઓ એવી હોય છે કે જે લોકોની જરૂરિયાતો અને સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ હોય છે.

**(૨) સરળતા**

બિન-સરકારી સંગઠનોએ જે પગલાં લીધાં છે તે ગરીબોને માટે કાર્યવાહીની બાબતમાં સરળ છે. તેઓ યોજનાને સમજે છે અને તેઓ પોતે શક્ય તેટલા વધારે પ્રમાણમાં યોજના ચલાવે છે. તેમને માટે લાભ મેળવવાનું સરળ છે.

**(૩) ગેરરીતિની શક્યતાઓ નથી**

લાભ માટેની યોજનાનો દુરુપયોગ થઈ શકતો નથી. એનું કારણ એ છે કે લોકો પોતે જ યોજનાનો અમલ કરે છે તેથી તેમાં પારદર્શિતા હોય છે અને લોકોને યોજનાની કાર્યવાહી અંગેની ખબર હોય છે.

**(૪) ઓછી-ખર્ચાળ**

બિન-સરકારી સંગઠનો સામાજિક સલામતીની જે યોજનાઓ અમલમાં મૂકે છે તે સરકારી યોજનાઓ કરતાં ઘણી ઓછી ખર્ચાળ હોય છે. એનું એક અગત્યનું કારણ એ છે કે જે સ્થાનિક સંસાધનો પ્રાપ્ય છે તેમનો સંપૂર્ણ ઉપયોગ કરવામાં આવે છે. વળી, જેઓ ગરીબોની સામાજિક સલામતી પ્રત્યે પ્રતિબદ્ધ છે તેમનો વ્યવસાયી અને તકનિકી ટેકો પણ મેળવવામાં આવે છે.

**(૫) લોકોનો ફાળો**

મોટે ભાગે બિન-સરકારી સંગઠનો દ્વારા ગરીબો માટે ચાલતી સામાજિક સલામતીની યોજનાઓ માટેનાં આરંભિક નાણાં દેશી-વિદેશી દાતા સંસ્થાઓ પાસેથી આવે છે. પણ સંગઠનો સમગ્ર યોજનાને સ્વાવલંબી બનાવવાનો પ્રયાસ કરે છે. પરિણામે ખર્ચની વસૂલાત થાય અને ભવિષ્યમાં એ યોજનાઓ ચલાવવા માટેનાં નાણાં એકત્ર થાય તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. જેઓ લાભાર્થીઓ છે તેઓ આવક સર્જનની પ્રવૃત્તિઓમાં સામેલ થાય છે અને તેમની ચુકવણીની ક્ષમતા વધે તે માટેના પ્રયાસો એ રીતે સંગઠનો કરે છે. લાભાર્થીઓ પોતે પણ યોજનાઓનું ખર્ચ ઉપાડી લેવા તૈયાર હોય છે.

ઉપરોક્ત લક્ષણો સાથેની જે સામાજિક સલામતીની યોજનાઓ ગરીબો માટે બિન-સરકારી સંગઠનો ચલાવે છે તે વિવિધ પ્રકારની હોય છે. આ વિવિધ પ્રકારની યોજનાઓ દ્વારા ગરીબ સ્ત્રીઓને કંઈક રાહત પૂરી પાડવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ યોજનાઓના પ્રકારો આ મુજબ છેઃ

**(૧) વીમા યોજનાઓ**

આ યોજનાઓ બે પ્રકારની હોય છે. એક પ્રકારની યોજનાઓ

**કોઠા નં. ૬**
**અસંગઠિત ક્ષેત્રના કામદારોની સામાજિક સલામતી માટેની**
**ગુજરાત સરકારની કેટલીક યોજનાઓનું ખર્ચ : ૨૦૦૩–૦૪**

| | બજેટ અંદાજ રૂ. લાખ |
|---|---|
| **૧. મહિલા અને બાળ વિકાસ વિભાગ** | |
| ૧. નિરાધાર વિધવાઓને પુનઃસ્થાપન માટે નાણાકીય સહાય | ૪૪૩૮ |
| ૨. કિશોરીઓ માટે કારકિર્દી અને સ્વવિકાસ માર્ગદર્શન કેન્દ્રો | ૧૬ |
| ૩. મહિલા માર્ગદર્શન કેન્દ્રો | ૬૫ |
| ૪. શાકભાજી વેચનાર મહિલાઓના સંગઠન માટે નાણાકીય સહાય | ૫ |
| ૫. નિરાધાર વિધવાઓ, ત્યક્તા અને છૂટાછેડા લીધેલી મહિલાઓને નાણાકીય રીતે આત્મનિર્ભર બનાવવા માટે નાણાકીય સહાય | ૧૦૦ |
| ૬. ખાસ પોષણ કાર્યક્રમ | ૬૬ |
| ૭. સંકલિત બાળ વિકાસ યોજના | ૬૫૮૬ |
| ૮. બાલિકા સમૃદ્ધિ યોજના | ૨૦૦ |
| ૯. વીમા યોજના | ૩૮ |
| **૨. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** | |
| ૧૦. બાળ મૃત્યુ નિવારણ અને સુરક્ષિત માતૃત્વ કાર્યક્રમ | ૧૩૫ |
| ૧૧. પ્રસૂતિ અને બાળ આરોગ્ય | ૨૫૨ |
| ૧૨. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૮૭૦૪ |
| ૧૩. સર્વગ્રાહી આરોગ્ય સંભાળ (ગરીબી નિવારણ) | ૧૩૯ |
| ૧૪. ૧૪ વર્ષની વય જૂથનાં બાળકોને તબીબી સહાય | ૧૦૫૨ |
| **૩. શ્રમ અને રોજગાર વિભાગ** | |
| ૧૬. બીડી કામદારોનું કલ્યાણ | ૧ |
| ૧૭. મજૂરોની સામાજિક સુરક્ષા | ૨ |
| ૧૮. ગ્રામીણ કામદારો માટે સામાજિક સુરક્ષા ફંડ | ૨૧૭ |
| ૧૯. મીઠા કામદાર કલ્યાણ પ્રવૃત્તિ | ૬ |
| ૨૦. બેરોજગાર કામદારોનું પુનર્સ્થાપન | ૬૫ |
| ૨૧. વેઠિયા મજૂરોનું પુનર્સ્થાપન | ૧ |

સ્રોતઃ ગુજરાત સરકારનું અંદાજપત્ર ૨૦૦૩-૦૪, અંદાજપત્ર પ્રકાશનો નં. ૧૧,૧૫,૨૭.

બિન-સરકારી સંગઠનો પોતાનાં ભંડોળમાંથી ચલાવે છે અને બીજા પ્રકારની યોજનાઓ એવી છે કે જે વીમા કંપનીઓ સાથે સંલગ્ન હોય છે, અથવા તો વીમા કંપનીઓ સાથે તે યોજનાઓ એવી રીતે જોડાયેલી હોય છે કે જેથી વિવિધ પ્રકારની રાહતોનું એક સંકલિત પેકેજ ગરીબોને મળે છે. તેમાં બચત મંડળીમાંથી લેવાનારી લોન માટે જામીનગીરી અપાય છે, કુટુંબમાં મૃત્યુ પ્રસંગે રાહત પૂરી પડાય છે, અકસ્માતો સમયે રાહત પૂરી પડાય છે, કુદરતી આપત્તિઓ સામે રાહત પૂરી પડાય છે, ઘર અને ઘરવખરીની હાનિના પ્રસંગે રાહત પૂરી પડાય છે, હોસ્પિટલમાં લેવાયેલી સારવારના ખર્ચમાં

**કોઠા નં. ૭**

**'સેવા'ની વીમા યોજનાનાં લક્ષણો**

'સેવા' દ્વારા હાલ 'વીમો સેવા' નામે જે વીમા યોજના ચલાવવામાં આવે છે તેનાં લક્ષણો આ મુજબ છે:

(૧) તે એક સંકલિત સામાજિક સલામતી યોજના છે. જીવન વીમા નિગમ (એલઆઈસી) અને રાષ્ટ્રીય વીમા નિગમ (એનઆઈસી)ના સહયોગમાં ચલાવાય છે.
(૨) સમાન જરૂરિયાતો અને સમાન જોખમો પર તે આધારિત છે.
(૩) તે મુખ્યત્વે 'સેવા'ના સભ્યો માટે છે.
(૪) તે થાપણ અને બચત સાથે પણ સંકળાયેલી છે.
(૫) ગ્રાહકોના પ્રતિભાવના આધારે તેનું પરીક્ષણ થાય છે અને તે અનુસાર તેમાં સુધારા થાય છે.
(૬) તે માંગ-પ્રેરિત છે. તે રીતે જ તે ઘડવામાં આવી છે.
(૭) તે સ્ત્રીઓ પર ધ્યાન કેન્દ્રિત કરનારી છે.
(૮) તેનું સભ્યપદ વૈકલ્પિક છે.
(૯) સ્વ-સહાય અને એકતાના સિદ્ધાંતો પર તે આધારિત છે.

રાહત પૂરી પડાય છે, સ્વ-રોજગારીનાં સાધનોને પહોંચેલી હાનિ નિમિત્તે પણ રાહત અપાય છે. ઉપરાંત, તેમાં જીવન વીમાની, અકસ્માતે મૃત્યુના વીમાની, વિધવાપણું થવાની રાહત પણ સમાવિષ્ટ હોય છે.

**(૨) અસ્કામતોની હાનિ સામે વળતર**

બચત અને ધિરાણ કાર્યક્રમોમાં સંકળાયેલાં ઘણાં બિન-સરકારી સંગઠનો ઉત્પાદક અસ્કામતોની હાનિ પ્રસંગે રાહત પૂરી પાડવા માટેની યોજનાઓ ચલાવે છે. તેમાં કુદરતી આપત્તિ, આગ, વ્યક્તિગત અકસ્માત અને કામ ગુમાવવાને લીધે થતા નુકસાન સામેનો વીમો હોય છે. ઉપરાંત, પશુઓનાં મૃત્યુના કિસ્સામાં વળતર પૂરું પાડવાની યોજનાનો પણ તેમાં સમાવેશ થાય છે. પશુઓની બીમારી સમયે પણ રાહત પૂરી પડાય છે.

**(૩) આરોગ્ય સંભાળની યોજનાઓ**

ગરીબ કુંટુબોની જીવનની સ્થિતિ સુધરે તે માટે આ પ્રકારની આરોગ્યલક્ષી યોજનાઓ ચલાવવામાં આવે છે. તેમાં આરોગ્ય શિક્ષણ, શારીરિક તપાસ, સગર્ભા સ્ત્રીની પ્રસૂતિ પહેલાં અને પ્રસૂતિ પછીની સારવાર, ધાત્રી માતાઓની સંભાળ, બાળ આરોગ્ય સંભાળ વગેરે માટેની યોજનાઓનો સમાવેશ થાય છે. નાની-મોટી તમામ બીમારીઓના કિસ્સામાં આ પ્રકારની

**કોઠા નં.૮**

**આરોગ્ય સલામતી અંગે 'સેવા'નો અભિગમ**

સલામતીનો વ્યાપક સંદર્ભ લક્ષમાં લઈએ તો તેમાં આરોગ્ય સલામતીનો સમાવેશ થઈ જાય છે. 'સેવા'એ આરોગ્ય સલામતી અંગે જે અભિગમ અપનાવ્યો છે તેનાં મુખ્ય તત્ત્વો નીચે મુજબ છે:

**(૧) આરોગ્ય સલામતીને કામની સલામતી સાથે સાંકળવી**
'સેવા' ખાતે જે તમામ આર્થિક પ્રવૃત્તિઓ ચાલે છે તેમાં એક ઘટક તત્ત્વ આરોગ્ય હોય અને આરોગ્યલક્ષી તમામ પ્રવૃત્તિઓ ઉત્પાદક જૂથો, કામદારોની વ્યાપાર સમિતિઓ, સ્વ-સહાય જૂથો અને તેમની આર્થિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી હોય.

**(૨) સ્થાનિક મહિલાઓનું ક્ષમતા વર્ધન**
ખાસ કરીને પરંપરાગત દાયણોનું ક્ષમતા વર્ધન કે જેથી તેઓ તેમનાં ગામો કે સમુદાયોના ઉઘાડપગા તબીબો બને.

**(૩) મહિલા-કેન્દ્રિત આરોગ્ય સંભાળ**
સ્થાનિક મહિલાઓ જ તે સંભાળે. તેમાં વ્યાવસાયિક આરોગ્ય, પ્રજનનલક્ષી આરોગ્ય, પ્રસૂતી સંબંધી આરોગ્ય, માનસિક આરોગ્ય અને પોષણ વગેરેનો સમાવેશ થાય.

**(૪) આરોગ્યની સાર્વજનિક સમસ્યાઓનો ઉકેલ**
ગરીબ કુટુંબોમાં ટીબી જેવી રોગોનું નિવારણ.

**(૫) આરોગ્ય અને કલ્યાણને પ્રોત્સાહન**
સભ્યોને આરોગ્ય વિષયક માહિતી પૂરી પાડીને અને આરોગ્યલક્ષી શિક્ષણ આપીને આરોગ્ય સુધારવું અને કલ્યાણ વધારવું.

**(૬) આરોગ્ય સેવાઓને વીમા સાથે સાંકળવી**
આરોગ્યની સેવા પૂરી પાડવી અને તે માટે વીમાનું છત્ર પૂરું પાડવું. સફાઈ અને સાક્ષરતા જેવી પાયાની સવલતો પૂરી પાડવી અને અન્ય વિકાસલક્ષી કાર્યક્રમો ચલાવવા.

**(૭) સ્વાવલંબન**
સ્ત્રીઓ પોતાની આરોગ્યલક્ષી પ્રવૃત્તિઓની માલિક બને, તેના પર અંકુશ ધરાવે અને તેનું સંચાલન કરે. તેમાં આર્થિક સંચાલનનો પણ સમાવેશ થાય.

યોજનાઓ રાહત પૂરી પાડનારી હોય છે. નિદાન માટેની સગવડનો પણ તેમાં સમાવેશ થાય છે.

**(૪) પશુ આરોગ્ય સંભાળ**

દૂધાળાં ઢોર તેમ જ ઘેટાં-બકરાં માટે આ પ્રકારની યોજનાઓનો અમલ થાય છે. જે તે ઢોર માટે તેમાં જુદી જુદી વ્યવસ્થા

## કોઠા નં. ૯
## સામુદાયિક નાણાકીય વ્યવસ્થાના અભિગમ

| પરંપરાગત અભિગમ | સેવાગ્રામનો અનુભવ |
|---|---|
| ૧.તેમાં સમાનતાને પ્રોત્સાહન આપવા ભાગ્યે જ કશું કરાય છે. તે ગરીબો અને બીમાર લોકો પર ભારે બોજો લાદે છે. | ૧.ક્ષમતા અનુસાર ફાળો આપવાનો સિદ્ધાંત છે. પણ જરૂરિયાત અનુસાર સેવાઓ આપવામાં આવે છે. આ એક સમતાવાદી વ્યવસ્થા છે. |
| ૨.તેમાં સ્થિરતાનો અભાવ છે અને સમુદાયના પ્રયાસોને મજબૂત કરવા તથા ટકાવવા કોઈક બાહ્ય ટેકાની તેને જરૂર પડે છે. | ૨.યોજના પોસાય તેવી હોય અને સ્વીકારાય તેવી હોય તો આવક સ્થિર થાય છે અને સમુદાય કાયમી ધોરણે તેમાં સામેલ થાય છે. |
| ૩.વ્યાવસાયિક રીતે સમજાય તેવી જરૂરિયાતોને પહોંચી વળવાને બદલે જેની સ્થાનિક સ્તરે ઊંચી માંગ છે તેને માટે આરોગ્યની સવલતો ઊભી કરવાની તેમાં તરફેણ કરવામાં આવે છે. | ૩.હોસ્પિટલે તેના પોતાના ખર્ચના ૨૫ ટકા રકમ ઊભી કરવાની હોય છે તેથી ડોક્ટરો વધુ પડતી દવાઓ આપવાનું પસંદ કરતા નથી. વળી, બાકીના ૭૫ ટકા ખર્ચ વ્યવસાયીઓનું જ હોય છે તેથી તેઓ ટોનિક અને ઈન્જેક્શનની માગણીઓને આડેધડ વશ થઈ જતા નથી. |
| ૪.સવલતોનો વધુ પડતો ઉપયોગ થવાનો ભય રહે છે. | ૪.સવલતો ઉપર લોકોનો નહિ પણ વ્યવસાયીઓનો અંકુશ હોય છે. અને તેથી વધુ પડતા ઉપયોગના ખતરાને ટાળી શકાય છે. |
| ૫.ગરીબ લોકો વચ્ચે આ ખ્યાલની સ્વીકૃતિ મેળવવાનું આસાન નથી. | ૫. યોજનાની જરૂરિયાત છે અને આ યોજના પોસાય તેવી છે એ બે બાબતો યોજનાના પ્રચાર-પ્રસાર માટે અગત્યની છે. |
| ૬.તે વ્યક્તિ કરતાં સમુદાયને વધુ લાભ આપવાનું વલણ ધરાવે છે. તેથી વ્યક્તિઓ તેમાં ભાગીદાર થવા માટે ઝડપથી તૈયાર થતી નથી. | ૬. આ વીમા યોજના વ્યક્તિલક્ષી છે. તેમાં જોખમને વહેંચવાનું તત્ત્વ છે અને તેથી ગરીબો તેમાં ભાગીદાર થવા તૈયાર હોય છે. |

કરવામાં આવે છે. તેમાં માત્ર પશુઓના આરોગ્યની જ કાળજી રાખવામાં આવે છે એવું નથી, પરંતુ તેમાં પશુઓનું દૂધનું ઉત્પાદન વધે તે માટેની સંભાળ પણ રાખવામાં આવે છે.

### (૫) ગરીબો માટે આવાસ

સામાન્ય રીતે ઘણા ગરીબો માટીનાં કાચાં ઘરોમાં રહેતા હોય છે. આવાં ઘરોમાં સામાન્યતયા બાથરૂમ કે જાજરૂની વ્યવસ્થા હોતી નથી. બિન-સરકારી સંગઠનોએ ગૃહનિર્માણના કાર્યક્રમો પણ હાથ ધર્યા છે, અને તે દ્વારા આવાસની સલામતી પૂરી પાડવામાં આવે છે. તેને માટે વ્યાજમુક્ત લોન પૂરી પાડવામાં આવે છે.

### (૬) નિરાધાર મહિલાઓનું પુનર્વસન

માનસિક અને શારીરિક તકલીફો, લગ્ન સંબંધોમાં તનાવ, અચાનક વૈધવ્ય અથવા છૂટાછેડા વગેરેને લીધે ઘણી સ્ત્રીઓ નિરાધાર થઈ જાય છે. તેમને માટે આવાસ, સંભાળ અને રોજગારીની તકની આવશ્યકતા હોય છે કે જેથી તેઓ આત્મગૌરવ સાથે જીવી શકે. નિરાધાર સ્ત્રીઓના પુનર્વસનનું કાર્ય લાંબા ગાળાનું હોય છે અને આરંભમાં તેમને માટેની સામાજિક સલામતીની યોજનાઓને બાહ્ય નાણાકીય ટેકો પૂરો પાડવાની આવશ્યકતા હોય છે.

### (૭) લગ્નવિહીન માતાઓ અને તેમની છોકરીઓનું પુનર્વસન

લગ્નવિહીન માતાઓનાં સ્ત્રી સંતાનો માટે શાળા ચલાવાય છે કે જેથી તેમને સમાજના મુખ્ય પ્રવાહમાં ભેળવી શકાય. લગ્નવિહીન માતાઓનાં બચત-ધિરાણ મંડળો બનાવાય છે અને તેમના દ્વારા તેમને સ્વ-રોજગારી પૂરી પાડવાનો અને આવક સર્જનની પ્રવૃત્તિઓ કરવાનો પ્રયાસ કરાય છે. વિવિધ

**કોઠા નં. ૧૦**
**આપત્તિ અને સામાજિક સલામતી**

| વર્તમાન વલણ | સંકલિત દૃષ્ટિકોણ |
|---|---|
| ૧. આપત્તિઓ અથવા સંઘર્ષોને અલગ ઘટનાઓ તરીકે જોવામાં આવે છે કે જે સામાજિક સલામતીની જરૂરિયાતોનો ભાગ નથી. | ૧. આપત્તિઓ અને સંઘર્ષોને વિકાસની સામાન્ય પ્રક્રિયાના ભાગ તરીકે જોવામાં આવે છે અને સામાજિક સલામતીમાં તેમનો સમાવેશ કરવામાં આવે છે. |
| ૨. સામાન્ય સમય દરમ્યાન આપત્તિ નિવારણ અને સામાજિક સલામતી વચ્ચેના સંબંધોનું વિશ્લેષણ ઓછું થાય છે. | ૨. સામાન્ય સમય દરમ્યાન સમાજ સાથેના સંબંધોનું વિશ્લેષણ મૂળભૂત બાબત છે. |
| ૩. તકનિકી, નાણાકીય અથવા કાયદો અને વ્યવસ્થાના ઉકેલો આપત્તિઓના નિવારણમાં કે સામાજિક સલામતી પૂરી પાડવામાં પ્રભુત્વ ધરાવે છે. | ૩. સમાજમાં સંબંધો અને માળખામાં પરિવર્તન લાવે તેવા ઉકેલો પર ભાર મૂકવામાં આવે છે. હેતુ લોકોની અસહાયતા ઘટાડવાનો અને તેમની ક્ષમતા વધારવાનો છે. |
| ૪. દરમ્યાનગીરીની વ્યૂહરચનાઓમાં કેન્દ્રીકૃત સંસ્થાઓનું વર્ચસ્વ હોય છે. લોકોની ભાગીદારી ઓછી હોય છે અને તેમને અસરગ્રસ્તો ગણવામાં આવે છે. | ૪. દરમ્યાનગીરીની વ્યૂહરચનાઓમાં વિકેન્દ્રિત સંસ્થાઓ અને અસરગ્રસ્તોની માલિકીની સંસ્થાઓનું પ્રભુત્વ હોય છે. દરમ્યાનગીરીની વ્યૂહરચનાઓમાં લોકભાગીદારી મહત્ત્વની છે. આપત્તિ નિવારણ અને સામાજિક સલામતીમાં લોકોને ભાગીદાર ગણવામાં આવે છે. |
| ૫. અમલકર્તા રાહત કે કલ્યાણ કે સામાજિક સલામતીની સંસ્થાઓ લોકો પ્રત્યે ઓછી જવાબદાર હોય છે, તેમની પ્રક્રિયા ઓછી પારદર્શી હોય છે. | ૫. અમલમાં જવાબદારી અને પારદર્શિતા ઉપર ભાર મૂકવામાં આવે છે. |
| ૬. ઘટના બને પછી રાહત અને સામાજિક સલામતી માટેની દરમ્યાનગીરી કરવામાં આવે છે. | ૬. સામાજિક સલામતીનો મૂળભૂત હેતુ જ આપત્તિઓ કે સંઘર્ષોનું નિવારણ છે. |
| ૭. દરમ્યાનગીરીનો હેતુ ઘટના પૂર્વેની પરિસ્થિતિ તરફ પાછા જવાનો છે. | ૭. આપત્તિઓ અને સંઘર્ષોની અસરગ્રસ્તોની સામાજિક સલામતી દ્વારા સામાજિક પરિવર્તનની તક તરીકે જોવામાં આવે છે. |

વ્યવસાયો માટે તાલીમ પૂરી પાડવાની કોશિશ પણ તેમાં કરવામાં આવે છે. તાલીમ પછી તેમને યોગ્ય રોજગારી શોધી આપવામાં પણ મદદ કરાય છે. લગ્ન માટે પણ તેમને મદદ કરવામાં આવે છે.

### (૮) વિકલાંગ સ્ત્રીઓનું પુનર્વસન

વિકલાંગ સ્ત્રીઓના પ્રત્યે માનથી જોવાય અને તેમને તુચ્છ ન ગણાય તે હેતુથી તેમના પુનર્વસનના ધ્યેય સાથે કેટલાંક બિન-સરકારી સંગઠનો સામાજિક સલામતીની યોજનાઓ તેમને માટે ચલાવે છે. તેમને જરૂરી શારીરિક સારવાર પૂરી પડાય છે અને વ્યાવસાયિક તાલીમ પૂરી પાડવામાં આવે છે. આ પ્રકારની યોજનાઓનો મુખ્ય ઈરાદો એ હોય છે કે તેઓ સમાજ પર બોજો ના બને.

### (૯) ત્યક્તા અને વૃદ્ધ સ્ત્રીઓની સંભાળ અને સલામતી

નાણાકીય કે અન્ય કોઈ કારણોસર ઘણી સ્ત્રીઓને છોડી દેવામાં આવે છે ત્યારે તેમની સામાજિક સલામતીની ઘણી મોટી સમસ્યાઓ ઊભી થાય છે. વૃદ્ધ સ્ત્રીઓની સામાજિક સલામતી પણ ઘણી વાર જોખમાય છે. તેમને માટે ખાસ કરીને વૃદ્ધાશ્રમ પ્રકારની સેવાઓ બિન-સરકારી સંગઠનો દ્વારા પૂરી પાડવામાં આવે છે. અન્ન, આવાસ અને દવાઓ પૂરી પાડવા માટે આ પ્રકારના વૃદ્ધાશ્રમો ચલાવવામાં આવે

છે. વૃદ્ધાશ્રમની નિવાસી સ્ત્રીઓને આર્થિક પ્રવૃત્તિઓ સાથે પણ જોડવામાં આવે છે. આવી યોજનાઓ માટે ઘણી વાર લાભાર્થીઓ પાસેથી ફાળો લેવાનું અઘરું બને છે ત્યારે બાહ્ય નાણાકીય દાન ઉપર જ આધાર રાખવો પડે છે.

**(૧૦) આર્થિક સલામતીની યોજનાઓ**

અસંગઠિત ક્ષેત્રમાં ગરીબ મહિલાઓને સામાજિક સલામતી પૂરી પાડવા માટેનું સૌથી મોટું સાધન આર્થિક સલામતી માટેની યોજનાઓ છે. અને આવી આર્થિક સલામતી અસંગઠિત ક્ષેત્રની સ્ત્રી કામદારના જીવનના દરેક તબક્કે જરૂરી હોય છે. આર્થિક સલામતી માટેની યોજનાઓનો હેતુ સ્ત્રીઓને આર્થિક સ્વાતંત્ર્ય બક્ષવાનો હોય છે, તેમનો સામાજિક દરજ્જો ઊંચો લઈ જવાનો હોય છે, નવી પેઢીની સ્ત્રીઓની ક્ષમતા વધારવાનો હોય છે અને તેમનામાં સ્વાવલંબન ઊભું કરવાનો હોય છે.

ઉપરોક્ત સંદર્ભમાં 'સેલ્ફ એમ્પ્લોઈડ વિમેન્સ એસોસીએશન' (સેવા) દ્વારા જે કેટલીક સામાજિક સલામતીની યોજનાઓ અસંગઠિત ક્ષેત્રની મહિલાઓ માટે ચલાવવામાં આવે છે તેની માહિતી જોવા જેવી છે. 'સેવા' દ્વારા જે વીમા યોજના ચલાવવામાં આવે છે તેનાં કેટલાંક લક્ષણો કોઠા નં.૭માં આપવામાં આવ્યાં છે. ઉપરાંત, આરોગ્ય ક્ષેત્રે સામાજિક સલામતી ઊભી કરવા માટે જે અભિગમ 'સેવા'એ અપનાવ્યો છે તેની વિગતો કોઠા નં.૮માં આપવામાં આવી છે. આ બંને પ્રકારની વિગતો એમ દર્શાવે છે કે અસંગઠિત ક્ષેત્રના લોકો માટેની સામાજિક સલામતીની યોજનાઓનો અભિગમ સામાન્ય સામાજિક સલામતીની યોજનાઓ કરતાં જુદો જ હોય તે જરૂરી છે. મહારાષ્ટ્રમાં સેવાગ્રામ ખાતે એક ખાનગી ટ્રસ્ટ 'કસ્તૂરબા હેલ્થ સોસાયટી' એક મોટી હોસ્પિટલ ચલાવે છે. તેણે ગરીબોને આરોગ્યની સેવાઓ પૂરી પાડવા માટે જે અભિગમ અપનાવ્યો છે તે પરંપરાગત અભિગમ કરતાં જુદો જ છે. તેની વિગતો કોઠા નં.૯માં આપવામાં આવી છે. મૂળભૂત રીતે આ એક આરોગ્ય વીમા યોજના છે અને તે એક સક્ષમ વિકલ્પ પૂરો પાડે છે.

કોઠા નં.૧૦માં આપત્તિ અને સામાજિક સલામતી વિશેનાં વર્તમાન વલણો અને સંકલિત દૃષ્ટિકોણો દર્શાવવામાં આવ્યાં છે. કોઈ પણ પ્રકારની કુદરતી આપત્તિ કે માનવ સર્જિત આપત્તિ ભારે અસલામતી ઊભી કરે છે. ખાસ કરીને અસહાય લોકો વધુ ગરીબીમાં ધકેલાય છે. તેથી આપત્તિ સમય માટેના સામાજિક સલામતીના અભિગમમાં આમૂલ પરિવર્તનની જરૂર છે.

## શું થવું જોઈએ?

સામાજિક સલામતી અંગેની જે પ્રકારની યોજનાઓ હાલ છે, તેમનો જે સ્વરૂપે અમલ થઈ રહ્યો છે, દેશના વિશાળ અસંગઠિત ક્ષેત્રની જે જરૂરિયાત છે અને બિન-સરકારી સંગઠનો દ્વારા જે પ્રકારની યોજનાઓનો અમલ થયો છે તેમના અનુભવોને આધારે શું કરવાની જરૂર છે તે વિચારવું પડે. આ સંદર્ભમાં કેટલાક મુદ્દાઓ અગત્યના બને છેઃ

**(૧) કોના સુધી?**

સામાજિક સલામતીની યોજનાઓ બહુમતી કામદારો સુધી પહોંચવી જોઈએ, કે જેઓ અસંગઠિત ક્ષેત્રમાં છે અને સાથે સાથે મુખ્યત્વે ગ્રામીણ વિસ્તારોમાં છે.

**(૨) આવરણ**

આવરણને માત્ર સંખ્યાની દૃષ્ટિએ જ નહિ પણ જોખમોની દૃષ્ટિએ વિચારવું જોઈએ. ગરીબો કોઈ એક જ પ્રકારના જોખમનો સામનો કરતા હોતા નથી પણ અનેક પ્રકારનાં જોખમોનો સામનો કરતા હોય છે. તેથી તમામ જોખમોને આવરી લેતી સર્વગ્રાહી અને સંકલિત સામાજિક સલામતી યોજના હોય એ આવશ્યક છે. તેમાં માંદગી, મૃત્યુ, માતૃત્વ, બાળ સંભાળ, વિધવાપણું, રમખાણો-પૂર-દુકાળ-ભૂંકપ વગેરેમાં નુકસાન, વૃદ્ધત્વ, પશુઓની હાનિ, પાકનું નુકસાન, ઘરનું નુકસાન વગેરે તમામ પ્રકારનાં જોખમોનો સમાવેશ થાય એ જરૂરી છે.

**(૩) કાર્યવાહી**

સામાજિક સલામતી માટેની વીમા યોજનામાં આટલાં લક્ષણો હોવાં જોઈએઃ ખાસ કરીને તે ગરીબ-મિત્ર હોવી જોઈએ. તેને અંગેની કાર્યવાહી સરળ, ફેરફારક્ષમ, ત્વરિત અને પ્રસ્તુત હોવી જોઈએ. તેમાં લખાપટ્ટી ઓછી થાય અને વધારે વિસ્તરણ કાર્ય હોય એ ઈચ્છનીય છે. વધુમાં, તેમાં વિવિધ સ્તર શક્ય તેટલાં ઓછાં હોવાં જોઈએ.

**(૪) એકત્રિત ભંડોળ**

જુદા જુદા ક્ષેત્રના અસંગઠિત કામદારો માટે જુદી જુદી યોજનાઓ પૂરતા કે અપૂરતા પ્રમાણમાં ચાલે છે. અસંગઠિત ક્ષેત્રના તમામ કામદારો માટે સામાજિક સલામતીની લાભ આપતી સર્વગ્રાહી યોજના ચાલે અને તેને માટે એક જ એકત્રિત ભંડોળ ઊભું થાય એ ઈચ્છનીય છે. આ ભંડોળમાં કામદારો, માલિકો અને રાજ્ય ફાળો આપે. આ એકત્રિત ભંડોળનો વહીવટ શક્ય તેટલા પ્રમાણમાં વિકેન્દ્રિત ઢબે થાય. આ યોજનાના અમલ માટે આ ત્રણેય પ્રતિનિધિઓની સહભાગિતા હોય. આ યોજનાના અમલ માટે આ ત્રણેયના બચત અને ધિરાણ મંડળો, વપરાશકાર જૂથો, સહકારી મંડળીઓ અને અન્ય સ્થાનિક લોક સંગઠનોનો ઉપયોગ કરી શકાય.

# લોકભાગીદારીથી ચૂંટણીની પ્રક્રિયામાં સુધારો

લોકશાહી શાસન વ્યવસ્થામાં ચૂંટણી એક અત્યંત અગત્યનું અંગ છે અને તેથી ચૂંટણીની પ્રક્રિયા જેટલી સ્વચ્છ હોય તેટલા પ્રમાણમાં લોકશાહીમાં લોકોનો વિશ્વાસ દૃઢ થવાની શક્યતાઓ વધે છે. **શ્રી હેમન્તકુમાર શાહ** દ્વારા લખાયેલા આ લેખમાં ચૂંટણીની પ્રક્રિયાને લોકભાગીદારીથી કેવી રીતે સુધારવી તેને વિશે ચર્ચા કરવામાં આવી છે. ખાસ કરીને લોકો અને સ્થાનિક સંસ્થાઓની ભાગીદારીથી મતદાર યાદીઓની સુધારણા કેવી રીતે થઈ શકે તેની અહીં ચર્ચા કરાઈ છે.

## પ્રસ્તાવના

દેશમાં ચૂંટણીની પ્રક્રિયામાં વારંવાર ભાંગફોડ થાય છે અને તેથી લોકશાહી ધોરણોનો ભંગ થાય છે. લોકોને વાજબી અને ઉત્તરદાયી પ્રતિનિધિત્વ મેળવવાનો અધિકાર છે. પણ આ વિકૃતિ આવવાને લીધે આ અધિકાર વિકૃત થાય છે. એ એક આનંદની બાબત છે કે ચૂંટણીની પ્રક્રિયા સુધારવાના પ્રયાસો તાજેતરનાં વર્ષોમાં સઘન રીતે થયા છે. આ પ્રયાસો ચૂંટણી પંચે પણ કર્યા છે અને બિન-સરકારી સંગઠનોએ પણ કર્યા છે. જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓએ જે પ્રયાસો કર્યા છે તેને ચૂંટણી પંચે ટેકો પણ આપ્યો છે અને તેણે મક્કમ અને પારદર્શી વલણ અપનાવ્યું છે. એક અગત્યનો મુદ્દો એ છે કે ચૂંટણી પંચે કડકાઈથી અને સ્વાયત્તતાથી ચૂંટણીના નિયમોના પાલનમાં સક્રિય રસ લીધો છે. જે બિન-સરકારી સંગઠનો છે તેમણે ન્યાયી ચૂંટણીઓ યોજાય તથા ગુનાકરણ અને છેતરપિંડી ઘટે તે માટે પ્રયાસો કર્યા છે. હકીકતમાં, લોકોનાં સમર્થન અને સહભાગિતા વિના ચૂંટણી પંચ પણ મુક્ત અને ન્યાયી ચૂંટણી મહદંશે ના કરી શકે. ચૂંટણી પંચના વહીવટી હુકમોની ભૂમિકા મર્યાદિત હોય છે. તેથી સામાન્ય મતદાતાઓ અને તેમનાં જૂથો મહત્ત્વની ભૂમિકા ભજવે તે આવશ્યક છે. આ માટેનું યોગ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરવાની આવશ્યકતા છે. તે માટે કાનૂની અને વહીવટી જોગવાઈઓ પણ કરવી પડે તેમ છે.

ચૂંટણીની પ્રક્રિયાને વધુ પારદર્શી બનાવવા માટે ૨૦૦૩માં સર્વોચ્ચ અદાલતે જે ચુકાદો આપ્યો તે એ દિશાનું કદમ છે. સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવ્યું કે દરેક ઉમેદવારે શપથનામા ઉપર ત્રણ પ્રકારની વિગતો આપવી જોઈએ: (૧) તેની શૈક્ષણિક લાયકાત. (૨) તેની નાણાકીય અસ્કામતો અને જાહેર સંસ્થાઓ પ્રત્યેની તેની નાણાકીય જવાબદારીઓ. (૩) પોતાની સામેના ફોજદારી કેસોની નોંધ.

સર્વોચ્ચ અદાલતે આ ચુકાદામાં એમ જણાવ્યું છે કે મતદારો માહિતીપ્રદ પસંદગી કરી શકે તે માટે તેમને ઉમેદવારો વિશે તમામ માહિતી મળવી જોઈએ. અદાલતના આ આદેશનો અમલ તમામ ચૂંટણીઓમાં ચૂંટણી પંચે કરવાનો છે. આમ જુઓ તો, સર્વોચ્ચ અદાલતનો ચુકાદો લોકોની માગણીઓ અને ઈચ્છાઓનો પડઘો પાડે છે. પણ સાથે સાથે તે એક મોટો પડકાર પણ છે. રાજકીય પક્ષો અને લોકો બંને માહિતીપ્રદ પસંદગી કરે એ માટે એમને મદદ કરવી એ આ બાબતમાં સૌથી મોટો પડકાર છે. સર્વોચ્ચ અદાલતના આ ચુકાદાથી ચૂંટણી પ્રક્રિયાની બાબતમાં લોકોનો માહિતીનો અધિકાર પ્રસ્થાપિત થયો છે. તેને વ્યવહારમાં લાવવા માટે સ્વૈચ્છિક સંગઠનોએ અને નાગરિક સમાજે સક્રિય બનવું પડે તેમ છે.

ચૂંટણીની પ્રક્રિયામાં લોકોની ભાગીદારી મહદંશે મતદાન પૂરતી મર્યાદિત રહી છે. જ્યારે પણ ચૂંટણી થાય ત્યારે લોકો મતદાન કરે એ સિવાય લોકો પોતે ચૂંટણીની પ્રક્રિયામાં ભાગ લેતા નથી. પણ અગત્યની બાબત એ છે કે ચૂંટણી સુધારા અસરકારક રીતે થાય તે માટે ચૂંટણી પ્રક્રિયામાં લોકો સહભાગી થાય. વાસ્તવમાં, એમ લાગે છે કે લોકશાહીની તંદુરસ્તી આ બાબત પર જ આધાર રાખે છે. વળી, ચૂંટણીની પ્રક્રિયાઓ પારદર્શી નથી. તેથી રાજકારણનું ગુનાકરણ વધારે મજબૂત બનતું જાય છે. તેને પરિણામે પણ ચૂંટણીમાંથી અને લોકશાહીમાંથી લોકોનો વિશ્વાસ ઊઠતો જાય છે અને અંતે તે રાજ્યમાં લોકસ્વીકૃતિની કટોકટી ઊભી કરે છે.

ભારતમાં મતદાનનું ટકાવારી પ્રમાણ ઘણા વિકસિત દેશો કરતાંય વધારે છે. એ ઘણી સારી બાબત છે. આ પ્રમાણ ટકાવી રાખવું હોય અને વધારવું હોય તો ચૂંટણી પ્રક્રિયામાં સુધારા જરૂરી બની જાય છે. લોકો મતદાન કરે છે તે સ્વયં જ એમ દર્શાવે છે કે તેમને લોકશાહી શાસન પદ્ધતિમાં વિશ્વાસ છે. આ વિશ્વાસને વધુ બળવત્તર ત્યારે બનાવી શકાય કે જ્યારે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને સ્વચ્છ અને શુદ્ધ કરાય. ચૂંટણી પ્રક્રિયાને સ્વચ્છ કરવાનો એક અગત્યનો રસ્તો મતદાર યાદીઓને વ્યવસ્થિત બનાવવાનો છે. અહીં એને વિશે અને અન્ય કેટલાક મુદ્દાઓ વિષે વિગતે ચર્ચા કરીએ:

## મતદાર યાદીઓમાં ખામીઓ હોવાનાં કારણો

૨૦૦૨ અને ૨૦૦૩ દરમ્યાન ચૂંટણી પંચે સમગ્ર દેશમાં મતદાર

## મતદાતા તરીકેની નોંધણી માટે ધ્યાનમાં રાખવાની બાબતો

(૧) તમે ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના હોવ તો તમારી પાસે મતદાતા ઓળખપત્ર હોવું જ જોઈએ. તે માટે ચૂંટણી પંચ દ્વારા અખબારોમાં થતી જાહેરાતો ધ્યાનમાં રાખીને જે તે સ્થળે તે મેળવવા જવું જોઈએ.

(૨) તમારા નામમાં સુધારો કરાવવા માટે ફોર્મ નં. ૮ ભરવું જોઈએ.

(૩) મતદાર યાદીમાં નવું નામ ઉમેરવા માટે ફોર્મ નં. ૬ ભરવું જોઈએ.

(૪) મતદાર યાદીમાંથી નામ રદ કરવા માટે ફોર્મ નં. ૭ ભરવું જોઈએ.

(૫) મતદાર યાદીમાં નામ ઉમેરવા, સુધારવા કે રદ કરાવવા જાવ ત્યારે જ ખાતરી કરી લેવી જોઈએ કે તમારું નામ અને સરનામું કયા મતદાન મથકમાં છે.

યાદીઓ સુધારવા માટેની કાર્યવાહી કરી હતી. તે દરમ્યાન ચૂંટણી પંચને મતદાર યાદીઓમાં ભારે ખામીઓ હોવાની ફરિયાદો મળી હતી. મતદાર યાદીમાં નામ ઉમેરવા અંગેના દાવાઓ ખોટી રીતે નકારાતા હોવાની અને દાવા સામે ખોટેખોટા વાંધા ઉઠાવાતા હોવાની ફરિયાદો મળી હતી. આ ફરિયાદો પછી ચૂંટણી પંચે વરિષ્ઠ અધિકારીઓ દ્વારા તપાસ કરાવી હતી અને બેદરકાર અધિકારીઓ સામે પગલાં પણ લેવાયાં હતાં. જે ખામીઓ નજરે પડી હતી તે દૂર કરવા માટે જરૂરી સૂચનાઓ પણ ચૂંટણી પંચે જારી કરી હતી. કોઈ પણ સારી, મુક્ત અને ન્યાયી ચૂંટણી માટેની પૂર્વશરત એ છે કે મતદાર યાદી સંપૂર્ણપણે ચોકસાઈ ભરેલી હોય. એટલે મતદાર યાદીઓ તૈયાર કરતી વખતે ચોકસાઈ જળવાય એ અગત્યનું છે. ચૂંટણી પંચે મતદાર યાદીમાં સુધારવા માટે કાર્યપદ્ધતિઓ અને માર્ગરેખાઓ પણ તૈયાર કર્યા છે. તેને મળેલી ફરિયાદોને આધારે ચૂંટણી પંચનું માનવું છે કે મતદાર યાદીઓમાં ખામીઓ હોવાનાં મુખ્ય કારણો નીચે મુજબ છે:

(૧) પ્રાથમિક યાદી જ ખામીવાળી હોય. જે મુખ્ય યાદી છે તેનું પૂરક યાદીઓ સાથે યોગ્ય સંકલન કરવામાં આવ્યું ના હોય. પરિણામે, એક જ ઘરના તમામ સભ્યોનાં નામ એક જ સ્થાને એક સાથે ન છપાયાં હોય. મતદારો જે વિભાગના કે મતદાન

## ખરાબ મતદાર યાદીનાં પરિણામો

મતદાર યાદીઓ જો વ્યવસ્થિત ના હોય તો નીચે મુજબનાં પરિણામો આવી શકે છે:

(૧) જેમનું મૃત્યુ થયું છે તેમનાં નામ ચાલુ હોવાથી તેઓના નામે બીજું કોઈ મત આપી જાય અને એ રીતે બોગસ મતદાન થાય તેવી શક્યતા રહે છે.

(૨) જેઓ એક સ્થળ છોડીને બીજા સ્થળે નિવાસ કરવા ગયા છે તેમનાં નામ નવા સ્થળની મતદાન યાદીમાં દાખલ ના થાય તો તેમને તેમના મૂળ નિવાસસ્થાનની નજીકના મતદાન મથકે મતદાન કરવા આવવું પડે છે. જો મૂળ નિવાસસ્થાન ખૂબ દૂરની જગ્યાએ હોય તો પછી તેઓ મતદાન કરવા જવાનું ટાળે છે. આ રીતે જેમની મતદાન કરવાની તૈયારી છે તેઓ પણ મતાધિકાર ભોગવી શકતા નથી.

(૩) જેમનાં નામ મતદાર યાદીઓમાં હોવાં જોઈએ તેમનાં નામ મતદાર યાદીઓમાં ન હોવાથી તેઓ મતદાન મથકે મતદાન કરવા જાય છે ત્યારે ખૂબ નિરાશ થઈ જાય છે. તેમને મતાધિકારથી વંચિત રહી જવા બદલ અફસોસ તો થાય છે જ પણ લોકશાહીની પ્રક્રિયામાંથી જ તેમનો વિશ્વાસ ઊઠી જાય છે.

(૪) જેમની ઉંમર ૧૮ વર્ષની થઈ જાય છે અને મતાધિકારને લાયક મતદાર બની શકે તેમ હોય છે તેમનાં નામ તેમના પોતાના પ્રયત્ન છતાં પણ મતદાર યાદીમાં ના હોય તો તેઓ તેમનો મતાધિકારનો પ્રથમ વાર ઉપયોગ કરવાનો અવસર ખોઈ બેસે છે. વાસ્તવમાં, પ્રથમ વખત મતદાન કરનારા યુવકો-યુવતીઓ મતદાનનો વધુ રોમાંચ ધરાવતા હોય છે. પણ તેમને જ મતાધિકારથી વંચિત રહેવું પડે છે ત્યારે તેમનો પણ લોકશાહીની પ્રક્રિયામાંથી વિશ્વાસ ઊઠી જાય છે.

(૫) જેઓ સ્થળાંતર કરી જાય છે તેમનાં નામ મૂળ નિવાસ સ્થાને અને નવા નિવાસસ્થાને બંને સ્થાને મતદાર યાદીઓમાં હોય તો તેઓ બે વખત મતદાન કરે એવી શક્યતાઓ પણ વધી જાય છે અને એ રીતે બોગસ મતદાન શક્યતાઓ વધે છે.

## લોકસભાની ચૂંટણીમાં ખર્ચની મર્યાદા અને દેખરેખ

૧. ૨૨ રાજ્યોમાં લોકસભાના એક મતવિસ્તારમાં એક ઉમેદવાર રૂ. ૨૫ લાખ સુધીનું ખર્ચ કરી શકે છે. આ ૨૨ રાજ્યોની લોકસભાની બેઠકો બે અથવા બેથી વધારે છે. તેથી ગોવા, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ અને મણિપુરમાં ખર્ચની મર્યાદા રૂ. ૨૫ લાખથી ઓછી છે. તે નીચે મુજબ છે:

| | રાજ્ય | ખર્ચ લાખ રૂ. |
|---|---|---|
| ૧. | મણિપુર | ૨૨ |
| ૨. | મેઘાલય | ૨૨ |
| ૩. | મિઝોરમ | ૨૦ |
| ૪. | અરુણાચલ પ્રદેશ | ૧૭ |
| ૫. | સિક્કિમ | ૧૭ |
| ૬. | ગોવા | ૧૪ |

૨. કેન્દ્રશાસિત પ્રદેશો માટે ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ. ૧૦ લાખથી રૂ. ૨૫ લાખની છે.

૩. ઉમેદવારે પોતે કે તેના ટેકેદારોએ કરેલા ખર્ચનો સમાવેશ ચૂંટણી ખર્ચ માટેની આ નિયત થયેલી મર્યાદામાં થઈ જાય છે.

૪. આ ખર્ચમાં પોસ્ટર, ચોપાનિયાં, સભાઓના આયોજનનું ખર્ચ, વાહનોનું બળતણ, જાહેરખબર વગેરેના ખર્ચનો સમાવેશ થાય છે.

૫. કોઈ રાજકીય પક્ષે કોઈ ઉમેદવાર માટે ખર્ચ કર્યું હોય તો તેનો સમાવેશ તે ઉમેદવારના ખર્ચમાં થાય છે. જો કે, તેમાં પક્ષના નેતાઓના પ્રવાસ ખર્ચનો સમાવેશ થતો નથી. એટલે રાજકીય પક્ષો જાહેરખબરો આપે તો તેનો સમાવેશ ઉમેદવારના ખર્ચમાં ના થાય, સિવાય કે તેમાં કોઈ ઉમેદવારને મત આપવા માટે મતદારોને અપીલ કરવામાં આવી હોય.

૬. દરેક ઉમેદવારે પોતાના રોજિંદા ખર્ચ અંગેનું એક પત્રક રાખવાનું હોય છે. આ પત્રક દર ત્રણ દિવસે તેણે પોતાની સહી સાથે ચૂંટણી અધિકારીને સુપરત કરવું પડે છે.

૭. દરેક રાજકીય પક્ષે પોતાના પ્રચાર માટેનાં ખર્ચ અને આવક વિશેનું એક પત્રક રાખવું પડે છે. તેણે ઉમેદવાર માટે કરેલા ખર્ચનું પણ પત્રક રાખવું પડે છે.

૮. ચૂંટણી અધિકારીઓ સ્વતંત્રપણે આ ખર્ચ પત્રકોની ચકાસણી કરે છે અને ચૂંટણી પંચને સુપરત કરે છે. ચૂંટણી પંચ તે જોઈ શકે છે અને તેની સામે પોતાના વાંધાઓ રજૂ કરી શકે છે.

મથકોના હોય તેના બદલે બીજા જ વિભાગ કે મતદાન મથકોમાં તેમનાં નામો છપાયાં હોય. તેનાથી ગણતરીકારનું કામ ઘણું વધારે મુશ્કેલ બને છે.

(૨) ગણતરીકારોને કે નામ નોંધનારાઓને યોગ્ય તાલીમ આપવામાં આવી ના હોય તો તેમના કામમાં ગુણાત્મક રીતે જ ખામી રહે.

(૩) શહેરી વિસ્તારોમાં મતદાન મથકોના નકશાઓ મતદારોનાં નામ નોંધનારાઓને આપવામાં આવ્યા ન હોય. તેથી ક્યાંક બે વાર નોંધણી થાય અને ક્યાંક થાય જ નહિ.

(૪) નોંધણીકારોએ કરેલા કામ ઉપર અસરકારક રીતે દેખરેખ રાખવામાં આવી ના હોય. તેથી નીચેથી જ ખોટી નોંધણી થયેલી હોય.

(૫) કોમ્પ્યુટરમાં માહિતી નાખનારા ઓપરેટરોને પૂરતી તાલીમ આપવાની જરૂર છે કે જેથી ચકાસણી થયેલી પ્રાથમિક યાદી, જે નામો ઉમેરવાનાં હોય તેમની યાદી અને જે નામો રદ કરવાનાં હોય તેમની યાદી, એમ ત્રણ યાદીઓમાં તેમને આપવામાં આવેલી માહિતીનું યોગ્ય સંકલન થાય. આ તાલીમ તેમને આપવામાં આવી નહોતી.

(૬) ઓપરેટરોને આપવામાં આવેલી મૂળ યાદીઓ સાથે તેમણે તૈયાર કરેલી યાદીઓની તુલના કરવામાં આવી નહોતી. તેથી ઘણી જગ્યાએ આ મૂળ યાદીઓ મુસદ્દારૂપ યાદીઓ બની ગઈ. છાપેલી યાદીમાં પણ ભૂલો રહી ગઈ હોય છે એનું આ મુખ્ય કારણ હોય છે.

(૭) ચૂંટણી પંચ દ્વારા જાહેર થયેલી મુસદ્દારૂપ યાદીઓ અંગે જે દાવાઓ લોકોએ નોંધાવ્યા અને જે વાંધાઓ લોકોએ ઉઠાવ્યા તેમનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો નહિ. કેટલાક મતદાર નોંધણી અધિકારીઓએ દાવાઓને કાં તો આડેધડ નકારી કાઢ્યા અથવા તો આડેધડ સ્વીકારી લીધા. ચૂંટણી પંચના આદેશો અનુસાર વાંધાઓનો નિકાલ કરાયો નથી.

## ચૂંટણી પ્રક્રિયા સુધારવા માટેનાં સૂચનો

'રાજસ્થાનમાં ચૂંટણી પ્રક્રિયામાં નાગરિકોની ભાગીદારી' વિશે એક કાર્યશાળા જુલાઈ, ૨૦૦૩માં જયપુર ખાતે યોજાઈ હતી. તેમાં ભારતના ચૂંટણી કમિશનર સહિત અગ્રણી ચૂંટણી અધિકારીઓ અને નાગરિક જૂથોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ કાર્યશાળા 'નેશનલ કમ્પેઈન ફોર પીપલ્સ રાઈટ ટુ ઈન્ફર્મેશન' દ્વારા અને 'રાજસ્થાન ઈન્સ્ટિટ્યુટ ફોર પબ્લિક એડમિનિસ્ટ્રેશન' દ્વારા યોજાઈ હતી. તેમાં ચર્ચા-વિચારણા દરમ્યાન અને ભલામણો રૂપે જે મુદ્દાઓ ઉપસ્થિત થયા હતા તે નીચે મુજબ છે:

- મતદાર યાદીઓને વેબસાઈટ પર મૂકવી જોઈએ.
- ચૂંટણી પ્રચાર ઝુંબેશ દરમ્યાન ખર્ચ ઉપર વધારે કડકાઈથી દેખરેખ રખાવી જોઈએ.
- રાજકીય પ્રક્રિયાના ગુનાકરણ સામે ઝુંબેશ ચલાવતાં સંગઠનો અને વ્યક્તિઓના રક્ષણની બાંયધરી આપવી.
- પંચાયતની કચેરીમાં મતદાર યાદીની એક નકલ કાયમ માટે ઉપલબ્ધ હોય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- આદિવાસી વિસ્તારોમાં છૂટાછવાયા વસવાટ હોય છે તેથી તેમને ફોટા સાથેનાં મતદાર ઓળખપત્રો આપવા પર વિશેષ ધ્યાન અપાવું જોઈએ.
- લોકસભા, વિધાનસભા, પંચાયતો અને પાલિકાઓની તમામ ચૂંટણીઓ માટે એક જ મતદાર યાદીઓ બનવી જોઈએ.
- ઉમેદવારોએ જે સોગંધનામાં રજૂ કર્યાં હોય તેમની વિગતોનો અભ્યાસ કરવાની લોકોને તક મળે તે પ્રકારે જનજાગૃતિ ઝુંબેશ ઊભી કરવી જોઈએ. અપાયેલી માહિતીની લોક જૂથો દ્વારા ચકાસણી થાય તેને પ્રોત્સાહન અપાવું જોઈએ.
- ચૂંટણી અરજીઓનો અમુક નિશ્ચિત સમયમાં ચુકાદો આવે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. તે માટે ચૂંટણી ટ્રિબ્યુનલ સ્થાપવી જોઈએ. તે એવી રીતે રચાવી જોઈએ કે જેથી તે સ્વતંત્ર રીતે કામ કરી શકે.
- જે સરકારી કર્મચારીઓ ચૂંટણી દરમ્યાન ચૂંટણીની પ્રક્રિયામાં જોડાય છે તેમના ઉપરની દેખરેખ ગંભીરતાપૂર્ણ અને સ્વતંત્ર હોવી જોઈએ કે જેથી તેઓ કોઈની તરફદારી ના કરે અથવા ભ્રષ્ટ આચાર ના કરે.

## મતદાર યાદીઓને સુધારવાના ઉપાયો

ચૂંટણી પંચે આ ખામીઓ વિશે ગંભીર નોંધ લીધી છે અને મતદાર યાદીઓ સુધારવા માટે લાંબા ગાળાનાં અને ટૂંકા ગાળાનાં એમ બંને પ્રકારનાં પગલાં લીધાં છે. મતદાર યાદીઓ સઘન રીતે ભવિષ્યમાં સુધારવા માટે માર્ગરેખાઓ દ્વારા કાર્યપદ્ધતિઓમાં ફેરફાર કરવાનું વિચારાયું છે અને નવી માર્ગરેખાઓ એ માટે ટૂંકમાં જ જારી કરાય એવી શક્યતાઓ છે. દેશમાં ચૂંટણીની પ્રક્રિયામાં સુધારો કરવાની દિશામાં કામ કરતાં વિવિધ બિન-સરકારી સંગઠનોની રજૂઆતો અને સૂચનો બાદ ચૂંટણી પંચે પંચાયતો અને પાલિકાઓ મારફતે મતદાર યાદીઓ પ્રસિદ્ધ થાય અને અન્ય જવાબદાર સંગઠનો મારફતે તે વહેંચાય તેવા રસ્તા અપનાવ્યા છે. સંબંધિત વિસ્તારોની મતદાર યાદીઓ આ પંચાયતો અને નગરપાલિકાઓની બેઠકોમાં વંચાય અને તે સમયે સામાન્ય નાગરિક પણ હાજર હોય એવી જોગવાઈ કરાઈ છે. આને આધારે નવાં કામો દાખલ કરાશે અથવા તો અયોગ્ય નામો રદ કરવામાં આવશે, અથવા તો નામોમાં સુધારા કરવામાં આવશે. પંચાયતો અને પાલિકાઓને મતદાર યાદીઓની નકલો પણ આપવામાં આવશે કે જેથી સામાન્ય નાગરિકો તે જોઈ શકે. પછીથી મતદાર યાદીઓને આધુનિક બનાવવામાં પંચાયતો અને પાલિકાઓનો સાથ લેવાશે. આ માટે જે કાર્યવાહી અપવવાની છે તે નીચે મુજબની છે:

(૧) ગ્રામ સભાના મંત્રી એટલે કે તલાટી ગ્રામ સભા કે વોર્ડ સભા બોલાવે. સ્થાનિક મહેસૂલી અધિકારીને ઉપલા સ્તરેથી આ સભામાં હાજર રહેવા માટે નિમંત્રણ મોકલવામાં આવે. આ મહેસૂલી અધિકારીઓને પૂરતી સંખ્યામાં ફોર્મ્સ આપવામાં આવે કે જેમાં દાવાઓ અને વાંધાઓ તે સભામાં જ ભરાય. આ સભાઓમાં ખાસ તેમને નિમંત્રણ આપવું જોઈએ કે જેઓ ગ્રામ પંચાયતની ચૂંટણી લડ્યા હતા પણ સફળ થયા નહોતા. આ સભા પછી તરત જ મહેસૂલી અધિકારીઓ દાવાઓ અને વાંધાઓ વિશે જે અરજીઓ આવી હોય તેની જ નોંધ તૈયાર કરે અને પછી તે ચૂંટણી નોંધણી અધિકારીને મોકલી આપે.

(૨) જો એક ગ્રામ પંચાયતમાં એક કરતાં વધારે ગામો હોય તો આવી ગ્રામ સભા દરેક ગામમાં બોલાવવામાં આવે, અને એ ગામમાં અને એ જ સભામાં મતદાર યાદી સામેના દાવાઓ અને વાંધાઓ નોંધવામાં આવે. જો એક ગામમાં એક કરતાં વધુ ફળિયાં હોય અને તે દૂર દૂર હોય તો એવી ગ્રામ સભા દરેક ફળિયામાં યોજાય. દરેક વોર્ડમાં વોર્ડ સભા યોજાય અને ત્યાં મતદાર યાદીઓની ચકાસણી થાય એ જરૂરી છે.

(૩) આ સભામાં જે માહિતી મળે તેને આધારે લોક પ્રતિનિધિત્વ ધારા-૧૯૫૦ની કલમ-૨૨ અને કલમ-૨૩ અનુસાર ઉકેલો લાવવાનો પ્રયાસ કરવામાં આવે.

(૪) શહેરી વિસ્તારોમાં જુદાં જુદાં મંડળો, સંસ્થાઓ કે સમિતિઓની સભાઓમાં મતદાર યાદીઓની ચકાસણી કરાય અને પછી તેમાં સુધારા કરવાની કાર્યવાહી હાથ ધરાય. ચૂંટણી નોંધણી અધિકારી કોઈ સરકારી કર્મચારીને સભાઓમાં હાજરી આપવા માટે કહે અને જરૂરી ફોર્મ્સ ભરાવે એ જરૂરી છે. તેની નોંધ ચૂંટણી અધિકારીને ફોર્મ્સ સાથે મોકલી આપે એ જરૂરી છે.

## ચૂંટણી પર દેખરેખ

છેલ્લાં કેટલાંક વર્ષોથી દેશમાં વિવિધ બિન-સરકારી સંગઠનો ચૂંટણી પર દેખરેખ રાખવાનું કામ કરે છે. 'એસોસીએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર) - અમદાવાદ દ્વારા લોકસભાની ૨૦૦૪ની ચૂંટણીના સંદર્ભમાં એક 'ગુજરાત ઈલેક્શન વોચ કમિટી' બનાવવામાં આવી હતી. આ સમિતિએ લોકસભાની ચૂંટણીમાં ઊભા રહેલા ગુજરાતના ઉમેદવારો અંગેની જાણકારી આપતો એક અહેવાલ બહાર પાડ્યો હતો. તેમાં અદાલતમાં પડતર કેસોવાળા ઉમેદવારો, વધુ મિલકતવાળા, ઉમેદવારો, મિલકત ન ધરાવતા ઉમેદવારો, વધુ નાણાકીય જવાબદારીવાળા ઉમેદવારો, આવક વેરાનો કાયમી ખાતા નંબર (પાન) ન ધરાવતા ઉમેદવારો, શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો વગેરે વિશેની માહિતી આપવામાં આવી હતી. એ ઉપરાંત, દરેક ઉમેદવાર વિશે વિગતવાર માહિતી પણ આપવામાં આવી હતી. તેમાં ઉમેદવારો વિશેની માહિતી જાણવાનો મતદારોનો અધિકાર શું છે અને ભારતીય ફોજદારી ધારાની જોગવાઈઓ શું છે તેની સમજૂતી આપતી વિગતો પણ આપવામાં આવી હતી.

આ જ પ્રકારનું આયોજન દેશમાં બીજાં પંદરેક રાજ્યોમાં કરવામાં આવ્યું હતું. મતદાતાઓને ઉમેદવારો વિશેની જાણકારી મેળવવાનો અધિકાર છે. તેને પુષ્ટિ આપવા માટેના ગંભીર પ્રયાસ રૂપે અને મતદાતાઓને મત આપતી વખતે માહિતીસભર વિકલ્પ મળે તે હેતુથી આ મોજણી કરવામાં આવી હતી. મતદારો માહિતીપ્રદ બનીને પોતાને ઉપલબ્ધ વિકલ્પોમાંથી પસંદગી કરે ત્યારે જ લોકશાહી મજબૂત થાય અને રાજકારણ તથા રાજકારણી બંનેની ગુણવત્તામાં સુધારો થાય એ સ્પષ્ટ છે.

### લોકસભાના ઉમેદવારને મતદારે પૂછવાના પ્રશ્નો

૧. આપના મતદાર મંડળના મુખ્ય પ્રશ્નોનો અભ્યાસ કર્યો છે?
૨. આપના મતદાર મંડળ સાથે લોક સંપર્ક ચાલુ રાખી પ્રશ્નો ઉકેલવા આપે શી વ્યવસ્થા વિચારી છે?
૩. ચૂંટાયા બાદ આપના મતદાર ક્ષેત્રમાં જાહેર હિત અર્થે રૂ.બે કરોડ સુધી ખર્ચ કરવાની વ્યવસ્થા અંગે આયોજન કર્યું છે?
૪. ગુજરાતમાં કાયમી શાંતિ જળવાઈ રહે તથા કોમી સંવાદિતા વિસ્તારી પરસ્પર સદ્‌ભાવ વધે એ દિશામાં આપે આયોજન વિચાર્યું છે? એના સ્વરૂપનો ખ્યાલ આપશો?
૫. આપ ચૂંટાઓ તો મતદાર જાગૃતિ, કોમી એકતા, શાંતિ તથા આર્થિક ઉન્નતિ બાબત આપની શી યોજના છે?
૬. કોઈ પણ અવરોધ કે બિનજરૂરી વિઘ્નો વિના લોકસભાનું કાર્ય ચાલે એ માટે આપનું આયોજન શું છે?
૭. ભ્રષ્ટાચાર નાબૂદી નિવારણ કાજે લોકપાલ બિલ અંગે આપ સક્રિય બની પ્રજાના અવાજને વાચા આપશો?
૮. વિધાનસભા તથા લોકસભામાં ભ્રષ્ટાચારી અને અસામાજિક તત્ત્વોને દૂર રાખવા જરૂરી બંધારણીય સુધારા અંગે આપ સક્રિય કાર્ય કરશો?
૯. લોકવિરોધી અર્થનીતિનો વિરોધ કરી અર્થતંત્રને વ્યવહારુ બનાવી બેકારી નિવારણ અંગે આપના કાર્યનું સ્વરૂપ શું હશે?
૧૦. મહિલાઓના વિકાસ કાજે આપ સક્રિય થશો?

સ્રોતઃ ટ્રાન્સપેરન્સી ઈન્ટરનેશનલ

## ઉપસંહાર

દેશનાં ચાર રાજ્યો મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, દિલ્લી અને રાજસ્થાનમાં ડિસેમ્બર-૨૦૦૩માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાઈ તેના લગભગ ચાર માસ અગાઉ ચૂંટણી પંચના સચિવે આ માર્ગરેખાઓ જારી કરી હતી. આ માર્ગરેખાઓ ખૂબ જ ઉપયોગી છે. મતદાર યાદીઓ ખૂબ જ વિવાદાસ્પદ બને છે અને તેથી સમગ્ર ચૂંટણી પ્રક્રિયા ઉપરથી જ ઘણી વાર વિશ્વસનીયતા ઊઠી જાય તેવો સવાલ ઊભો થાય છે. જો ગ્રામ સભા, વોર્ડ સભા અને ફળિયા કે મહોલ્લા સભામાં મતદાર યાદીઓની ચકાસણી થાય તો એ જાહેર અન્વેષણનું રૂપ ધારણ કરે છે અને તેથી ચૂંટણી સુધારાની પ્રક્રિયામાં લોકોને એમ લાગે છે કે તેઓ પોતે તેમાં સામેલ થાય છે. આમ થવાથી મતદાર યાદીઓમાં જે પણ વિકૃતિઓ હોય તે બધી જ નીકળી જવાની શક્યતાઓ વધી જાય છે. મતદાર યાદીઓની આ રીતે ચકાસણીમાં કેટલીક વ્યવહારુ મુશ્કેલીઓ પણ છે. એમાંની એક મુશ્કેલી એ છે કે મતદાર યાદીમાં મતદાન મથકો અનુસાર તૈયાર થાય છે, પંચાયત વાર કે નિવાસી વિસ્તાર અનુસાર તૈયાર થતી નથી. વળી, આ પ્રકારની કાર્યવાહી કરવા માટે પણ ઘણી માનવશક્તિની જરૂરિયાત રહે છે. પરંતુ તેમ છતાં મતદાર યાદીનું આવું જાહેર અન્વેષણ (પબ્લિક ઓડિટ) થાય એ ઈચ્છનીય છે જ. એક બાબત એ પણ ધ્યાનમાં લઈ શકાય કે ગ્રામ સભા વર્ષમાં ઘણી વાર મળતી હોય છે. દરેક વખતે કોનું નામ મતદાર યાદીમાંથી રદ કરવું અને કોનું રદ ન કરવું તે કામ ગ્રામ સભા કરી શકે. એનો અર્થ એવો થાય કે ગરીબીની રેખા નીચે જીવતાં કુટુંબોની યાદીને આખરી ઓપ આપવાનું અને તેમાં સુધારા-વધારા કરવાનું કામ ગ્રામ સભા કરી શકે તો મતદાર યાદીમાં સુધારા-વધારા સૂચવવાનું કામ પણ ગ્રામ સભા કરી શકે. મતદાર યાદીઓ વ્યવસ્થિત હોય એ સૌથી મોટો પડકાર છે. અને તેથી શક્ય તેટલી ઝડપથી એ સુધરે એ આવશ્યક છે. જો મતદાર યાદીઓ વ્યવસ્થિત થશે તો આપોઆપ ચૂંટણી પ્રક્રિયાને શુદ્ધ બનાવવાનો એક માર્ગ ખૂલી જશે એમાં કોઈ શંકાને સ્થાન નથી.

# આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારી

દેશના વિવિધ ભાગો સમયાંતરે જુદા જુદા પ્રકારની આપત્તિઓનો સામનો કરતા હોય છે અને તેથી આપત્તિનો સામનો કરવાની પૂર્વતૈયારી જરૂરી છે. આ લેખમાં 'કાસા'ના **શ્રી અરવિંદકુમાર સિંહા** આપત્તિના સામનાની સમુદાય-આધારિત તૈયારી કેવી રીતે કરવી જોઈએ તેની વિશદ છણાવટ કરે છે. તેમણે ઉદાહરણ સાથે આવી તૈયારીનાં મૂળ તત્ત્વો સમજાવવાની કોશિશ કરી છે. સ્થાનિક સ્તરની યોજનામાં લોકોને સહભાગી બનાવાય તો તે વધુ કાર્યક્ષમ બને છે એની અસરકારક રજૂઆત આ લેખમાં કરાઈ છે.

## આપત્તિ શું છે?

આપત્તિમાં સમાજનાં કાર્યોનું ગંભીરપણે વિઘટન થાય છે કે જેનાથી એટલી વ્યાપક માનવીય ભૌતિક અને પર્યાવરણીય સંબંધી હાનિ પહોંચે છે કે અસરગ્રસ્ત સમાજ પોતાનાં સંસાધનોના બળે તેનો સામનો કરવા માટે સક્ષમ હોતો નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આપત્તિને એક એવી વસ્તુના સ્વરૂપમાં જોઈ શકાય છે કે જે માનવ જીવનને મોટી હાનિ પહોંચાડે છે, સમુદાયનાં મકાનો, પાક અને અન્ય એકમોને નષ્ટ કરી દે છે. મનુષ્ય સર્જિત આપત્તિઓને કારણે પણ વ્યાપકપણે મૃત્યુ થાય છે, પ્રદૂષણ ફેલાય છે, બીમારીઓ ફેલાય છે અને તબાહી થાય છે. અથવા તો એને એવી વિનાશલીલા કહી શકાય કે સમુદાયને ભારે પ્રમાણમાં અંધાધૂંધી તરફ અને અસહાયતા તરફ દોરી જાય છે.

જ્યારે કોઈ માનવ સર્જિત કે કુદરતી પ્રવૃત્તિથી મોટા પાયા પર ઉત્પાદનનાં સાધનો, મનુષ્યો, પશુઓ, પર્યાવરણ તથા સામાન્યજનોની વ્યવસ્થાઓ વણસી જાય છે ત્યારે તે આપત્તિ છે. આપત્તિનું આગમન એક કુદરતી નિયમ છે અને તે સમયાંતરે આવે છે. પરંતુ બધી આપત્તિઓથી વધારે નુકસાન થતું નથી. નુકસાન તો થાય છે પરિસ્થિતિઓને કારણે, લાચારીભરી પરિસ્થિતિ જ નુકસાન પહોંચાડે છે. અહીં પરિસ્થિતિનો અર્થ છે આર્થિક, સામાજિક, રાજકીય અને અન્ય પરિસ્થિતિ કે જે આપત્તિને વધુ હાનિકારક બનાવે છે. આપત્તિઓને કારણે આપણાં વર્ષોથી ભેગા કરાયેલાં સંસાધનો અને વિવિધ વ્યવસ્થાઓ ક્ષણ વારમાં જ ખલાસ થઈ જાય છે અને તેમનું પુનર્સ્થાપન આપણા માટે ખૂબ જ મુશ્કેલ કાર્ય બની જાય છે. જે મનુષ્યો આપણી વચ્ચેથી જતા રહે છે તેઓ કદી પાછા આવતા નથી. આજે સમગ્ર વિશ્વમાં આપત્તિઓનો સામનો લોકો કરી રહ્યા છે અને રોજેરોજ તેઓ નુકસાન વેઠી રહ્યા છે. કોઈ પણ આપત્તિમાં બાળકો, મહિલાઓ, વૃદ્ધો, વિકલાંગો, ગરીબો વગેરેને સૌથી વધુ વિપરીત અસર થાય છે. ભારતમાં આપત્તિના નિવારણ માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિ બનાવવામાં આવી હતી. આ સમિતિએ સઘન અભ્યાસ બાદ ૩૧ પ્રકારની આપત્તિઓ જણાવી છે. આ આપત્તિઓને આ પાંચ બાબતો સાથે સંબંધ છે:

(૧) પાણી અને ઋતુ સાથે સંબંધિત આપત્તિઓ.
(૨) ભૂગર્ભ સાથે સંબંધિત આપત્તિઓ.
(૩) જીવવિજ્ઞાન સાથે સંબંધિત આપત્તિઓ.
(૪) રાસાયણિક, ઔદ્યોગિક અને આણવિક આપત્તિઓ.
(૫) દુર્ઘટના સાથે સંબંધિત આપત્તિઓ.

## આપત્તિ ઘટાડાને વિશે જાગૃતિ

વિસ્તારની દૃષ્ટિએ આપત્તિઓ અલગ અલગ પ્રકારની હોય છે અને તેમની તીવ્રતા પણ જુદી જુદી હોય છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આપત્તિઓની અસરો ઓછી કરવા માટેના પ્રયાસો ચાલુ છે. બહુ મોટા પાયે લોકોને જાગૃત કરવા માટે તથા તેમને સંવેદનશીલ બનાવવા માટે વિભિન્ન પ્રકારની નીતિઓ અને કાર્યક્રમો અમલમાં મુકાયાં છે. તેની ગંભીરતા અને વ્યાપકતા સમજવા માટે ઘણા પ્રયાસો જુદી જુદી રીતે થયા છે. આ પ્રયાસો આ મુજબ છે:

(૧) ૧૯૯૦થી ૧૯૯૯ દરમ્યાન આંતરરાષ્ટ્રીય પ્રાકૃતિક આપત્તિ ઘટાડા દાયકાની ઉજવણી કરવામાં આવી.
(૨) ૨૦૦૦થી ૨૦૦૯ના દાયકાને રાષ્ટ્રીય આપત્તિ ઘટાડા દાયકા તરીકે જાહેર કરવામાં આવ્યો છે.
(૩) ૨૦૦૦થી ૨૦૦૩ દરમ્યાન આપત્તિ ઘટાડા માટેની આંતરરાષ્ટ્રીય વ્યૂહરચના તૈયાર કરવામાં આવી.
(૪) દર વર્ષે વિશ્વ આપત્તિ ઘટાડા દિનની ઉજવણી કરવામાં આવે છે. તે દર વર્ષે ઓક્ટોબર મહિનાના બીજા બુધવારે ઉજવવામાં આવે છે. તે માટે કોઈક વિષય પણ આપવામાં આવે છે અને સૂત્ર પણ આપવામાં આવે છે.

આપત્તિની અસરોને ઘટાડવા માટે સરકાર, બિન-સરકારી સંગઠનો, સંસ્થાઓ, સંશોધન સંસ્થાઓ તથા જાગૃત નાગરિક સમાજ વૈશ્વિક સ્તરથી માંડીને સ્થાનિક સ્તર સુધી પ્રયાસો કરે છે. આપત્તિની અસરોને લઘુતમ બનાવવાની આ પ્રક્રિયામાં સ્થાનિક સ્તરની તૈયારી

## કુલુમાં આભ ફાટ્યુંઃ એક અનુભવ

હિમાલયનો વિસ્તાર તેના વિશિષ્ટ વારસા માટે દુનિયાભરમાં વિખ્યાત છે. આ વિસ્તાર દુર્ગમ છે તેમ છતાં દુનિયાના દરેક ખૂણામાંથી લોકો ત્યાં આવે છે. તકનિકી વિકાસ અને મનુષ્યની બુદ્ધિમત્તાને કારણે આજે હિમાલય હવે પહેલાં જેટલો દુર્ગમ વિસ્તાર રહ્યો નથી. લોકો લગભગ તમામ વિસ્તારોમાં પહોંચી ગયા છે અને હિમાલયના નાજુક પર્યાવરણ સાથે ભારે તોડફોડ થઈ છે. તેનું પરિણામ એ આવ્યું છે કે હિમાલયના વિસ્તારમાં જુદા જુદા પ્રકારની આપત્તિઓ આવી પડી છે. પહાડી વિસ્તારમાં વાદળ ફાટે એ એક આશ્ચર્યજનક ઘટના છે. લોકો એમ કહેતા સાંભળવા મળે છે કે "શું વરસાદ આટલી તબાહી વેરી શકે છે?" પરંતુ આવી ઘટનાઓ બને છે અને લોકો તેના સાક્ષી બન્યા છે.

હિમાચલ પ્રદેશનો કુલુ વિસ્તાર છેલ્લાં ઘણાં વર્ષોથી વાદળ ફાટવાની અને પૂરની ઘટનાઓથી અસગ્રસ્ત બનતો રહ્યો છે. આ પ્રકારની આપત્તિઓથી ભારે નુકસાન થયું છે અને લોકો તેમને દૈવી પ્રકોપ માનતા થયા છે. તા. ૧૬.૭.૨૦૦૩ના રોજ રાતે ૨.૩૦ વાગ્યે આભ ફાટવાની કે વાદળ ફાટવાની ઘટના ફરી બની. તેમાં નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનની વિદ્યુત પરિયોજનામાં કામ કરતા ૧૫૦ મજૂરો તણાઈ ગયા હોવાની સંભાવના માધ્યમોના સમાચારમાં વ્યક્ત થઈ હતી. રાજ્ય સરકારે ભારત-તિબેટ સીમા સુરક્ષા દળની મદદથી બચાવ અને રાહત કાર્ય શરૂ કર્યું હતું. ઘણી બધી જહેમત કરવામાં આવી તેમ છતાં ઘણાં બધાં શબ હાથ લાગ્યાં નહોતાં. રાજ્ય સરકારે રાહત છાવણીમાં ધાબળા, ખોરાકી ચીજો, વાસણો, દવાઓ વગેરેની વહેંચણી ખૂબ ઝડપથી કરી. મને ત્યાં જવાનો અવસર પ્રાપ્ત થયો હતો. 'કાસા' સંસ્થાએ પણ મજૂરોને રાહત સામગ્રી તરીકે કપડાં, વાસણો અને ધાબળા આપ્યાં હતાં.

રાહત કાર્ય માટે અમને ત્યાં જવાનો મોકો મળ્યો હતો. તે વખતે અસરગ્રસ્ત વ્યક્તિઓ સાથે વાતચીત કરવાનો પણ અવસર મળ્યો હતો. લોકોએ કહ્યું કે જો એનએચપીસીની પરિયોજના અહીં ના હોત તો વાદળ ફાટવું એટલે શું તેની કોઈને આ કુલુ વિસ્તારમાં ખબર પણ ના પડત. કુલુ વિસ્તાર ખૂબ જ દુર્ગમ વિસ્તાર છે અને ત્યાં આસપાસ કંઈ વસ્તી પણ નથી. કુલુ પહાડીનો ઉપરનો વિસ્તાર દેવદારનાં વૃક્ષોથી આચ્છાદિત છે અને તેનાથી ખૂબ જ મનોરમ દૃશ્ય ખડું થાય છે. એની સામે ગડસા નામની ખૂબ નાની નદી વહે છે. તેની પહોળાઈ બહુ વધારે નથી. તેનો પ્રારંભ એક નાના ઝરણાથી થાય છે. એ નદીને કિનારે દેશના જુદા જુદા પ્રદેશોમાંથી આવેલા મજૂરો રહે છે. તેમનો આવાસ કામચલાઉ હોય છે. તેમાંના કેટલાક તો પોતાના પરિવારની સાથે રહે છે. ત્યાં બીજી કોઈ જગ્યા જ નથી એટલે રહેવા માટે એ જ એક જગ્યા હતી.

**નજરે જોનારાનો અનુભવ**

તા.૧૬.૭.૨૦૦૩ના રોજ રાતે તેઓ જ્યારે ગાઢ નિદ્રામાં હતા ત્યારે ઘણા બધાને ખબર નહોતી કે એ તેમની જિંદગીની છેલ્લી રાત હશે. મધરાતે અચાનક જ ભયાનક અવાજ થયો અને લોકો કંઈ કશું વિચારે અને સમજે તે પહેલાં તો તેઓ પોતે અને તેમનો સામાન પાણીમાં ભારે ગતિથી તણાવાં લાગ્યાં. જેમને કંઈક પકડવાનું મળ્યું તેઓ કિનારે જતા રહ્યા અને બચી ગયા, કેટલાક લોકો એકદમ પહાડ તરફ વહેવા માંડ્યા અને તેમની ઉપર માટી, પથ્થર, ઝાડ અને અન્ય વસ્તુઓ પણ તણાઈને આવી અને તેને કારણે કેટલાક લોકો બચી ગયા. સરકારી તંત્રને ખબર પડતાં જ તેઓ ત્યાં પહોંચ્યા અને કેટલાકને તેઓ બચાવી શક્યા. હિમાચલ પ્રદેશમાં ગામ સ્તરે પણ સંચાર વ્યવસ્થા સારી હોવાને કારણે ખબર તરત જ મળી જાય છે. તેમાં સ્થાનિક લોકોએ ખૂબ મદદ કરી અને પંચાયતના સભ્યોએ રાહતની વસ્તુઓના વિતરણમાં પણ મદદ કરી અને તેનું સંચાલન પણ સંભાળ્યું. ત્યાં રાજ્ય સરકારના પ્રધાન અને વિપક્ષી નેતાઓએ મુલાકાત લીધી તે દરમ્યાન પંચાયતના મહિલા સભ્યોએ વિગતવાર રજૂઆત કરી. આ આપત્તિ પછી તરત જ સરકારે નીચે મુજબનાં પગલાં લીધાં:
(૧) જુદાં જુદાં રાજ્યોમાંથી આવનારા મજૂરોની નોંધણી ફરજિયાત કરી. (૨) તેમને માટે ઓળખપત્ર જારી કરવાની વ્યવસ્થા કરાઈ રહી છે. (૩) મજૂર કાયદાઓનો કડકાઈથી અમલ કરાશે. (૪) પરિયોજનામાં કામ કરનારા મજૂરો વિશે સંપૂર્ણ માહિતી રખાય.

**બોધપાઠ**

- આપત્તિ આવવાથી અસહાયતાની સ્થિતિ ઊભી થવાથી વધારે નુકસાન થાય છે.
- સંચાર વ્યવસ્થા કાર્યક્ષમ હોવાથી અસરકારક રીતે કામ કરી શકાય છે.
- બૃહદ્ પરિયોજનાના આયોજન દરમ્યાન આપત્તિ સંચાલનનો સમાવેશ તેમાં થવો જોઈએ.
- જોખમી વિસ્તારમાં કામ કરનારા મજૂરોનો ફરજિયાત વીમો ઉતારવામાં આવે.
- સ્થાનિક સમુદાય તેમ જ એકમોની ભાગીદારી ખૂબ જ અગત્યની છે કેમ કે તરત જ બહારથી રાહત સામગ્રી આવવી મુશ્કેલ હોય છે.
- ચેતવણી અને સંભવિત ખતરાને દર્શાવવામાં માધ્યમો અગત્યની ભૂમિકા ભજવી શકે છે.

અત્યંત મહત્ત્વની બને છે. એનું કારણ એ છે કે કોઈ પણ આપત્તિમાં આપત્તિના આગમન પછીના પ્રથમ કલાકમાં કોઈ બાહ્ય સહાય સ્થાનિક સ્તરે પહોંચી શકતી નથી અને તેથી એ સમય ખૂબ જ મહત્ત્વનો સમજવામાં આવે છે. પરંતુ આ જ ગાળા દરમ્યાન ઘણાં જાન-માલનું રક્ષણ કરી શકાય છે અને તેમને બચાવી શકાય છે. તેથી એ આવશ્યક છે કે સ્થાનિક સ્તરે એવી યોજના બને અથવા એવી જાગૃતિ ફેલાય કે જેથી આપત્તિથી થતું નુકસાન ઓછામાં ઓછું થાય.

## સ્થાનિક સ્તરની યોજના

સ્થાનિક સ્તરે યોજના બનાવવામાં સ્થાનિક વિસ્તારને સમજવાનો પ્રયાસ કરવો જોઈએ. તેને માટે નિમ્નલિખિત પ્રયાસો કરવા જોઈએ:

(૧) જે તે વિસ્તારની આપત્તિ સંબંધી અસહાયતાની ઓળખ કરવી અને તેને આધારે જોખમ માપવું.
(૨) સમુદાયના સ્તરે સામાજિક અને ભૌતિક નકશો તૈયાર કરવો અને લોકોની સહભાગિતા સુનિશ્ચિત કરવી તથા સામુદાયિક સ્તરે દરેકની જવાબદારી સ્પષ્ટ કરવી.
(૩) આપત્તિ સંબંધી જાગૃતિ, સામુદાયિક શિક્ષણ અને પ્રશિક્ષણ.
(૪) કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે ભંડોળ એકત્ર કરવું.
(૫) કટોકટીના સમયમાં વિવિધ સવલતો એકત્ર કરવી.
(૬) અસરકારક સંચાર વ્યવસ્થા અમલમાં મૂકવી.
(૭) તાત્કાલિક રાહત માટેની યોજના બનાવવી.
(૮) કરવામાં આવેલાં કામોનું દસ્તાવેજીકરણ કરવું.

આપત્તિઓના સંદર્ભમાં 'વિશ્વ આરોગ્ય સંસ્થા' (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન - ડબ્લ્યુએચઓ) દ્વારા ભારતને દુનિયામાં ચોથી ક્રમે સૌથી વધુ સંવેદનશીલ ગણવામાં આવ્યું છે, તેવે સમયે આ પ્રયાસો ઘણા અગત્યના બની જાય છે. આપત્તિ સંચાલનના ત્રણ મુખ્ય ભાગ છે: (૧) આપત્તિ પહેલાં: આપત્તિની અસરો ઓછી કરવા માટેની તૈયારી. (૨) આપત્તિ દરમ્યાન: રાહત અને બચાવ કાર્ય. (૩) આપત્તિ પછી: પુનર્વસન તથા લાંબા ગાળા માટે આપત્તિના સામનાની તૈયારી. અહીં એક બાબત યાદ રાખવાની છે અને તે એ કે કેટલીક આપત્તિઓ એવી હોય છે કે જેમને સર્વગ્રાહી યોજના અને લાંબા ગાળાની યોજનાથી રોકી શકાય છે. જ્યારે બીજી કેટલીક આપત્તિઓ એવી હોય છે કે તેમને રોકી શકાતી નથી.

ઉપરોક્ત સંદર્ભ સાથે સમુદાયના સ્તરે આપત્તિના સામનાની તૈયારી માટે કયાં સંગઠનો સ્થાનિક સ્તરે હાજર છે તેમની ઓળખ થવી જોઈએ. હાલ બે પ્રકારનાં સંગઠનો સ્થાનિક સ્તરે અસ્તિત્વમાં છે: (૧) પંચાયતી રાજની સંસ્થાઓ: આ સંસ્થાઓને બંધારણીય રીતે સત્તાઓ સોંપવામાં આવી છે અને સ્થાનિક વિકાસ માટે લોકોની સહભાગિતાથી તેઓ યોજનાઓ બનાવી શકે છે. (૨) ગામ સ્તરનાં અન્ય જૂથો: મહિલા મંડળ, યુવક મંડળ, સ્વ-સહાય જૂથો, ખેડૂત મંડળ, ક્લબ વગેરે. આ સંગઠનો સ્થાનિક જરૂરિયાતો અનુસાર રચાયાં હોય છે.

આ સંગઠનોને સાથે લઈને જૂથ-આધારિત આપત્તિ નિવારણ યોજના બનાવી શકાય છે. આવી સક્ષમ યોજના ઘડવામાં આપત્તિ પહેલાંની તૈયારીઓ, તેમને રોકવા માટેની તૈયારીઓ, તેમાંથી બચાવ વગેરેનો સમાવેશ થાય. તે સ્થાનિક સંસાધનો અને કૌશલ્યો અનુસાર બનાવવામાં આવે અને તેની માલિકી સમુદાય પાસે જ હોય. આવી યોજના ઘડવાની પ્રક્રિયામાં નીચેની બાબતોનો સમાવેશ થવો જોઈએ:

(૧) સમુદાય સ્તરે લોકોની જાગૃતિ વધારવી અને સમજવી.
(૨) એક ઝુંબેશ ચલાવવી કે જેથી લોકો પોતાના વિસ્તારની આપત્તિઓ વિશે સંવેદનશીલ બને અને તેનો પ્રતિભાવ આપવા માટે તેઓ તૈયાર થાય.
(૩) લઘુતમ સ્તરે જરૂરી આંકડા એકત્ર કરવામાં આવે.
(૪) મુશ્કેલ પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવામાં આવે.
(૫) સમુદાય સ્તરે એક 'આપત્તિ નિવારણ દળ'ની રચના કરવામાં આવે.
(૬) આપત્તિના પ્રતિભાવ માટે એક વિશેષ યોજના ઘડવામાં આવે.
(૭) 'આપત્તિ નિવારણ દળ'ના સભ્યોનું પ્રશિક્ષણ કરવામાં આવે અને યોજનાના અમલ માટે અભ્યાસ કરવામાં આવે.

આ સંદર્ભમાં આપત્તિ સંચાલનની સ્થાનિક યોજના વિશે કેટલીક વિશિષ્ટ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ:

(૧) સમુદાયની પરંપરાનું અધ્યયન કરવામાં આવે અને તેમાં પ્રવર્તમાન સમુદાય-આધારિત સ્થાનિક વ્યવસ્થાને સમજવામાં આવે.
(૨) સૌથી વધારે અને સૌથી જલદી જેને નુકસાન પહોંચવાનું હોય તેવી વ્યક્તિઓને ઓળખવી અને તેમને કેવી રીતે બચાવવી તે જોવું. ખાસ કરીને બાળકો, વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ, વિકલાંગો વગેરેને બચાવવાની કોશિશ આ યોજનાનો ભાગ બનવી જોઈએ.
(૩) તેમાં મહિલાઓ પ્રત્યેની સંવેદનશીલતા અંગે વિશેષ ધ્યાન આપવામાં આવે.
(૪) સમૂહના સક્રિય લોકો હાજર રહે અને તેમનું પ્રશિક્ષણ થાય.
(૫) ગામ સ્તરે સંવેદનશીલતા ઊભી થાય અને જાગૃતિ માટે ઝુંબેશ હાથ ધરાય.
(૬) ગ્રામ આપત્તિ સંચાલન સમિતિની રચના થાય.

**જુઓ પૃષ્ઠ ૩૨**

# બાલ સંસદ

અમદાવાદમાં બાળકોને લોકશાહીનું શિક્ષણ આપવાનો અને તે દ્વારા તેમનામાં અને સમાજમાં બાળકોના પ્રશ્નો વિશે જાગૃતિ લાવવાનો એક અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ' અને અન્ય બિન-સરકારી સંગઠનો દ્વારા આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સંસદ તો ચૂંટાયેલા પ્રતિનિધિઓની બનેલી હોય છે. બાળકોની પોતાની સંસદ એ રીતે અજોડ ઘટના બની રહી. તેનો ટૂંકો અહેવાલ અત્રે પ્રસ્તુત છે.

## પ્રસ્તાવના

ગુજરાતની વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં એ અગત્યનું છે કે બાળકો તેમના સમાજ સાથે, તેમના પોતાના પ્રશ્નો સાથે અને શાસન વ્યવસ્થા સાથે નાતો જોડે. આ ઉછરતી પેઢીને તેમની પોતાની સમસ્યાઓને વિશે, તેમના પોતાના અધિકારો વિશે સમજ કેળવવા અને સરકાર તેને કેવી રીતે સાંભળે તેની સમજ ઊભી કરવાની એક તક પૂરી પાડવાની જરૂર છે. આ સિદ્ધ કરવા માટે 'બાલ સંસદ'નું સૂચન કરાયું હતું. બાલ સંસદ એ સંસદનું ગૃહ છે કે જેમાં બાળકો જ છે. તે બાળકોની છે, બાળકો દ્વારા છે અને બાળકો માટે છે. બાળકો સંસદની બેઠક ચલાવે અને આ 'બાલ સંસદ' ઘણી મહત્ત્વની પ્રવૃત્તિ ગણાય કે જે મોટાં વિધાયક પરિણામો આપી શકે છે.

બાલ સંસદનું આયોજન કરવું એ કામ કરતાં કરતાં શીખવાની પદ્ધતિ છે. તે બાળકોને શાસન વિશેના તેમના વિચારો વ્યક્ત કરવાની મોટી તક પૂરી પાડે છે. આ કાર્યક્રમનું મહત્ત્વ એ છે કે બાળકો તેમના અધિકારો વિશે અને નિર્ણય પ્રક્રિયા વિશે જાણે, અને તેઓ તે સામૂહિક સહભાગિતાથી જાણે તે માટે તેમને પ્રોત્સાહન આપવાનો પ્રયત્ન છે. એ રીતે તેમની ભણતરની કુશળતા, આત્મગૌરવ અને વિશ્વાસ વધે છે. બાળકોને જે કંઈ જોઈએ છે તે નક્કી કરવામાં બાળકોને સ્વતંત્રતા આપવાની આ એક અગત્યની પદ્ધતિ છે. તે બાળકોને પરસ્પર મંતવ્યોની આપ-લે કરવાની અને આયોજન કરવાની, ઉકેલો શોધી કાઢવાની અને સ્વતંત્ર રીતે સમસ્યાને ઉકેલવાની તક પૂરી પાડે છે.

બાલ સંસદનો ખ્યાલ નવો નથી. રાજસ્થાનમાં ૧૯૭૨માં તિલોનિયામાં તેની શરૂઆત થઈ હતી. રાત્રિ શાળાનાં બાળકો શાળાની પ્રવૃત્તિઓ ચલાવે તે માટે તેમને તક પૂરી પાડવાથી તેની શરૂઆત થઈ. આ નવતર પદ્ધતિએ બાળકોને તેમની શાળા ચલાવવા માટે, સામૂહિક રીતે ચર્ચા કરવા માટે અને સમુદાયની સમસ્યાઓ ઉકેલવા માટે તક પૂરી પાડી. બાળકોને સમાજમાં સમાન સભ્યપદ અને સહભાગિતાનો હક પ્રાપ્ત થાય તે માટેનો આ પ્રયાસ હતો. તિલોનિયાનો અનુભવ ઘણો સફળ રહ્યો અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે તેને પ્રસિદ્ધિ મળી હતી.

ચૂંટણીની પ્રક્રિયાની સાચી સમજ બાળકોને મળે તે માટે ઉમેદવારી, ઝુંબેશ અને મતદાનની યોગ્ય પ્રક્રિયા દ્વારા દરેક વર્ગમાંથી વિદ્યાર્થીઓ પોતાના સભ્યોને ચૂંટે અને એમની 'બાલ સભા' બને, ટેકો મેળવવા માટેની ઝુંબેશમાં દરેક ઉમેદવારે પોતાનું પ્રતીક પસંદ કરવાનું, પોસ્ટર્સ તૈયાર કરવાનાં, ઢંઢેરા તૈયાર કરવાના અને મત મેળવવા માટે ભાષણો આપવાનાં. આ એક લાંબી પ્રક્રિયા છે. જો સમયની મર્યાદા હોય તો આ રીતે બાળકોની પસંદગી થાય તેને બદલે દરેક શાળામાંથી બે વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવે. બાળકોમાં છોકરીઓ પણ હોય અને તમામ ધર્મો તથા જ્ઞાતિઓનાં બાળકો હોય. પછી આ સાંસદો ઉમેદવારી, ઝુંબેશ અને મતદાન દ્વારા તેમનામાંથી અધ્યક્ષ, નાયબ અધ્યક્ષ, વડા પ્રધાન અને ૧૦ પ્રધાનો ચૂંટી કાઢે એમ પણ બને.

તેનો હેતુ દેશની રાજકીય વ્યવસ્થા વિશે બાળકોમાં જાગૃતિ લાવવી કે જેથી તેઓ લોકશાહીમાં ભાગીદાર થાય ઉપરાંત તેમને તેમના અધિકારો અને ફરજો વિશે સજાગ કરવા કે જેથી તેઓ ભવિષ્યના જવાબદાર નાગરિકો બને તે છે. જુદી જુદી શાળાનાં બાળકોમાંથી સંસદની રચના કરવી એ તેની પદ્ધતિ છે.

## પસંદગીનો માપદંડ

૧. ૧૦થી ૧૮ વયનાં બાળકો.
૨. નિયમિત શાળાએ જતાં બાળકો.
૩. સમાજનાં તમામ વર્ગો અને જૂથોનું પ્રતિનિધિત્વ જળવાય. તમામ ધર્મો, જ્ઞાતિઓ અને સામાજિક આર્થિક રીતે વિવિધ પ્રકારનો દરજ્જો ધરાવતાં જૂથોનું તથા છોકરા-છોકરીઓનું પ્રતિનિધિત્વ જળવાય.

## ચૂંટણીની પ્રક્રિયા

ચૂંટણી યોજવામાં લાંબી પ્રક્રિયાનો સમાવેશ થાય છે. તેથી શિક્ષકો તેમની શાળાઓમાંથી બબ્બે બાળકોની પસંદગી પણ કરે. તેમાં સંસદ

માટે જરૂરી કુશળતાઓને ધ્યાનમાં લેવામાં આવે.

**બાલ સંસદનું માળખું અને તેનાં કાર્યો**

૧. વડા પ્રધાન અને ગૃહના અધ્યક્ષની પસંદગી સભ્યો કરે. પ્રધાનો હોય, દરેકને કોઈક ખાતું ફાળવાય. વિરોધ પક્ષ શાસક પક્ષનાં કાર્યો પર દેખરેખ રાખે.
૨. દરેક પ્રધાનનાં કાર્યો ખાતાવાર વિગતે નક્કી કરવામાં આવે.
૩. સભ્યો, વડા પ્રધાન, અધ્યક્ષ અને વિરોધ પક્ષ માટે સામાન્ય આચારસંહિતા ઘડાય.
૪. સંસદ સભ્યોની જવાબદારીઓ પણ નક્કી કરાય.

## બાલ સંસદનો કાર્યક્રમ

બાલ સંસદનો કાર્યક્રમ અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ૩૦મી ડિસેમ્બર-૨૦૦૩ના રોજ યોજાયો હતો. તેમાં અમદાવાદના કોમી તનાવગ્રસ્ત વિસ્તારોની ૨૪ મ્યુનિસિપલ શાળાઓનાં ૧૮૭ બાળકોએ ભાગ લીધો હતો. અમદાવાદના 'કામદાર સ્વાસ્થ્ય અને સુરક્ષા મંડળ' (કેએસએસએમ) દ્વારા અન્ય બિન-સરકારી સંગઠનોના સહકારથી આ કાર્યક્રમ યોજાયો હતો. તેમાં 'કેર', 'ટીચર્સ ફોર ચિલ્ડ્રન', 'ચેતના', 'મારગ', 'ચાઈલ્ડલાઈન', 'જીવનતીર્થ', 'સ્નેહપ્રયાસ' અને 'જનપથ' વગેરેનો સક્રિય સહયોગ મળ્યો હતો.

બાલ સંસદ માટે તે હાથ ધરી શકે તેવા સંભવિત પ્રશ્નો નક્કી કરાયા હતા. જો કે, આ થોડોક ઉપરથી નીચેનો અભિગમ છે. આ મુદ્દાઓ અને પ્રશ્નો આ મુજબના હતાઃ

૧. આપત્તિ અને બાળકો.
૨. પ્રાથમિક શિક્ષણ.
૩. બાળ આરોગ્ય.
૪. બાળ મજૂરી.
૫. બાળ અધિકારોઃ
   ૧. બિન-શરતી પ્રેમ અને સ્નેહનો અધિકાર.
   ૨. આરોગ્યપ્રદ વિકાસનો અધિકાર.
   ૩. સંપૂર્ણ અને કાર્યગત પરિવારનો અધિકાર.
   ૪. શિક્ષણનો અધિકાર.
   ૫. સલામત પર્યાવરણનો અધિકાર.
   ૬. મનોરંજન, રમતગમત વગેરે પ્રવૃત્તિનો અધિકાર.

આ પ્રક્રિયાને નીચેથી ઉપરના અભિગમવાળી બનાવવા માટે સમુદાયમાં બાળકો સાથે આ વિષયો વિશે જૂથ ચર્ચાઓ રાખવામાં આવી હતી. તેમાં તેમની પોતાની સમસ્યાઓ શોધી કાઢવામાં આવી હતી. એ સમસ્યાઓ વિશે જ તેમણે સંસદમાં વાત કરી હતી.

સંસદની કામગીરી કેવી રીતે કરવી તે અંગે શાળાઓમાં જૂથ રિહર્સલ કરવામાં આવ્યાં. શાળાઓએ આ માટે એક કલાક ફાળવ્યો હતો. આને પરિણામે બાળકોમાં સંસદ વિશેની થોડી સમજ ઊભી થઈ હતી. સંસદ જ્યારે મળી ત્યારે બાળકોએ જુદી જુદી ભૂમિકા ધારણ કરી હતી. ગુજરાતની વિધાનસભાના અધ્યક્ષ ડૉ. મંગળદાસ પટેલે બાલ સંસદ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કર્યું.

તેમાં અમદાવાદના સંયુક્ત પોલિસ કમિશનર શ્રી કેશવકુમાર, ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક પ્રો. અરુણ દવે, અમદાવાદ મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ શ્રી જંયતીભાઈ પરમાર વગેરે હાજર રહ્યા હતા. બાળકોએ રાષ્ટ્રપતિ, વડા પ્રધાન અને વિરોધ પક્ષના નેતા વગેરે જેવા પ્રતિનિધિઓની ભૂમિકા ભજવી હતી. પ્રધાનો, સભ્યો અને અધ્યક્ષ તરીકેની ભૂમિકા પણ બાળકોએ ભજવી હતી.



બાળકોએ તેમની રજૂઆતો, ચર્ચા અને ભાષણોમાં જે વિષયો નક્કી કરવામાં આવ્યા હતા તેના વિશે અસરકારક વાત કરી હતી. આ ચર્ચા નીચે મુજબ રહી હતીઃ

### (૧) શિક્ષણ

બાળકોએ શાળાઓ, શિક્ષકો, શૈક્ષણિક સામગ્રીની પ્રાપ્યતા વિશેના સવાલો ઉઠાવ્યા હતા. ખાસ કરીને અંતરિયાળ વિસ્તારોનાં બાળકોના શિક્ષણ વિશેના પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોમ્પ્યુટરની સવલત,

ગ્રંથાલયની સવલત, મર્યાદિત શૈક્ષણિક પ્રવાસો, શિક્ષણની ગુણવત્તા, શિક્ષણની પદ્ધતિ વગેરે પણ તેમની ચિંતાના વિષયો રહ્યા હતા.




### (૨) બાળ મજૂરી

બાળ મજૂરોની સંખ્યા ગુજરાતમાં કેટલી છે અને સરકારે બાળ મજૂરી નાબૂદ કરવા શું પગલાં લીધાં છે તે વિશે વિરોધ પક્ષે ખૂબ સવાલો પૂછયા હતા. આ અંગેની ચર્ચા ખૂબ જ ગરમાગરમ રહી હતી. કામ કરતાં કેટલાંક બાળકોએ એક સ્કિટ પણ રજૂ કરી હતી.

### (૩) આરોગ્ય

આરોગ્યની સ્થિતિ વિશે બાળકોએ જે સવાલો ઉઠાવ્યા તે માત્ર પ્રસ્તુત હતા એટલું જ નહિ, પણ સમગ્ર સમુદાય સાથે સંબંધિત હતા. સફાઈ અને પોષણના મુદ્દે તેમણે પાયાના સવાલો ઊભા કર્યા હતા. શાળાઓએ પોષણયુક્ત આહાર પૂરો પાડવાની જવાબદારી ઉઠાવવી જોઈએ એવો મુદ્દો પણ ઉપસ્થિત થયો હતો. પોષણલક્ષી મુદ્દાઓ વિશે પણ એક સ્કિટ રજૂ કરવામાં આવી હતી.

### (૪) આપત્તિ

પહેલાં ભૂકંપ અને પછી કોમી રમખાણોનો જાત અનુભવ કરનારાં આ બાળકોએ આ અંગે કેટલાક પાયાના સવાલો ઊભા કર્યા હતા. તેમણે આ અંગે ગંભીર મુદ્દાઓ ઉપસ્થિત કરીને બાળકોની સલામતી માટેની વ્યવસ્થા ઊભી કરવાની માગણી કરી હતી.

## બાલ સંસદ પછીનું કાર્ય

બાલ સંસદ ભરાઈ ગયા પછીનું કાર્ય બાલ સંસદ જેટલું જ અગત્યનું છે. આ કાર્ય 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ' દ્વારા ઉત્સાહભેર કરાયું છે. આ કાર્ય નીચે મુજબ છે:

### (૧) પોસ્ટર સ્પર્ધા

બાલ સંસદની તૈયારી રૂપે આ સ્પર્ધા યોજાઈ હતી. બાળકોને તેમના વિસ્તારમાં ફરીને અન્ય બાળકોની સ્થિતિ સમજવાનું કહેવાયું હતું, અને તેના વિશે જ સહભાગી બાળકોની એક પોસ્ટર સ્પર્ધા યોજાઈ હતી. તેમાં તમામ બાળકોએ ભાગ લીધો હતો. બાળ મજૂરી, આપત્તિ, શિક્ષણ અને આરોગ્ય જેવા મુદ્દાઓ વિશે તેમણે પોસ્ટર્સ દોર્યાં હતાં. આ પોસ્ટર્સમાં બાળકોએ તેમની જિંદગીમાં નડતી સમસ્યાઓનું નિદર્શન કર્યું હતું. એ રીતે તેમને તેમની લાગણીઓને તથા સંવેદનાઓને વ્યક્ત કરવાની તક મળી હતી. તેનું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું હતું અને વિજેતા બાળકોને ઈનામો આપવામાં આવ્યાં હતાં.

### (૨) રાજ્યપાલ સાથે મુલાકાત

બાલ સંસદમાં ભાગ લેનારાં બાળકોની ગુજરાત રાજ્યના રાજ્યપાલ સાથે તેના નિમંત્રણથી એક મુલાકાત યોજવામાં આવી હતી. બાળકોએ તેમના નિવાસે સાંસ્કૃતિક કાર્ય રજૂ કર્યો હતો અને ભાષણો પણ આપ્યાં હતાં. શાળાઓએ આ કાર્યક્રમ તૈયાર કરવા માટે ઉત્સાહભેર જવાબદારી ઉઠાવી હતી. બાળકો માટે આ કાર્યક્રમ ખૂબ જ યાદગાર રહ્યો હતો કારણ કે તેઓ રાજ્યના વડાને મળીને પોતાની સમસ્યાઓ રજૂ કરવાના હતાં.

### (૩) ચૂંટણીના ઉમેદવારો સાથે વાતચીત

બાળકો મતદાતાઓ નથી તેથી ઉમેદવારો તેમની પાસે આવતા નથી. પરંતુ બાલ સંસદમાં ભાગ લેનારાં બાળકોએ તેમનો પોતાનો ચૂંટણી ઢંઢેરો ઘડ્યો અને તેમના પ્રશ્નો વિશે નેતાઓને પ્રશ્નો પૂછ્યા. ૧૬મી એપ્રિલ, ૨૦૦૪ના રોજ આ કાર્યક્રમ યોજાયો. સામાન્ય રીતે રાજકીય પક્ષો બાળકોના પ્રશ્નોનો સમાવેશ તેમના ચૂંટણી ઢંઢેરામાં પણ કરતા હોતા નથી અને ત્યારે લોકસભાની ચૂંટણીના ઉમેદવારો સાથે બાળકોની સીધી વાતચીતનો આ કાર્યક્રમ રસપ્રદ રહ્યો. સંસદની ચૂંટણીમાં ઉમેદવારોએ પોતાનો પ્રચાર શરૂ કર્યો ત્યારથી જ બાળકોએ તેના પર ધ્યાન આપવાની અને પોતાના પ્રશ્નોની તેમની સમક્ષ રજૂઆત કરવાની તૈયારીઓ કરી હતી. આ તૈયારીઓ તેમને પોતાનો ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવામાં કામ લાગી હતી. નોંધપાત્ર બાબત એ હતી કે આ સમગ્ર પ્રક્રિયા દરમ્યાન શાળાના શિક્ષકોએ બાળકોને સહાય કરી હતી.

# સાંપ્રત પ્રવાહ

## મિલકતલક્ષી કૌટુંબિક કાયદાઓમાં સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવને દૂર કરવાનો પ્રયાસ

સ્ત્રીઓની આજીવિકાના મુદ્દા તરીકે અને સશક્તિકરણના મુદ્દા તરીકે સ્ત્રીને નામે ખેતીની જમીન હોય તે મહત્ત્વનું છે. સ્ત્રીને નામે જમીન થાય તે હેતુથી ગુજરાતની ૧૭ સ્વૈચ્છિક સંસ્થાઓએ મળીને એક કાર્યકારી જૂથ રચ્યું છે, જેના ઉદ્દેશો નીચે મુજબ છે:

(૧) સ્ત્રીઓના નામે જમીન કરવામાં ગુજરાત સરકારનાં કાયદાકીય નડતરોને દૂર કરવાની ભલામણો કરવી.

(૨) અસ્તિત્વમાં હોય તે કાયદાઓનો યોગ્ય રીતે અમલ કરીને સ્ત્રીઓને જમીનની માલિકી મળે તે માટે ઝુંબેશ કરવી.

(૩) સ્ત્રીઓ અને જમીનની માલિકીના મુદ્દાને વિકાસના ક્ષેત્રમાં મહત્ત્વ મળે તે માટે પ્રયાસ કરવા.

આપણા બંધારણની મૂળભૂત અધિકારોને લગતી કલમોમાંની કલમ-૧૪ દરેક વ્યક્તિની કાનૂની સમાનતાનું રક્ષણ કરે છે અને કલમ-૧૫માં એમ પણ કહેવાયું છે કે કોઈ પણ વ્યક્તિ સાથે તેના લિંગભેદને કારણે ભેદભાવભર્યો વર્તાવ કરી શકાશે નહીં. "સ્ત્રી અને જમીનની માલિકી"ના મુદ્દા પરના કાર્યકારી જૂથની સભ્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા તેમના કાર્યક્ષેત્રનાં ૨-૨ ગામોમાં સ્ત્રીને નામે જમીન હોવાના આંકડા શું કહે છે તે બાબતે એક અભ્યાસ હાથ ધરવામાં આવ્યો. આ મુજબ સ્ત્રીને નામે વધુમાં વધુ જમીન ૧૧ ટકા સુધીની છે. સ્ત્રીઓના નામે જમીનની માલિકી ઓછા પ્રમાણમાં હોવાનાં બે મુખ્ય કારણો ધ્યાનમાં આવ્યાં: (૧) સામાજિક માન્યતાઓ અને રિવાજો, (૨) સ્ત્રીઓ માટેના કૌટુંબિક કાયદાઓમાં પ્રવર્તમાન લિંગભેદ.

સ્ત્રીને નામે જમીન માટે કાયદાકીય ફેરફારોની માગણીઓ કેમ મહત્ત્વની છે? 'સંયુક્ત રાષ્ટ્રો' દ્વારા ૧૯૪૬માં સ્ત્રીઓની સ્થિતિ અને અધિકારો માટે સમજૂતી પંચની સ્થાપના થઈ. તેની ૩૦ વર્ષોની સખત મહેનતના પરિણામે આ સમજૂતી થઈ શકી છે. આ સમજૂતી પંચનું મુખ્ય કામ છે સમાજની જુદી જુદી સંસ્થાઓ દ્વારા સ્ત્રીઓ પ્રત્યે જે ભેદભાવ કરવામાં આવે છે તે પ્રકાશિત કરવા. સ્ત્રીઓની વિરુદ્ધ દરેક પ્રકારના ભેદભાવનો અંત લાવવા માટેની સમજૂતી એ સ્ત્રીઓના અધિકારો અંગે માહિતી આપતો મુખ્ય દસ્તાવેજ છે, જેને "સીડો" (સીઈડીએડબ્લ્યુ) તરીકે ઓળખવામાં આવે છે. આ સમજૂતીની કલમ:૨ અનુસાર રાષ્ટ્રીય સરકારો સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવોનો વિરોધ કરે છે. સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવ અટકાવવા માટે યોગ્ય કાયદાઓ ઘડવામાં આવે અને તેને લાગુ કરવામાં આવે તેમ જ જ્યાં જરૂર છે ત્યાં પ્રવર્તમાન કાયદાઓમાં સંશોધનની વ્યવસ્થા કરવામાં આવે અને તેના અમલ અંગે યોગ્ય ઉપયોગ કરવામાં આવે. તેમ જ દેશના સંવિધાન અંતર્ગત સ્ત્રી-પુરુષની સમાનતાના સિદ્ધાંતોને સાકાર રૂપ પ્રદાન કરવામાં આવે અને સ્ત્રીઓને પ્રત્યે થતા કોઈ પણ પ્રકારના ભેદભાવને રોકવા માટે અસરકારક સલામતી પૂરી પાડવામાં આવે.

કલમ:૩ અનુસાર રાષ્ટ્રીય સરકારો દ્વારા દરેક ક્ષેત્રમાં સ્ત્રીઓને પુરુષની સાથે સમાન અધિકારો તથા મૂળભૂત સ્વતંત્રતાઓ મળી શકે અને સ્ત્રીઓનો સંપૂર્ણ વિકાસ અને પ્રગતિ થઈ શકે તે માટે નવા કાયદા બનાવવા સહિતનાં તમામ પગલાં લેવામાં આવે. કલમ:૧૮ અનુસાર જમીન-જાયદાદની જવાબદારી, વ્યવસ્થા, તેના લાભ તથા તેને વેચવા માટેના સમાન અધિકાર આપવામાં આવે.

આમ છતાં, આઝાદીનાં ૫૭ વર્ષ પછી દેશની ૫૦ ટકા જેટલી વસ્તી એટલે કે સ્ત્રીઓને બંધારણની આ કલમોનો લાભ મળતો નથી, કે સ્ત્રીઓ સાથે થતા દરેક પ્રકારના ભેદભાવ દૂર કરવાની સમજૂતીનો અમલ થયો નથી. આપણા કૌટુંબિક કાયદાઓ હજી પણ સ્ત્રીઓ સામે ભેદભાવ ચાલુ રાખે છે, જેની સીધી અસર સ્ત્રીની જમીનની માલિકી પર થાય છે.

કાયદાકીય રીતે મિલકતના અધિકારને લગતા ઊભા થતા ભેદભાવને દૂર કરવા "સ્ત્રી અને જમીનની માલિકી"નું કાર્યકારી જૂથ કામ કરે છે. મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને તામિલનાડુમાં હિન્દુ દત્તક ધારો-૧૯૮૫ તેના સુધારામાં પુત્રીને હિસ્સેદારી આપવાની વાત કરે છે. પરંતુ ગુજરાત જેવા વિકસિત રાજ્યે આ બાબતે હજી સુધી કોઈ પહેલ કરી નથી. આ માટે, આ સાથે પિતાની મિલકતમાં પુત્રની જેમ પુત્રીઓને પણ સમાન અધિકારની દૃષ્ટિએ જે માગણીઓ છે તે આ મુજબ છે:

(૧) સંયુક્ત હિન્દુ કુટુંબમાં હિસ્સેદારી ધરાવતી પુત્રી જન્મથી પુત્રની જેમ જ સમાન હિસ્સેદાર બને, જેમાં પુત્રની જેમ ઉત્તરદાયિત્વનો દાવો કરવાના અધિકારનો પણ સમાવેશ થાય છે. અહીં પિતાની મિલકત માત્ર પુત્રોને મળે એ ખ્યાલ

ન હોવો જોઈએ.

(૨) પિતાની તમામ મિલકતના વિભાજન વખતે પુત્રને મળી શકતો હોય તેટલો જ ભાગ પુત્રીને પણ મળે તે રીતે મિલકતની વહેંચણી કરવી.

(૩) એક હિન્દુ સ્ત્રીને જે મિલકતના વારસાનો આધાર મળે છે તે તેના પરના સમાન હિસ્સાની માલિકીનો અધિકાર વેચાણ, દસ્તાવેજીકરણ કે વસિયતનો પણ રહે તેમ કરવું અત્યંત જરૂરી છે.

(૪) તમામ મિલકતનું વિભાજન કરતાં પહેલાં વ્યક્તિએ તેની મિલકતનો ત્રીજો ભાગ પોતાની પત્ની અને બાળકના નામે અને બે-તૃતીયાંશ ભાગ પોતાનાં માતાપિતા અને બીજા આશ્રિત લોકોના નામે મૂકી દેવો જોઈએ.

(૫) અગાઉ મૃત્યુ પામેલા પુત્ર-પુત્રી જો મિલકતના વિભાજનના સમયે જીવિત હોય તો તેને મળનાર ભાગ અગાઉ મૃત્યુ પામેલા પુત્ર-પુત્રી કે તેના સંતાનને જે હોય તે અનુસાર આપવામાં આવે એ ઈચ્છનીય છે.

(૬) બીજા વ્યક્તિગત કાયદાઓમાં સંપત્તિના હક્કો સંબંધિત પ્રવર્તમાન સ્ત્રી-પુરુષ ભેદભાવોને દૂર કરવા માટે યોગ્ય પગલાં સરકારો દ્વારા લેવામાં આવે.

આ માગણીઓના ખતપત્ર પર સહી કરવાની એક ઝુંબેશ ચલાવવામાં આવી છે. આ જૂથમાં ૧૭ જેટલી સંસ્થાઓ સભ્ય છે.

## 'ચરખા' દ્વારા યોજાયેલો લેખન સ્પર્ધા પુરસ્કાર વિતરણ કાર્યક્રમ

'ચરખા' દ્વારા ૨૦૦૩ દરમ્યાન 'વિકાસલક્ષી કાર્યોમાં સ્થાનિક સ્તરની મહિલાઓનું નેતૃત્વ' વિષય અંગે એક લેખન સ્પર્ધા યોજાઈ હતી. ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓના સામાજિક કાર્યકરો માટે યોજાયેલી આ લેખન સ્પર્ધામાં ૫૫ સામાજિક કાર્યકરોએ પોતાના કાર્યના અનુભવોના આધારે મહિલા નેતૃત્વ અંગે લખી મોકલ્યા હતા. આ કૃતિઓમાંથી પ્રથમ પાંચ વિજેતા કૃતિઓને સન્માનવાનો એક કાર્યક્રમ તા. ૧૩મી માર્ચ-૨૦૦૪ના રોજ અમદાવાદ ખાતે યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે સુશ્રી સુમિતાબહેન ઘોષ ઉપસ્થિત રહ્યાં હતાં. સુશ્રી સુમિતાબહેન 'ચરખા'ની શરૂઆતથી જ 'ચરખા' સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલાં છે અને હાલમાં નવી દિલ્લીમાં 'ધ હંગર પ્રોજેક્ટ' સાથે કાર્યરત છે.

પુરસ્કાર વિતરણ કાર્યક્રમમાં પોતાનું ચાવીરૂપ વકતવ્ય આપતાં સુશ્રી સુમિતાબહેને 'ચરખા ગુજરાત' દ્વારા સંગઠનાત્મક રીતે થઈ રહેલાં કાર્યોની સરાહના કરી હતી. તેમણે ગ્રામીણ મહિલા આગેવાનો સાથેના પોતાના નોંધપાત્ર અનુભવો અને મહિલાઓની સ્થિતિ વિશે રજૂઆત કરી હતી. વિકાસ ક્ષેત્રે નેતૃત્વ પૂરું પાડનારાં સ્થાનિક સ્તરનાં બહેનો વિશે વ્યાપક જનસમાજને માહિતી પૂરી પાડવાના 'ચરખા'ના પ્રયાસને તેમણે બિરદાવ્યો હતો.

ત્યાર બાદ લેખન સ્પર્ધા પ્રથમ પાંચ વિજેતાઓને સ્મૃતિ-ચિહ્ન, પુરસ્કાર અને પ્રમાણપત્રો એનાયત કરીને સન્માનવામાં આવ્યા હતા. પ્રથમ પાંચ વિજેતા સામાજિક કાર્યકરોનાં નામ નીચે મુજબ છે:

(૧) પ્રથમ - સુશ્રી વર્ષાબહેન વ્યાસ (સાવારાજ, રાજકોટ)
(૨) દ્વિતીય - શ્રી યોગેશભાઈ દવે (ગ્રામ સ્વરાજ સંઘ, કચ્છ)
(૩) તૃતીય - સુશ્રી રીટાબહેન ચપલા (ઉત્થાન, ભાવનગર)
(૪) ચોથા - શ્રી કીર્તિભાઈ પટેલ (એકેઆરએસપી-આઈ, સુરેન્દ્રનગર)
(૫) પાંચમા - સુશ્રી કાશ્મીરા સવંટ (સ્વયં શિક્ષા અભિયાન - અમરેલી)



ઉપરોક્ત વિજેતાઓની સાથે સાથે 'ચરખા'ને નિયમિત રીતે લેખો લખી મોકલતા અમદાવાદની 'સેવા અકાદમી'ના ત્રણ સામાજિક કાર્યકરોનું પણ પ્રમાણપત્ર અર્પણ કરીને બહુમાન કરવામાં આવ્યું હતું. તેમનાં નામો નીચે મુજબ છે: (૧) સુશ્રી બાલુબહેન મકવાણા. (૨) સુશ્રી વર્ષાબહેન દાતણિયા. (૩) સુશ્રી નિર્મળાબહેન પિલ્લાઈ.

લેખન સ્પર્ધાના નિર્ણાયક તરીકે 'સંદેશ'ના પત્રકાર શ્રી અજયભાઈ રામી, ગૂજરાત વિદ્યાપીઠના

સમાજકાર્ય વિભાગનાં પ્રાધ્યાપિકા સુશ્રી આનંદીબહેન પટેલ તથા ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ વિભાગનાં સુશ્રી સોનલબહેન પંડ્યાએ ખૂબ ઝીણવટ અને ઉત્સાહપૂર્વક સ્પર્ધામાં આવેલા તમામ લેખો તપાસ્યા હતા. પુરસ્કાર વિતરણ કાર્યક્રમ દરમ્યાન સુશ્રી આનંદીબહેન પટેલ અને સુશ્રી સોનલબહેન પંડ્યાએ ઉપસ્થિત રહી સ્પર્ધામાં આવેલા લેખો વિશે પોતાના પ્રતિભાવો આપ્યા હતા. કાર્યક્રમમાં 'ચરખા'ના ટ્રસ્ટીઓએ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. ગુજરાતના જુદા જુદા જિલ્લાના સામાજિક કાર્યકરો, પત્રકારો અને નાગરિકોએ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## અવરોધ-મુક્ત પર્યાવરણનું સર્જન

છેલ્લા ત્રણ માસ દરમ્યાન જાહેર સ્થળો વિકલાંગો માટે આસાન બને તે માટે કેટલાક પ્રયાસો 'ઉન્નતિ' દ્વારા કરવામાં આવ્યા હતા. તે આ મુજબ હતાઃ

**(૧) અમદાવાદમાં લો ગાર્ડનનું હલનચલનની સરળતાના સંદર્ભમાં અન્વેષણઃ**

વિકલાંગ લોકોને હલનચલનમાં સરળતા ઊભી થાય અને અવરોધ-મુક્ત પર્યાવરણ ઊભું થાય તે માટેની હિલચાલ હવે વેગ પકડી રહી છે. હંમેશાં એમ લાગતું રહ્યું છે કે બધાને ખબર પડે તેવું વિધાયક ઉદાહરણ જરૂરી છે કે જેથી અવરોધ-મુક્ત પર્યાવરણ ઊભું થાય અને લોકોનાં જાગૃતિ તથા રસ વધે. અમદાવાદમાં લો ગાર્ડન ખૂબ જ લોકપ્રિય સ્થળ છે. લોકો વારંવાર તેની મુલાકાત લે છે. તેમાં શી સ્થિતિ છે તે તપાસવામાં આવ્યું. સ્થપતિ શ્રી કમલ મંગળદાસે અને તેમની પેઢીએ આ કામમાં ટેકો પૂરો પાડ્યો હતો. વળી, મહાનગરપાલિકાના સત્તાવાળાઓએ પણ તેમાં રસ લીધો હતો અને જે કંઈ ફેરફાર કરવા જરૂરી હતા તેના વિશે તેમણે વિધાયક પ્રતિભાવ આપ્યો હતો. તા.૯/૧૦.૧.૨૦૦૪ના રોજ આ અન્વેષણ હાથ ધરાયું હતું અને તેમાં દિલ્લીના હેન્ડિકેપ ઈન્ટરનેશનલ



- સાર્કના શ્રી ડી. નંદાએ નિષ્ણાત તરીકે કામ કર્યું હતું. 'ઉન્નતિ', 'અંધજન મંડળ' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' દ્વારા આ કાર્યક્રમ સંયુક્ત રીતે હાથ ધરાયો હતો. સહભાગીઓમાં હલનચલનની સરળતા માટેના સંસાધન જૂથનો સમાવેશ થતો હતો. આ જૂથ નિસ્બત ધરાવતા નાગરિકો, આયોજકો અને નિષ્ણાતોનું બનેલું છે કે જે જાહેર સ્થળોને વધુ સરળ પહોંચવાળાં બનાવવા માટે કામ કરે છે. ઉપરાંત, વિકલાંગો, આયોજકો અને લો ગાર્ડનના સ્થપતિઓ પણ તેમાં હાજર રહ્યા હતા. અમદાવાદ મહાનગરપાલિકાના વિશિષ્ટ મિલકતો, બગીચા અને ઉદ્યાનોના જનરલ મેનેજર તેમના કર્મચારીઓ સાથે



હાજર રહ્યા હતા એ એક વિધાયક સંકેત હતો. બે દિવસ દરમ્યાન સઘન અન્વેષણ કરાયું હતું અને રાતના સમયે લાઈટની વ્યવસ્થા પણ તપાસવામાં આવી હતી.

**(૨) 'યુનાઈટેડ વે ઓફ બરોડા'નો વાર્ષિક મેળોઃ**

તા.૩૦.૧. ૨૦૦૪થી ૧.૨.૨૦૦૪ સુધી 'યુનાઈટેડ વે ઓફ બરોડા'એ તેનો એક વાર્ષિક મેળો યોજ્યો હતો. આ વર્ષના મેળાનો મુખ્ય કેન્દ્રવર્તી વિચાર "વિકલાંગ લોકો પ્રત્યે મૈત્રીપૂર્ણ બનો" હતો અને તેમાં અવરોધ-મુક્ત પર્યાવરણ ઊભું કરવા પર ભાર મુકાયો હતો. 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ની સાથે 'ઉન્નતિ'એ પણ તેમાં ભાગ લીધો હતો. ત્યાં એક સ્ટોલ ઊભો કરવામાં આવ્યો હતો અને તેમાં જાગૃતિ ઊભી કરવા માટેની સામગ્રી રાખવામાં આવી હતી.

મેસર્સ કરણ ગ્રોવર એસોસીએટ્સ દ્વારા મેળાની ડિઝાઈન કરવામાં આવી હતી. મેળાને પણ અવરોધમુક્ત પર્યાવરણવાળો બનાવવામાં આવ્યો હતો કે જેથી વિકલાંગ લોકો તેની આસાનીથી મુલાકાત લઈ શકે. મેળામાં થોડા થોડા સમયે મલ્ટિમિડિયા

રજૂઆત કરવામાં આવતી હતી. આ મેળા દ્વારા ૧૪૫ સંગઠનો આ વિચારથી પરિચિત થયા હતા. વડોદરાના લગભગ દોઢ લાખ લોકોએ આ મેળાની મુલાકાત લીધી હતી અને તેઓ આ મુદ્દે સંવેદનશીલ બન્યા હતા.

(૩) **બીલ્ડરો માટે સંવેદનશીલતા કાર્યક્રમઃ**
વડોદરામાં ૨૮મી માર્ચ, ૨૦૦૪ના રોજ 'બરોડા લેન્ડ એન્ડ બીલ્ડિંગ ડેવલપર્સ એસોસીએશન' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના સહયોગમાં બીલ્ડરોને અવરોધ-મુક્ત પર્યાવરણ વિશે સંવેદનશીલ બનાવવાનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બે અગ્રણી સ્થપતિઓ તથા 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' અને 'ઉન્નતિ'ના પ્રતિનિધિઓએ તેનું સંચાલન કર્યું હતું. મકાનના અંદરના ભાગો કેવી રીતે આસાનીથી સુધારી શકાય તે માટે ઉદાહરણ સાથે રજૂઆત કરાઈ હતી. 'ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન્સ' વિશેની માહિતી પણ તેમાં પૂરી પાડવામાં આવી હતી. આયોજનના તબક્કે જ જો કેટલીક ડિઝાઈન કરાય તો વરિષ્ઠ નાગરિકો, બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને વિકલાંગોને તેનો લાભ થાય. વડોદરા મહાનગરપાલિકાના નગર આયોજક શ્રી ગોપાલભાઈ શાહે પણ આ કાર્યક્રમમાં હાજરી આપી હતી.

## રાજસ્થાનમાં આરોગ્ય ક્ષેત્રે લોકભાગીદારી

અજમેર જિલ્લામાં ૨૯-૧-૨૦૦૪ના રોજ જવાજા ખાતે અને રાજસમંદ જિલ્લામાં કુંભલગઢ ખાતે તા.૩૦.૧.૨૦૦૪ના રોજ બે બેઠકો માટે યોજવામાં આવી હતી. તે 'મજદૂર-કિસાન શક્તિ સંગઠન' (એમકેએસએસ) દ્વારા યોજાઈ હતી. તે શાસનમાં લોકભાગીદારી સાથે સંબંધિત કામો કરે છે અને રાજ્યની શાસન વ્યવસ્થામાં પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ ઊભાં થાય તે માટે કામ કરે છે.

જવાજામાં યોજાયેલી બેઠક જનસ્વાસ્થ્ય સભા હતી. તેમાં જવાજાના 'કોમ્યુનિટી હેલ્થકેર સેન્ટર'ના હોસ્પિટલના કર્મચારીઓ, સરકારી અધિકારીઓ, એ વિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, માધ્યમોના પ્રતિનિધિઓ અને અન્ય નિષ્ણાતો હાજર રહ્યા હતા. તેમાં નાગરિકોના આરોગ્ય માટેની સવલતો હાલની પરિસ્થિતિમાં કઈ કઈ પ્રાપ્ય છે તેને પ્રસિદ્ધિ આપવાનો પ્રયાસ થયો હતો.

શું કરવાની જરૂર છે અને કેવી રીતે એ થઈ શકે તેમ છે તેને વિશે પણ તેમાં ચર્ચા થઈ હતી. સંગઠન એક નિયમ-પુસ્તિકા બનાવવા માગે છે કે જેનો ઉપયોગ ખાસ કરીને ગરીબ લોકો કરી શકે. તેમાં આરોગ્ય સેવાઓ કેવી રીતે મેળવવી તેની વિગતો આપવામાં આવશે. લોકોની સામેલગીરીથી જવાજા વિસ્તારના તમામ લોકોને જવાજાના દવાખાનામાં આરોગ્યની મફત સારવાર અને ગુણવત્તાયુક્ત સારવાર મળે તે આ કાર્યક્રમનો હેતુ હતો.

બીજી આ જ પ્રકારની સભા કુંભલગઢ વિસ્તાર માટે ૩૦-૧-૨૦૦૨ના રોજ યોજાઈ હતી. તેમાં ગરીબી નિવારણના કાર્યક્રમો અને અન્ન સલામતીના કાર્યક્રમો ઉપર તાલુકામાં રાખવામાં આવેલી દેખરેખની સમીક્ષા કરવામાં આવી હતી. છેલ્લાં ચાર વર્ષમાં આ વિસ્તારમાં ચાર જનસુનાવણીઓ થઈ હતી. તેમાં ઉઠાવવામાં આવેલા મુદ્દાઓ તથા લેવામાં આવેલા નીતિવિષયક નિર્ણયો તથા કાર્યક્રમોમાં કરવામાં આવેલા જરૂરી સુધારાઓ વિશે ચર્ચા આ સભામાં થઈ હતી.

લોકોના માહિતીના અધિકારની રાષ્ટ્રીય ઝુંબેશના ભાગરૂપે સામુદાયિક આરોગ્ય કેન્દ્રો અને જાહેર વિતરણ વ્યવસ્થા વિશે મેન્યુઅલ તૈયાર કરવાનું પણ સંગઠન દ્વારા વિચારાઈ રહ્યું છે.

વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ સર્વશ્રી નિખિલ અને વિવેક, મજદૂર કિસાન શક્તિ સંગઠન, ગામઃ દેવડુંગરી, પોસ્ટઃ બરાર, જિ. રાજસમંદ, રાજસ્થાન-૩૧૩૩૪૧. ફોનઃ ૨૯૫૧-૨૪૩૨૫૪, ૨૫૦૬૫૫. ફેક્સઃ ૧૪૬૩-૨૮૮૨૦૬.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૦૪ના લગભગ ૩૫ દિવસના ગાળા દરમ્યાન અમદાવાદ જિલ્લાના દસક્રોઈ, ધોળકા અને વિરમગામ તાલુકાઓમાં 'ઉન્નતિ' દ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી. સાબરકાંઠાના મોડાસા અને ઈડર તાલુકામાં પણ એની ઉજવણી કરવામાં આવી હતી. દરેક કાર્યક્રમમાં પંચાયતોના મહિલા સભ્યોએ અને સ્વ-સહાય જૂથોનાં નેતાઓએ હાજરી આપી હતી.

દરેક સ્થળે ૬૦થી ૯૦ જણાની હાજરી હતી. કુલ લગભગ ૧૪૦૦ જેટલા મહિલા નેતાઓએ ઉજવણીમાં ભાગ લીધો હતો. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી કાર્યકરો પણ હાજર રહ્યા હતા. સ્વ-સહાય જૂથોમાંથી જ ઘણા પંચાયત નેતાઓ ઊભા થાય છે એમ જણાયું છે. આ મહિલા જૂથો ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓને મજબૂત ટેકો પૂરો પાડે છે એમ પણ જણાયું છે. તેઓ જ પરિવર્તનના અધિકર્તાઓ છે અને ગામની અન્ય મહિલાઓ સાથે વાતચીત કરીને તેઓ તેમના પર પ્રભાવ પાડે છે અને એ રીતે સામાજિક પર્યાવરણ પર પ્રભાવ પાડે છે.

આ મહિલા નેતાઓ તેમના પોતાનામાં અને તેમની આસપાસના



વાતાવરણમાં ફેરફાર લાવવા માટે જે પ્રયાસો કરે છે તેનો હેતુ વધારે સમતાપૂર્ણ સમાજ ઊભો કરવાનો છે. આથી આ ઉજવણીનો હેતુ આ મહિલાઓ પોતાને માટે એક દિવસ કાઢે તેનો હોય છે. તેઓ સ્ત્રીઓ અને છોકરીઓની પ્રત્યે સમાન વ્યવહાર કરે તે માટેનો નિર્ણય કરવાનો હેતુ પણ તેમાં રહેલો હતો.

વળી, આવા પ્રસંગનો હેતુ મહિલા નેતાઓ તેમનું નેતૃત્વ વધુ મજબૂતી સાથે રજૂ કરે તે માટે તેઓ તૈયાર થાય તેનો પણ છે. સમગ્ર દિવસના કાર્યક્રમ દરમ્યાન મહિલા નેતાઓએ તેમના દરજ્જા વિશે અને તેનાં કારણો વિશે પોતાનાં મંતવ્યો રજૂ કર્યાં: તેમણે તેમની પોતાની માનસિકતા બદલવાનો નિર્ણય પણ કર્યો, પોતાની છોકરીઓને વધુ સ્વતંત્રતા આપવાનો અને અન્ય સ્ત્રીઓને ગ્રામ સભામાં હાજરી આપવાને માટે પ્રોત્સાહન આપવાનો નિર્ણય પણ કર્યો, આત્મવિશ્વાસ અને પરસ્પરાનુભૂતિ તેમના ચહેરા પર છલકાતાં દેખાતાં હતાં.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનનું મહત્ત્વ શું છે અને તેનો વર્તમાન સ્થાનિક સંદર્ભ શું છે તેને વિશે પણ ચર્ચા થઈ હતી. જો એક જ બાળક ધરાવવાનું હોય તો તેઓ છોકરો પસંદ કરશે કે છોકરી તે તેમને પૂછવામાં આવ્યું હતું. પછી બે જૂથ ચર્ચામાં તેની પસંદગી પાછળનાં કારણો વિશે ચર્ચા થઈ હતી. જુદાં જુદાં સ્થળોએ જે બેઠકો યોજાઈ હતી તેમાં પુત્રનું લગ્ન, પુત્રીના લગ્ન, પુત્રનું મૃત્યુ અને પુત્રીનું મૃત્યુ જેવા સંજોગોની રોલ-પ્લે દ્વારા રજૂઆત થઈ હતી અને તેમાં જે સામાજિક તફાવતો છે તેના પર ધ્યાન દોરવામાં આવ્યું હતું. ગામના પરંપરાગત પંચની ભૂમિકા વિશે પણ નાનાં નાટકો કરાયાં હતાં. તેમની ભૂમિકા સામાજિક સમસ્યાઓના ઉકેલમાં કેવી હોય છે તેની સમીક્ષા કરાઈ હતી. તેથી હાલની પંચાયતો અને તેમાંય મહિલા પંચાયત સભ્યો શું ભૂમિકા ભજવી શકે તે સ્પષ્ટ થયું હતું.

રાજસ્થાનમાં જોધપુરમાં ૧૮મી માર્ચે એક રેલીનું આયોજન કરાયું હતું. તેમાં ‘શાસનમાં મહિલાઓ’ વિષય મુખ્ય હતો. સરપંચો, પંચાયતના સભ્યો, આંગણવાડી કાર્યકરો, સામુદાયિક મહિલા નેતાઓ વગેરે સહિત લગભગ ૨૦૦ મહિલાઓએ આ રેલીમાં ભાગ લીધો હતો. તેઓ મંદૌર, બિલારા, ભોપાલગઢ, ઓસિયાન અને શેરગઢથી આવી હતી. તેમણે તેમના અધિકારો માટે જે લડત ચલાવી હતી તેના અનુભવોની કથની કહી હતી.

સાપસીડીની રમત પણ તેઓ રમ્યા હતા કે જેમાં પંચાયતી રાજ અને વિકાસનાં વિવિધ પાસાંઓની રજૂઆત થઈ હતી. દલિત મહિલાઓએ પણ પોતાના અધિકારોના રક્ષણ માટે કેવી લડત આપી હતી તેની રજૂઆત કરી હતી. ‘આઈડિયા’ સંસ્થા દ્વારા પણ ૧૭મી માર્ચે ઉજવણી કરાઈ હતી. બાલોતરા તાલુકાના ગોલિયા ગામમાં એક






મહિલા મેળાનું આયોજન કરાયું હતું. તેમાં ૭૫૦ જેટલી દલિત મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

ગુજરાતમાં સાણંદ અને ધોળકામાં અનુક્રમે ૮મી અને ૧૧મી માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરાઈ હતી. તેમાં શાળાનાં શિક્ષકો, મહિલા કાઉન્સિલરો અને વિદ્યાર્થિનીઓએ હાજરી આપી હતી. ધોળકામાં મહિલાઓ પ્રત્યે રખાતા ભેદભાવની ચર્ચા થઈ હતી. ધોળકા નગરની શાસન વ્યવસ્થા વિશે એક પ્રશ્નોત્તરી કાર્યક્રમ યોજાયો હતો અને તેમાં વિજેતા વિદ્યાર્થિનીઓને ઈનામ અપાયાં હતાં. શરાબ અને મહિલાઓ પર તેની અસર વિશે એક કઠપૂતળી શો પણ યોજવામાં આવ્યો હતો. કચ્છમાં ભચાઉ ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિને જ એક મહિલા મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ૮ ગામો અને ભચાઉ નગરની લગભગ ૮૦ સ્ત્રીઓએ તેમાં હાજરી આપી હતી.

### શાળેય શિક્ષણમાં પર્યાવરણની અભિમુખતા

ભારત સરકારના માનવ સંસાધન મંત્રાલયે 'શાળેય શિક્ષણમાં પર્યાવરણની અભિમુખતા' નામે એક યોજના ઘડી છે. આ યોજના હેઠળ બિન-સરકારી સંગઠનો નવતર અને સ્થાનિક વિસ્તારલક્ષી પર્યાવરણ શિક્ષણ કાર્યક્રમ માટેની દરખાસ્તો મોકલી શકે છે.

અમદાવાદનું 'સેન્ટર ફોર એન્વાયર્મેન્ટ એજ્યુકેશન' (સીઈઈ) આ યોજના માટેની નોડલ એજન્સી છે. તે દરખાસ્તો એકત્ર કરવાનું કામ કરશે અને મંત્રાલયને નાણાકીય ટેકાની ભલામણ માટે મોકલી આપશે. આ દરખાસ્તોની ત્રણ સ્તરે તપાસ થશે. આ દરખાસ્તો તૈયાર કરવા માટેની વિગતો અને પત્રક સીઈઈ પાસેથી મળશે. સંપર્ક સાધો: પ્રમોદકુમાર શર્મા, પરિયોજના અધિકારી, સેન્ટર ફોર એન્વાયર્નમેન્ટ એજ્યુકેશન, થલતેજ, અદાવાદ-૩૮૦૦૫૧. ફોન: ૦૭૯-૨૬૮૫૮૦૦૩, ઈમેલ: pramod.sharma@ceeindia.org

# આગામી કાર્યક્રમ

### મુખ્ય પ્રવાહમાં મહિલાઓ વિશે પ્રશિક્ષકોની તાલીમ

ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ કમિશનરની કચેરીના 'જેન્ડર રિસોર્સ સેન્ટર' દ્વારા ૨૬મીથી ૩૦મી એપ્રિલ, ૨૦૦૪ દરમ્યાન આ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. તેના હેતુઓ આ મુજબ છે:

(૧) મહત્ત્વનાં વિકાસલક્ષી ક્ષેત્રોમાં સ્ત્રી-પુરુષ ભેદભાવના ખ્યાલનો ઉપયોગ કરવા માટેની સહભાગીઓની ક્ષમતા ઊભી કરવી.

(૨) સ્થાનિક સ્તરે મહિલાઓની પ્રવૃત્તિઓને મજબૂત બનાવવા માટે યોગ્ય તાલીમ પદ્ધતિઓનો ઉપયોગ કરવા સહભાગીઓને સજ્જ બનાવવા.

(૩) પ્રવૃત્તિઓનાં આયોજન, દેખરેખ અને મૂલ્યાંકનને સ્ત્રી-પુરુષ ભેદભાવની નજરે જોવા માટે ક્ષેત્રીય કાર્યકરોને ટેકો પૂરો પાડવા માટે એક સંસાધન જૂથ ઊભું કરવું.

આ તાલીમમાં આ મુદ્દાઓને આવરી લેવામાં આવશે: સ્ત્રી-પુરુષ ભેદભાવનો ખ્યાલ અને પિતૃસત્તાક વ્યવસ્થા, મહિલાઓના આંદોલનનો ઈતિહાસ, સ્ત્રી-પુરુષ ભેદભાવના સંદર્ભમાં આકારણી, આયોજન, દેખરેખ અને મૂલ્યાંકન, સ્ત્રી-પુરુષ ભેદભાવના સંદર્ભમાં અન્વેષણ, મહિલાઓના અધિકારો અને સંબંધિત કાયદા, મહિલાઓની ક્ષમતા માટે સરકારી કાર્યક્રમો, આરોગ્ય, શિક્ષણ, પ્રાકૃતિક સંસાધનોનું સંચાલન વગેરેમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ સંબંધી વિભાવનાઓનો ઉપયોગ કરવો. આ તાલીમમાં બિન-સરકારી સંગઠનોના, સરકારના અને નાગરિક સંગઠનોના પ્રતિનિધિઓ ભાગ લઈ શકશે. 'ઉન્નતિ'ના નિયામક શ્રી બિનોય આચાર્ય અને વડોદરાની 'સહજ' સંસ્થાના સુશ્રી રેણુ ખન્ના મુખ્ય નિષ્ણાત વ્યક્તિઓ તરીકે તાલીમ આપશે. ભવિષ્યમાં તાલીમ લેનારાઓ વિકાસલક્ષી પ્રવૃત્તિઓમાં તમામ સ્તરે મહિલાઓની સમાનતાના મુદ્દાને ધ્યાનમાં રાખીને કામ કરે તે આ કાર્યક્રમનું પરિણામ હશે. તેઓ જે કૌશલ્યો અને સમજ આ કાર્યક્રમ દરમ્યાન વિકસાવશે તેનો ઉપયોગ આ રીતે સ્થાનિક સ્તરે થશે.

વધુ વિગતો માટે સંપર્ક સાધો: 'જેન્ડર રિસોર્સ સેન્ટર', બરાક નં.૧, પોલીટેકનિક કેમ્પસ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ફોન: ૦૭૯-૨૬૩૦૧૦૪૩. ઈમેલ: grc@egujarat.net

# સંદર્ભ સાહિત્ય

**મતદાર માર્ગદર્શિકા**

મતદાર જાગૃતિના પ્રયાસોના ભાગરૂપે ગુજરાત રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીની વેબસાઈટ પર મૂકેલી મતદાન અને મતદારોના અધિકારો વિશેની મહત્ત્વની માહિતીનું સંકલન કરી આ પુસ્તિકા તૈયાર કરાઈ છે. તેમાં આ મુજબની માહિતી આપવામાં આવી છે:

(૧) કાયદા મુજબ ચૂંટણી સંબંધી ગેરરીતિઓ: તેમાં ૧૦ પ્રકારની ગેરરીતિઓ દર્શાવાઈ છે: લાંચ, મતાધિકારમાં અડચણ ઊભી કરવી, ધર્મ-જાતિ વગેરે કારણોસર મતદાર પર દબાણ, જુદા જુદા વર્ગો વચ્ચે દુશ્મનાવટ ઊભી કરવી વગેરે.

(૨) કાયદા મુજબ ચૂંટણી સંબંધી ગુનાઓ: તેમાં ૧૦ પ્રકારની ગુનાઓની વિગતો આપવામાં આવી છે: ચૂંટણી સભાઓ અટકાવવી, ચૂંટણી સંબંધી સાહિત્યના મુદ્રણ પર નિયંત્રણ, મતદાનની ગુપ્તતાનો ભંગ, મતદાન અથવા તેની નજીક દખલરૂપે કે ધાંધલિયા વર્તણૂક વગેરે.

(૩) ચૂંટણીની ફરજનો ભંગ: તેમાં છ પ્રકારની ફરજો ચૂંટણીની કામગીરી કરતા લોકો માટે દર્શાવાઈ છે. તેમાં ઉમેદવારની ચૂંટણી કામગીરી સરકારી કર્મચારી ના બજાવી શકે, મતદાન મથકે હથિયાર લઈ જવા પર પ્રતિબંધ વગેરે બાબતોનો સમાવેશ થાય છે.

(૪) ચૂંટણી સંબંધી ગુનાઓ અને કાયદાકીય જોગવાઈઓ: તેમાં ભારતીય દંડ સંહિતાની કલમો, ગુનો અને સજાની જોગવાઈઓનો એક કોઠો આપવામાં આવ્યો છે. એ ઉપરાંત, બીજા કેટલાક ગુનાઓની વિગતો આપવામાં આવી છે.

(૫) ચૂંટણીની તકરારો અને વિવાદની અરજીઓ: તેમાં ચૂંટણી વિવાદની અરજીઓ કોણ સાંભળી શકે, વિવાદ અરજીઓ કેટલા સમયમાં રજૂ કરી શકાય, વિવાદ અરજી કોણ રજૂ કરી શકે, વિવાદ અરજીમાં પક્ષકાર કોણ હોઈ શકે વગેરેની માહિતી અપાઈ છે.

(૬) મતદાર યાદીઓમાં બનાવટી નોંધણી, ચૂંટણી અધિકારીઓને રાજકીય પક્ષોની ધમકી, કાયદો અને વ્યવસ્થા જાળવતા અધિકારીઓને ધમકી, બિનહિસાબી નાણાં સ્રોતોનો ઉપયોગ, બિન-હિસાબી ચૂંટણી ભંડોળ આપવું, રાજકારણનું અપરાધીકરણ, સરકારી અધિકારીઓનો દુરુપયોગ, સરકારી તંત્રનો દુરુપયોગ, પક્ષપાતી વર્તણૂક ધરાવતા અધિકારીઓ, લાઉડ સ્પીકરનો અવિચારી ઉપયોગ, સંકુચિત લાગણીઓનો દુરુપયોગ કરવો, ચૂંટણી સંબંધી ગુનાઓને ઓછું મહત્ત્વ આપવું વગેરે બાબતોના સંદર્ભમાં શું ખોટું થતું હોય છે અને શું કરવું જોઈએ તેની વિગતો આપવામાં આવી છે.

લોકકારણ ઊભું કરવા મથતાં બિન-સરકારી સંગઠનોના કાર્યકરોને આ પુસ્તિકા ઉપયોગી થાય તેમ છે. સંકલન: શ્રી હરિણેશ પંડ્યા. પ્રકાશક: જનપથ, બી-૩, સહજાનંદ ટાવર, જીવરાજપાર્ક, વેજલપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૫૧. ફોન: ૦૭૯-૨૬૮૨૧૫૫૩. ટેલિફેક્સ: ૦૭૯-૨૬૮૨૦૭૧૯.

**અમારી સમજ**

ગુજરાતમાં થયેલાં કોમી રમખાણોના સંદર્ભમાં આ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે. સમૃદ્ધ સમાજના વૈવિધ્યનો સ્વીકાર કરનાર માળખાકીય પરંપરાઓને વીણી વીણીને શોધવી, એ મહાન પરિબળને મજબૂત બનાવવું અને આપણા સમાજની સમૃદ્ધ વિવિધતાનો માનપૂર્વક સ્વીકાર થાય તેવું વાતાવરણ ઊભું કરવું એ આ પુસ્તકનો ઉદ્દેશ છે. આવી માનસિકતા ઊભી કરવા માટેનું આ એક પ્રશિક્ષણ પુસ્તક છે. પુસ્તકને પ્રશિક્ષકોને સંદર્ભ પૂરો પાડે, કાર્યક્રમોમાં ભાગ લેનારાઓને વાચન પૂરું પાડે અને વિકાસલક્ષી કાર્યકરોને સંવાદિતા તેમ જ કોમી સુમેળનાં તત્ત્વોને પુષ્ટિ આપવા માટે ઉપયોગી થઈ પડે તે હેતુથી તૈયાર કરાયું છે.

આ પુસ્તકમાં જે લેખોનો સમાવેશ કરાયો છે તે લેખકોનાં નામ સાથે આ મુજબ છે:

(૧) વીસમી સદીમાં ગુજરાતનું સમાજજીવન-ઘનશ્યામ શાહ. (૨) ગુજરાતનું રોગનિદાન-અચ્યુત યાજ્ઞિક. (૩) ગુજરાતની બીજી મોટી આફત-ઉપેન્દ્ર બક્ષી. (૪) હિંસાનો દોર-દેવવ્રત પાઠક. (૫) વધતી ભેદતાનું આખ્યાન એટલે અમદાવાદ-દર્શિની મહાદેવિયા. (૬) સેક્યુલરિઝમની અંગભૂત માન્યતાઓ-દિનેશ શુક્લ. (૭) સહિષ્ણુતાની મર્યાદાઓ-દીપંકર ગુપ્તા. (૮) કોમવાદ: એક સામાન્ય પરિપ્રેક્ષ્ય-કે.એન. પણિકર. પ્રાપ્તિસ્થાન: સમર્થ, ક્યુ-૪૦૨, શ્રીનંદનગર વિભાગ-૨, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧. ફોન: ૦૭૯-૨૬૮૨૯૦૦૪. ઈમેલ: samerth@satyam.net.in

**મહુઆ**

આ હિંદી પુસ્તિકા 'મહુઆ મુક્તિ આંદોલન'નો અહેવાલ છે. તે બે

ભાગમાં વહેંચાયેલો છે: (૧) મહુઆ અને આદિવાસી અર્થવ્યવસ્થાના અભ્યાસનો અહેવાલ. (૨) મહુઆ મુક્તિ આંદોલનનો અહેવાલ. મહુડાનાં વિવિધ પાસાંઓનું ઊંડાણપૂર્વક અધ્યયન કરવામાં આવ્યું અને લગભગ ૧૦૦ જેટલા મહુડા એકત્ર કરનારા લોકોનું સર્વેક્ષણ કરાયું અને તેને આધારે આ અહેવાલ તૈયાર કરાયો છે. મહુડો એકત્ર કરનારની બેઠકોનું આયોજન કરવામાં આવ્યું અને તેમની સમસ્યાઓ વિશે સંવાદ ઊભો કરવાની કોશિશ કરાઈ. આ પુસ્તકમાં મહુડો એકત્ર કરવાથી માંડીને તેની બજાર વ્યવસ્થા વિશે વિગતો પ્રાપ્ત થાય છે. તે મધ્ય પ્રદેશનાં સાતપુડા વિસ્તારના આદિવાસીઓની અર્થવ્યવસ્થા કેવી રીતે મહુડા સાથે સંકળાયેલી છે તેની વિગતો આપે છે.

પુસ્તકના પ્રથમ ભાગમાં મહુડો અને આદિવાસીઓની અર્થવ્યવસ્થા, સર્વેક્ષણની પદ્ધતિ અને ઉદ્દેશો, મહુડાની માલિકી અને મહત્ત્વ, મહુડાના સંગ્રહની પ્રક્રિયા, મહુડાના વેચાણ માટેની બજાર વ્યવસ્થા વગેરે મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. બીજા ભાગમાં મહુડા મુક્તિ આંદોલન શું છે અને તેણે શી સિદ્ધિઓ મેળવી છે તેની વાત કરવામાં આવી છે.

પ્રકાશક: દિશા સંવાદ, ગ્રામ સેવા સમિતિ, ગામ: નિટાયા, પોસ્ટ: રૈસલપુર, જિલ્લો: હોશંગાબાદ-૪૬૧૦૦૧, મધ્ય પ્રદેશ, ફોન: ૦૭૫૭૪-૨૨૭૨૨૩. પૃષ્ઠ:૪૦.

## ઈતિહાસકી સમઝ

આ હિંદી પુસ્તક 'સિદ્ધ' નામક એક શૈક્ષણિક સંસ્થા દ્વારા તૈયાર કરાયું છે. તેમાં ઈતિહાસ શું છે, તેનો હેતુ શો છે, તેનો આપણા આજના વર્તમાન સાથે શું સંબંધ છે વગેરે બાબતોની સમજ બાળકોને આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. બાળકો ઈતિહાસને પોતાના જીવન સાથે જોડી શકે એ આ પુસ્તકનો ઉદ્દેશ છે. મૂળભૂત રીતે આ એક માર્ગદર્શિકા છે. તેમાં જે કામગીરીઓ કે કાર્યવાહીનો ઉલ્લેખ કરાયો છે તે વિભિન્ન વિષયોના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને કરાયો છે. સિદ્ધાંતોને આસપાસના પરિવેશ સાથે જોડવાનો પ્રયાસ કરાયો છે કે જેથી વિદ્યાર્થીઓને એમ લાગે કે તેમની આસપાસમાં જ ઘણુંબધું શીખવા જેવું છે. વિદ્યાર્થીઓ સાથે આ માર્ગદર્શિકાને વ્યવહારમાં ઉતારવાનો પ્રયોગ કરાયો છે. ઉત્તરાંચલના ટિહરી-ગઢવાલના જૌનપુર વિસ્તારમાં આ પ્રયોગ કરાયો છે પણ માર્ગદર્શિકા એ રીતે લખવાનો પ્રયાસ કરાયો છે કે જેથી તમામ શિક્ષકોને તે ઉપયોગી થાય. શિક્ષકો સ્થાનિક સ્તરે પોતાના પર્યાવરણ અનુસાર તેનો ઉપયોગ કરી શકે છે.

પુસ્તકના પ્રથમ ભાગમાં ઈતિહાસ વિશેની સમજ અપાઈ છે. અહીં ઈતિહાસ એટલે રાજાઓનો ઈતિહાસ નહીં, પણ બાળકો જે વાતાવરણમાં જીવે છે તેનો ઈતિહાસ. પ્રાકૃતિક વ્યવસ્થા અને વ્યવહારો તથા સામાજિક વ્યવહારો વિશેની સમજ તેમાં ઈતિહાસની દૃષ્ટિથી આપવામાં આવી છે. ઈતિહાસને સમજવાના દૃષ્ટિકોણ અલગ અલગ છે એ તેમાં સમજાવાયું છે. પોતાનો અને પોતાના પરિવારનો ઈતિહાસ સમજાવવાની રીત તેમાં બતાવાઈ છે. પોતાના પરિવારનો ગામ સાથેનો સંબંધ શો હતો અને છે તેની સમજ તેથી બાળકોમાં ઊભી થાય છે. ઉપરાંત, પોતાના ગામનો ઈતિહાસ કેવી રીતે સમજી શકાય તેની વાત કરાઈ છે. ગામની સંસ્કૃતિ, ગામની વસ્તી, ગામની પ્રાકૃતિક સંપત્તિ વગેરેની ઐતિહાસિક સંદર્ભ સાથેની સમજ કેવી રીતે કેળવી શકાય તેની ચર્ચા તેમાં કરાઈ છે.

પુસ્તકના બીજા ભાગમાં બાળકોએ સામૂહિક પ્રયાસથી ઈતિહાસને કેવી રીતે સમજ્યો તેની વાત છે. બાળકોના અનુભવો તેમના પોતાના શબ્દોમાં જ રજૂ કરાયા છે. બાળકોમાં ઈતિહાસની સમજ ઊભી થઈ અને શાળેય અભ્યાસમાં તેમની રુચિ વધી એ તેનાથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. બાળકોને તેમનાં પોતાનાં મૂળ સાથે જોડવાની આ પ્રક્રિયા છે અને તેનાં સ્પષ્ટ પરિણામો બાળકોના અનુભવોમાંથી જોઈ શકાય છે.

સંપાદક: પવનકુમાર ગુપ્તા. પ્રકાશક: 'સોસાયટી ફોર ઈન્ટિગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હિમાલય' (સિદ્ધ), પોસ્ટ બોક્સ નં-૧૯, લણ્ઢૌર કેન્ટ, મસૂરી-૨૪૮૧૭૯. ફોન: ૦૧૩૫-૨૬૩૨૯૦૪, ૨૬૩૦૩૩૬, ૨૬૩૩૯૬૨, ફેક્સ: ૦૧૩૫-૨૬૩૧૩૦૪. ઈમેલ: sidhsri@sancharnet.in

## ચલો, ખતરેકો વરદાન બનાયેં

એચઆઈવી/એઈડ્સનો ફેલાવો આપણા દેશમાં ઝડપથી થઈ રહ્યો છે. લોકોની આદતો અને વ્યવહારોને કારણે આ રોગ શહેરોમાંથી ગામડાંઓમાં અને આમ જનતા સુધી પહોંચી ગયો છે. ઉપલબ્ધ આંકડાઓ અનુસાર યુવા વર્ગને આ રોગથી વધારે ખતરો છે. 'રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ સંગઠન' (નાકો)એ યુવા વર્ગને ધ્યાનમાં રાખીને ઘણા પ્રકારના કાર્યક્રમો આ સંદર્ભમાં શરૂ કર્યા છે. તે ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયનો જ ભાગ છે. તેણે આ હિંદી પુસ્તક પ્રકાશિત કર્યું છે. આ પુસ્તકનો હેતુ યુવાનો અને યુવતીઓને એઈડ્સ અંગે સાચી જાણકારી આપવાનો છે. તે એઈડ્સ સાથે સંકળાયેલા તમામ પ્રશ્નોના ઉત્તર આપે છે. તેની ભાષા ખૂબ જ સરળ છે.

એઈડ્સ (એચઆઈવી) શું છે, તે કેટલો ભયંકર રોગ છે, તે કેવી રીતે

ફેલાય છે, જાતીય સંબંધોથી કેવી રીતે તે ફેલાય છે, એઈડ્સ કેવી રીતે નથી ફેલાતો, પ્રેમ અને જાતીય સંબંધ, એઈડ્સ થાય તો શું કરવું વગેરે બાબતોની ચર્ચા તેમાં કરવામાં આવી છે. સીધી-સાદી ભાષા અને રંગીન ચિત્રોને કારણે સમગ્ર પુસ્તક લોકભોગ્ય બન્યું છે. આલેખન અને ચિત્રણ: કમલા ભસીન, બિન્દિયા થાપર અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર, નિર્માણ ભવન, નવી દિલ્લી-૧૧૦૦૦૧.

## એકલ માં

આ હિંદી પુસ્તક એવી સ્ત્રીઓની કહાણીઓથી ભરપૂર છે કે જેઓ ગરીબ અને એકલી છે અને પોતાનાં સંતાનો સાથે રહીને તેમને ઉછેરે છે. આ પુસ્તકનો ઉદ્દેશ થોડીક સામાન્ય સ્ત્રીઓની હિંમતથી ભરપૂર એવી કહાણીઓને પ્રકાશમાં લાવવાનો છે. સામાન્ય રીતે એકલી સંતાનો સાથે રહેતી સ્ત્રીઓ માટેનો સામાજિક દૃષ્ટિકોણ વિચિત્ર પ્રકારનો હોય છે. આ દૃષ્ટિકોણને બદલવાનો તેનો ઉદ્દેશ છે. ભારતમાં આવી એકલી માતાઓની સંખ્યા કંઈ ઓછી નથી. દરેક વર્ગમાં આવી સ્ત્રીઓ હોય છે. ગરીબ વર્ગમાં આવી સ્ત્રીઓએ ખૂબ મોટા પ્રમાણમાં વિપરીત પરિસ્થિતિઓનો સામનો કરવો પડતો હોય છે. સંઘર્ષ કરીને તેઓ કેવી રીતે આગળ વધે છે અને પોતાનાં સંતાનો માટે જીવન ઘડતરનું કાર્ય કરે છે એની કહાણીઓ આ પુસ્તકમાં પ્રસ્તુત છે. તેમાં આવી ૧૨ સ્ત્રીઓની વાર્તાઓ છે.

પુસ્તકમાં છેલ્લે આ ૧૨ કહાણીઓનું અને એકલી રહેતી માતાઓની સ્થિતિનું વિશ્લેષણ આપવામાં આવ્યું છે. તેમાં પ્રેરણા અને ઉદ્દેશ, શોધની પ્રક્રિયા, ઈતિહાસ તથા સાહિત્યમાં એકલી રહેતી માતાઓ, માધ્યમોમાં તેમનું સ્થાન, વિદેશોમાં એકલી રહેતી માતાઓ, સામાજિક અધ્યયનમાં તેમનું સ્થાન વગેરે વિષય પર ચર્ચા કરવામાં આવી છે. ઓગસ્ટ-૨૦૦૧માં આ વિષય વિશે એક બેઠકનું આયોજન કરાયું હતું. એમાં થયેલી ચર્ચાનો સાર પણ તેમાં અપાયો છે.

જે ૧૨ કહાણીઓ અપાઈ છે તેમનાં શીર્ષકો જ એમ બતાવી આપે છે કે સંઘર્ષની આ કથાઓ કેટલી જીવંત છે. એ હિંદી શીર્ષકોના ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે: નક્કી કરીએ તો કંઈ પણ થઈ શકે છે, કોઈની સામે હાથ નથી ફેલાવ્યો, હજુ તો હું કામ કરી શકું છું, ઈજ્જતની રોટી ખાઈશ, ઝૂકતી નથી, હવે કોઈનો ડર નથી, મારી પાસે પૈસા નથી પણ પ્યાર છે, બાળક પેદા કરવાનો નિર્ણય મારો હતો, હું જ મુખી છું અને હું જ મર્દ, હુમલાને કારણે, મેં એકલાએ એક બાળકને દત્તક લીધું, હું ખુશ છું કે મને શરણ મળી ગયું. તેમના લેખકો જુદા જુદા છે. સંપાદક: દીપ્તિ પ્રિયા મહરોત્રા. પ્રકાશક: બૂક્સ ફોર ચેન્જ, આર-૩૯, સાઉથ એક્સ્ટેન્શન-૨, દિલ્લી-૧૧૦૦૪૯. ફોન: ૦૧૧-૨૬૨૬૧૫૦૨, ૨૬૨૬૧૫૦૩. ઈમેલ: mani@actionaidindia. com કિંમત: રૂ. ૬૦.

## પૃષ્ઠ ૨૦નું શેષ

ગામનો સંસાધન નકશો તૈયાર કરવામાં આવે, તેનું દસ્તાવેજીકરણ થાય અને તેનું વિતરણ થાય.

- ગ્રામ પંચાયત અને જિલ્લા પંચાયત સ્તરે પણ આ જ પ્રકારની તૈયારી થાય તથા તેમના પ્રતિનિધિઓનું પ્રશિક્ષણ થાય. ઓછી સંવેદનશીલતા ઘણી વાર ભ્રામક હોય છે. જેમને અગાઉ આપત્તિના સામનાનો અનુભવ છે તેવા લોકોને સક્રિય કરવા જોઈએ.

## બચાવ અને રાહત કાર્ય અને અન્ય બાબતો

કોઈ પણ આપત્તિ જ્યારે આવે છે ત્યારે તમામ પ્રકારની બરબાદીનો ખતરો રહે છે અને લોકો ખૂબ ડરી જાય છે. વ્યક્તિ ખુદ પોતાના બચાવમાં લાગી જાય છે. તેથી આવી પરિસ્થિતિમાં ખૂબ જ ધીરજ રાખવી આવશ્યક છે. તેથી આપત્તિ આવે ત્યારે બચાવ કાર્ય, રાહત કાર્ય, પુનર્વસન અને પુનર્સ્થાપન જેવી બાબતોને વિશે ધ્યાન આપવું જરૂરી બને છે. બચાવને વિશે ત્રણ બાબતો અગત્યની છે: (૧) આપત્તિ પહેલાં: તેમાં લોકોને સલામત સ્થળે ખસેડવાનું કાર્ય, સંસાધનો એકત્ર કરવાનું કાર્ય તથા તેમનું યોગ્ય સંચાલન કરવાનું કાર્ય સમાવિષ્ટ છે. તે યોજનાબદ્ધ રીતે થાય તે જરૂરી છે. (૨) આપત્તિ દરમ્યાન: આપત્તિના સમયે બચાવ કાર્ય મુખ્યત્વે સ્થાનિક સત્તાવાળાઓ કરે છે, લશ્કરની પણ મદદ લેવાય છે અને તેમાં નિષ્ણાતોની મદદ પણ લેવાય છે. આપત્તિના સમય બાદ ખાદ્ય સામગ્રીની વ્યવસ્થા સ્થાનિક સ્તરે કરવામાં આવે છે અથવા તો તે વિમાન દ્વારા તે ફેંકવામાં આવે છે. ખૂબ ઝડપથી સંસાધનો એકત્ર કરવામાં આવે છે. રાહત કાર્યની બાબતમાં આ મુદ્દાઓ પર ધ્યાન આપવું જોઈએ: (૧) યોગ્ય લોકોની ઓળખ. (૨) સ્થાનિક સ્તરે યોગ્ય સમન્વય. (૩) કામચલાઉ છાવણીઓ પર લોકોને એકત્ર કરવા. (૪) કટોકટીના સમયે સારવારની વ્યવસ્થા. (૫) સંચાર અને વીજળીની વ્યવસ્થા શરૂ કરવી. (૬) કાટમાળ દૂર કરવો અને આપત્તિના સ્થળની સફાઈ કરવી. ઉપરાંત, પુનર્સ્થાપન પણ આ સંદર્ભમાં યોજનાનો ભાગ બને છે. તેમાં અનેક લોકોની મદદ લઈ શકાય છે. તેમાં ખોરાકી ચીજોની વ્યવસ્થા કરવી અને રાહત રૂપે અપાતી રોકડ રકમની વહેંચણી કરવાનો સમાવેશ થાય છે. પુનર્વસનમાં સમુદાયને વધુ સારી વ્યવસ્થામાં પ્રસ્થાપિત કરવાનો અને આર્થિક તથા સામાજિક માળખું કાયમી બનાવવાનો સમાવેશ થાય છે. પુનર્વસન કે પુનર્નિર્માણની પ્રક્રિયા લાંબા સમય સુધી ચાલે છે. તેને માટેની યોજના ઘડાય અને તેનો અમલ થાય તો અસહાયતા ઘટવાની શક્યતા રહે છે.

આ ત્રણ માસ દરમ્યાન નીચે મુજબ અમે પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

## (૧) સામજિક સમાવેશ અને સક્ષમતા

'ઈન્ડિયન સ્કૂલ ઓફ માઈક્રો ફાયનાન્સ' (આઈસીએમએફ) માટે લઘુ ધિરાણ અને જીવનનિર્વાહના પ્રશ્નો વિશે સહભાગી તાલીમ પદ્ધતિઓ અંગે પ્રશિક્ષકોના પ્રશિક્ષણનો એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેનો ઈરાદો દ્વિતીય સ્તરના પ્રશિક્ષકો અને ક્ષેત્રીય કાર્યકરોની કુશળતા વધારવાનો હતો. આ કાર્યક્રમમાં આઈસીએમએફ, 'ફ્રેન્ડ્ઝ ઓફ ધ વિમેન્સ વર્લ્ડ બેંકિંગ' (એફડબલ્યુડબલ્યુબી) અને હૈદરાબાદના 'બેઝિક્સ'ના ૧૮ સહભાગીઓનો સમાવેશ થયો હતો.

### દલિતો

- રાજસ્થાનના બાડમેર અને જોધપુર જિલ્લામાં 'દલિત અધિકાર અભિયાન'માંની મહિલાઓ માટે સહભાગી સંગઠનો સાથેના સહયોગમાં બે દિવસની નવ તાલીમો યોજવામાં આવી હતી. તાલુકા સ્તરની આ તાલીમોનો મુખ્ય હેતુ 'દલિત અધિકાર અભિયાન'માં તેમની સહભાગિતા વધે તે માટે સ્ત્રી-પુરુષ સમાનતા વિશે તેમને અભિમુખ બનાવવાનો હતો. આ તાલીમોમાં લગભગ ૮૦ ગામોની ૩૧૭ મહિલાઓએ ભાગ લીધો હતો. તાલીમ દરમ્યાન સ્ત્રીઓએ બાળ લગ્ન, પડદા પ્રથા, હિંસા, વિધાવાઓની સમસ્યાઓ અને મિલકતનો અધિકાર જેવા મુદ્દા વિશે પોતાની સમસ્યાઓની રજૂઆત કરી હતી. મહિલાઓ સાથે સંબંધિત વિવિધ યોજનાઓની માહિતી પણ તેમાં આપવામાં આવી હતી.

- રાજસ્થાનમાં બાડમેર જિલ્લાના ત્રણ તાલુકાનાં છ ગામોમાં મહિલાઓની ભૂમિકાના વિશ્લેષણની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ૪-૫ દિવસની આ પ્રક્રિયા કામની વહેંચણી, સંસાધનોની પ્રાપ્તિ અને અંકુશ તથા ગામનાં સ્ત્રી-પુરુષોને લાભ જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ કામગીરીના બે હેતુઓ છેઃ સમુદાયને સંવેદનશીલ બનાવવો અને 'ઉન્નતિ'એ હાથ ધરેલી પ્રવૃત્તિઓની અસરની મહિલાઓના સંદર્ભમાં સમીક્ષા કરવી. 'દલિત અધિકાર અભિયાન'ની પ્રવૃત્તિઓ છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહી છે અને છેલ્લાં એક વર્ષથી પાણીની અછતના નિવારણ વિશેનો કાર્યક્રમ હાથ ધરાઈ રહ્યો છે.

- ઉપર ઉલ્લેખ કર્યો તે કાર્યક્રમ હેઠળ જળ સંગ્રહની વ્યવસ્થા ઊભી કરવામાં સામેલ ગ્રામ વિકાસ સમિતિઓની ક્ષમતા વધારવા માટે બે દિવસની તાલીમ ગોઠવવામાં આવી હતી. બાંધકામ, જળ સંગ્રહનાં વિવિધ પાસાં અને ટાંકીઓ વિશે તકનિકી તાલીમ તેમાં આપવામાં આવી હતી. તમામ નવ તાલુકાના ૩૫ સ્ત્રી-પુરુષ પ્રતિનિધિઓએ તેમાં ભાગ લીધો હતો.

- સ્થાનિક સ્તરે જમીનોના દબાણનો પ્રશ્ન હાથ ધરવા માટે 'દલિત અધિકાર અભિયાન' સક્ષમ બને તે માટે ચેન્નઈના આઈઆરડીએસના શ્રી નિકોલસના ટેકાથી એક કાર્યશાળાનું આયોજન જોધપુર ખાતે ૨૫-૨૭, માર્ચ, ૨૦૦૪ દરમ્યાન કરાયું હતું. ૧૦ બિન-સરકારી સંગઠનોના ૨૫ નેતાઓએ પછી એક કાર્યલક્ષી યોજના તૈયાર કરી હતી. તેમાં સમુદાય શું કાર્યો કરે તે નક્કી કરવાની તાલુકા સ્તરની બેઠકોનો સમાવેશ થતો હતો. તેમાં સામાજિક કાર્ય અને / અથવા કાનૂની પગલાં દ્વારા જમીન પરનાં દબાણ દૂર કરવાની કાર્યવાહી નક્કી કરવાની બાબત વિચારાઈ હતી.

- બાડમેર અને જોધપુરનાં બિન-સરકારી સંગઠનોની એક કાર્યશાળા ૨૦-૨૧ ફેબ્રુઆરી, ૨૦૦૪ દરમ્યાન યોજાઈ હતી. તેનો ઉદ્દેશ 'દલિત અધિકાર અભિયાન'નો પાયો વિસ્તૃત કરવાનો અને ચાલુ લડતમાં તેમનો સહયોગ મેળવીને તેને મજબૂત કરવાનો હતો.

- સરકારી યોજનાઓ અને જોગવાઈઓનો લાભ મેળવવા માટે કાલબેલિયા સમુદાય અનુસૂચિત જાતિનો દરજ્જો મેળવવાની માગણી કરી રહ્યો છે તેનો ઉલ્લેખ અગાઉના 'વિચાર'નાં અંકમાં કરાયો હતો. તેને 'ઉન્નતિ' દ્વારા ટેકો પૂરો પાડવામાં આવી રહ્યો છે. અત્યાચારના બે કિસ્સાઓમાં પગલાં લેવાની માગણી સબબ અને દલિતોને ત્રાસ આપતા તથા લાંચ માગતા પટવારી સામે કેસ કરવાની માગણી સાથે કલેક્ટરની કચેરી સામે ૨૫મી જાન્યુઆરીથી ૧૨મી ફેબ્રુઆરી સુધી ધરણાનો એક કાર્યક્રમ આ સમુદાય દ્વારા યોજાયો હતો. તેના પ્રતિભાવમાં કલેક્ટરે ૪૦૦ વીઘા જમીન તેમને માટે છૂટી કરતો હુકમ કર્યો હતો. આ સમુદાયોની ફરિયાદોની તપાસ કરવા અને પટવારી સામે શિસ્તભંગનાં પગલાં લેવા એક સમીક્ષા સમિતિની રચના કરવામાં આવી છે.

## વિકલાંગતા

- વિકલાંગો, વૃદ્ધો, સ્ત્રીઓ અને બાળકો માટે જાહેર સ્થળોએ અવરોધ મુક્ત પર્યાવરણ ઊભું કરવા માટે અમદાવાદના જાહેર બગીચા લો ગાર્ડનનું અન્વેષણ કરવામાં આવ્યું. તા.૯-૧૦ જાન્યુઆરી, ૨૦૦૪ના રોજનું આ અન્વેષણ 'અંધજન મંડળ' અને 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ની ભાગીદારી સાથે તથા નવી દિલ્લીના 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના 'દક્ષિણ એશિયા સંસાધન કેન્દ્ર'ના શ્રી નન્દાના સહયોગ સાથે કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ગુજરાતમાં જાહેર સ્થળો વિકલાંગો માટે હલનચલન માટે સરળ બને તે માટે પ્રતિબદ્ધ એવા નાગરિકોનું એક સંસાધન જૂથ તૈયાર થયું છે. તેના સભ્યો પણ તે સમયે હાજર હતા. અમદાવાદ મહાનગરપાલિકાના બગીચા, વિશિષ્ટ મિલકતો અને ઉદ્યાનોના જનરલ મેનેજર પણ તેમના કર્મચારીઓ સાથે હાજર રહ્યા હતા. આ બગીચાને અવરોધ-મુક્ત બનાવવા માટે એક વિગતવાર અહેવાલ તૈયાર થયો છે. તેમાં જે સૂચનો કરાયાં છે તેની સૌ પ્રથમ આ બગીચાની ડિઝાઈન તૈયાર કરનારા શ્રી કમલ મંગળદાસ સાથે ચર્ચા-વિચારણા કરાશે અને અમદાવાદ મહાનગરપાલિકા સમક્ષ આ ફેરફારો કરવા માટે હિમાયત કરાશે. તે માટે ખાનગી કંપનીઓનો સાથ લેવાશે.

- 'પહોંચ માટેના સંસાધન જૂથ'ના અગત્યના સભ્યો માટે પ્રશિક્ષકોની એક તાલીમ ૧૯થી ૨૧ માર્ચ, ૨૦૦૪ દરમ્યાન નવી દિલ્લીના 'સામર્થ્ય'ના નિષ્ણાતોના ટેકાથી યોજવામાં આવી હતી. આ તાલીમનો હેતુ જાહેર સ્થળોનું હલનચલનની સરળતાની દૃષ્ટિએ અન્વેષણ કરવા માટેની કુશળતા ઊભી કરવાનો હતો. આ તાલીમના ભાગરૂપે અમદાવાદના આઈસીઆઈસીઆઈ બેંક અને પ્લેનેટ હેલ્થનાં મકાનોનું અન્વેષણ કરાયું હતું. આ તાલીમમાં બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ, નગર આયોજકો, સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, સ્થપતિઓ, ડિઝાઈનરો અને વિકલાંગો માટેની સંસ્થાઓના પ્રતિનિધિઓ મળીને કુલ ૩૦ જણાએ ભાગ લીધો હતો.

- 'યુનાઈટેડ વે ઓફ બરોડા'એ જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૦૪ દરમ્યાન ત્રણ દિવસનો એક વાર્ષિક મેળો યોજ્યો હતો. આ મેળાનો કેન્દ્રવર્તી વિચાર 'વિકલાંગ લોકો પ્રત્યે મૈત્રીપૂર્ણ બનો' હતો. અને તેમાં અવરોધ-મુક્ત પર્યાવરણ ઊભું કરવા ઉપર ભાર મુકાયો હતો. એક અગ્રણી સ્થપતિના ટેકાથી આખો મેળો અવરોધ-મુક્ત બનાવાયો હતો. મુલાકાતીઓને શૈક્ષણિક સામગ્રી વહેંચવામાં આવી હતી અને મેળા દરમ્યાન સતત મલ્ટિમીડિયા રજૂઆત ઉપરોક્ત વિષય વિશે કરવામાં આવી હતી. આ મેળા દ્વારા આ મુદ્દા વિશે ૧૪૫ બિન-સરકારી સંગઠનોની અભિમુખતા કેળવાઈ હતી અને મેળાની લગભગ ૧.૫ લાખ લોકોએ મુલાકાત લીધી હતી.

## પુનર્વસન

- કચ્છના ભચાઉના નગરી અને ગ્રામીણ વિસ્તારોમાં જીવનનિર્વાહને પ્રોત્સાહન આપવા માટે રચાયેલા ૧૭ મહિલા મંડળોની ક્ષમતા વધારવાનું કામ ચાલુ છે. આ ત્રણ માસ દરમ્યાન તેમને નડતી સમસ્યાઓ વિશે તેમની સાથે સંવાદ શરૂ કરવામાં આવ્યો હતો.

- ફેબ્રુઆરી-૨૦૦૪ દરમ્યાન 'અખિલ ભારતીય દસ્તકાર સમિતિ' દ્વારા ગોવા ખાતે અને અમદાવાદમાં 'સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેક્નોલોજી' (સીઈપીટી) ખાતે પ્રદર્શન-કમ-વેચાણ યોજવામાં આવ્યું હતું. કારીગરોએ તેમાં ભાગ લીધો હતો અને ખરીદારો સાથે તેઓ સીધા સંપર્કમાં આવ્યા હતા.

# (૨) નાગરિક નેતૃત્વ અને શાસન

## ગ્રામીણ શાસન

- ગુજરાતમાં પંચાયતી રાજ વિશેના રેડિયો કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવ્યું. આ ત્રણ માસ દરમ્યાન ૧૫ મિનિટના ૧૩ ભાગનું પ્રસારણ દર શનિવારે રાતે ૮.૦૦ વાગ્યે કરવામાં આવ્યું. કાર્યક્રમના પ્રસારણ પછી તરત જ ફોન પર અને પછી પત્રો દ્વારા ખૂબ પ્રતિભાવો મળતા રહ્યા છે.

- બપોર બાદના સમયે આઠ ભાગનું દર અઠવાડિયે પુનઃ પ્રસારણ કરવામાં આવ્યું. ૩૦ ગામોમાં આ કાર્યક્રમો સાંભળવા માટે શ્રોતા મંડળોની રચના કરવામાં આવી છે. તેનાથી અમને પ્રતિભાવો મળતા થયા છે અને શ્રોતાઓમાં કાર્યક્રમ સાંભળવાની આદત ઊભી થઈ

છે. શ્રોતાઓ પર થતી અસર માપવા માટે અમદાવાદ અને પાલનપુર ખાતે બે કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આને લીધે અમને પ્રાદેશિક પ્રશ્નોની સીધી જ લોકો સાથે ચર્ચા કરવાની તક મળી હતી.

- નેતૃત્વની ક્ષમતા ઊભી કરવા માટે સાબરકાંઠા અને અમદાવાદ જિલ્લાની સામાજિક ન્યાય સમિતિઓના ૨૦૦ જેટલા સભ્યોની સામાજિક ન્યાય સમિતિનાં જરૂરિયાત, મહત્ત્વ અને કાર્યો વિશે અભિમુખતા કેળવવામાં આવી.

- સાબરકાંઠાના સામાજિક ન્યાય મંચના સભ્યો માટે બે દિવસની એક તાલીમ ૨૬-૨૭ માર્ચ, ૨૦૦૪ દરમ્યાન અંબાજી ખાતે યોજવામાં આવી હતી.

- રાજસ્થાનમાં મંદૌર, બિલારા અને બાલેસર તાલુકાની ૪૭ પંચાયતોમાં ગ્રામ સભાના સભ્યોની જાગૃતિ માટે એક ઝુંબેશ ચલાવવામાં આવી. ગ્રામ સભા દરમ્યાન આંગણવાડીઓ માટે સહયોગિનીઓની પસંદગીની પ્રક્રિયામાં મહિલાઓ અને દલિતો ભાગીદાર થાય એ તેનો ઉદ્દેશ હતો.

- રાજસ્થાનમાં જોધપુરમાં પંચાયતોની સ્થિતિ વિશે મૂલ્યાંકન કરવાની કામગીરી ૧૦ સહભાગી બિન-સરકારી સંગઠનોના સહયોગ સાથે શરૂ થઈ છે. દરેક સંગઠને તેમના કાર્યક્ષેત્રમાંની પાંચ પંચાયતો પસંદ કરી છે. ત્યાં ચૂંટાયેલા અને મહિલા સભ્યોની સ્થિતિ તેમણે હાથ ધરેલી પ્રવૃત્તિઓ અને તેમને નડતી સમસ્યાઓના સંદર્ભમાં તપાસવામાં આવશે.

- જોધપુર જિલ્લાના બાલેસર તાલુકાની ખારી બેરી ગ્રામ પંચાયતમાં સહભાગી સૂક્ષ્મ સ્તરીય આયોજનની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. તેમાં અસહાયતામાં ઘટાડો, સામાજિક ક્ષેત્રની સેવાઓ, ક્ષમતા વર્ધન, જીવનનિર્વાહનું વિશ્લેષણ, ગામનાં ધોરણો, સંસ્કૃતિ અને માળખાગત સવલતો ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સૂક્ષ્મ સ્તરીય આયોજનને આધારે આગામી વર્ષ માટે એક કાર્યલક્ષી યોજના તૈયાર કરવામાં આવશે.

- પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સાથે અનુભવોની આપલે અર્થે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યશાળા દરમ્યાન જે દલિતો અને મહિલાઓએ સફળતાપૂર્વક વિવિધ પ્રશ્નો ઉકેલ્યા હતા તેમના અનુભવોની કથની રજૂ થઈ હતી.

**શહેરી શાસન**

- ધોળકા નગરપાલિકા અને 'શિવ ગંગોર લોક કલા મંડળ'ના સહયોગથી ૧૮થી ૨૦ ફેબ્રુઆરી-૨૦૦૪ દરમ્યાન ધોળકા નગરમાં એક કઠપૂતળી શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શો દરમ્યાન નવ ઝૂંપડપટ્ટીના લોકોની ભાગીદારી નગરના પ્રશ્નો વિશે વધે તેનો પ્રયાસ કરાયો હતો. ખાસ કરીને પોલિયો, કચરા સંચાલન, આરોગ્ય અને સફાઈ, રસ્તાઓની જાળવણી, વીજળીની વ્યવસ્થા, પાણીની સવલત, વેરાની ચુકવણી તથા શાંતિ અને એખલાસ જેવા મુદ્દાઓ પર તેમાં ધ્યાન કેન્દ્રિત કરાયું હતું.

- સાણંદમાં નગરપાલિકાના સહયોગ સાથે 'નગરપાલિકા સંદર્ભ કેન્દ્ર'ની શરૂઆત થઈ છે. ખેડબ્રહ્મા અને ધોળકામાં 'પંચાયત સંદર્ભ કેન્દ્ર' ચાલુ છે. આ નગરોમાં તેની સાથે જ 'શહેરી સંદર્ભ કેન્દ્ર'ની શરૂઆત પણ કરાઈ છે.

- 'સેન્ટર ફોર એન્વાયર્ન્મેન્ટ એજ્યુકેશન' (સીઈઈ) સાથેના સહયોગમાં અમદાવાદમાં વટવા વિસ્તારની તમામ શાળાઓમાં અગ્નિ સુરક્ષા વિશે ઔદ્યોગિક વિસ્તારોમાં આપત્તિના સામનાની તૈયારીના સંદર્ભમાં નિદર્શનો આપવામાં આવ્યાં હતાં.

- કચ્છમાં ભચાઉમાં નાગરિક સમર્થન વિભાગ દ્વારા ૧૫૦૦ જેટલાં કુટુંબોને માટે 'ભાડા' સાથે તેમના નિવાસને નિયમિત કરવાના સંદર્ભમાં કામગીરી શરૂ કરાઈ હતી. પાંચ બિન-સરકારી સંગઠનો વતી આ વિભાગ નબળા લોકોને ગૃહનિર્માણ માટે ટેકો પૂરો પાડવાનું કામ કરે છે.

- જોધપુર જિલ્લામાં બિલારા નગરમાં નાગરિક ખતપત્ર તૈયાર કરવા માટે એક દિવસની વિમર્શ સભા યોજવામાં આવી હતી. તેમાં

વિવિધ હિતધારકો સાથે સફાઈના મુદ્દે ચર્ચા થઈ હતી. નગરમાંનાં અસહાય પરિવારોને ઓળખવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે.

- અનેક ક્ષેત્રીય વિસ્તારોમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી માટે કાર્યક્રમો યોજાયા. આ અંગેનો વિગતવાર અહેવાલ આ અંકમાં અન્યત્ર આપવામાં આવ્યો છે.

## (૩) 'ચરખા'ની પ્રવૃત્તિઓ

સ્થાનિક સ્તરે વિકાસમાં સ્ત્રીઓની ભૂમિકા અને સહભાગિતા વિશે એક લેખન સ્પર્ધાનું આયોજન ગયે વર્ષે કરવામાં આવ્યું હતું. પ્રથમ પાંચ વિજેતાઓને ઈનામ વિતરણનો અને નિયમિત લેખકોને સન્માનવાનો એક કાર્યક્રમ આ વર્ષે યોજવામાં આવ્યો. આ ત્રણ માસ દરમ્યાન ૨૬ પત્રકારોએ માહિતી માટે સંપર્ક સાધ્યો હતો. મહિલાઓ અને જમીનની માલિકી અને દક્ષિણ ગુજરાતમાં આદિવાસીઓના પ્રશ્નો વિશે માધ્યમો સાથે સંવાદનો કાર્યક્રમ ગોઠવાયો હતો.

## પૃષ્ઠ ૧નું શેષ

ગરીબો અને અનૌપચારિક ક્ષેત્રના કામદારોને એક જ વેપારને આધારે હંમેશાં સંગઠિત કરી શકાતા નથી તેથી એક વિકલ્પ પાયાની જરૂરિયાતોની આસપાસ તેમને સંગઠિત કરવાનો છે. જેમ કે, બીડી કામદારોના કલ્યાણ ભંડોળ, મીઠા કામદારોના ભંડોળ, માથોડી કામદારોના ભંડોળ વગેરે જેવી વ્યવસાય આધારિત સામાજિક સલામતીનો લાભ આપવા માટે કામદારોને તેઓ નોંધાય તે માટે પ્રોત્સાહિત કરવાની જરૂર હોય છે.

સામાજિક સલામતીની જોગવાઈ કામદારોને ઓળખવાની અને તેમને સંગઠિત કરવાની તક પૂરી પાડે છે. સામાજિક સલામતી અસંગઠિત ક્ષેત્રના કામદારોમાં સામાજિક સમાવેશની ભાવના ઊભી કરે છે અને તેમનામાં આત્મવિશ્વાસ ઊભો કરે છે. સરકાર, કર્મચારીઓ, ખાનગી ટ્રસ્ટો અને કામદારોના પોતાના ફાળા દ્વારા સામાજિક સલામતીની વ્યવસ્થાઓ જો વિકસે તો સામાજિક સેવા ક્ષેત્રની ગુણવત્તામાં સુધારો કરી શકાય, તેને ઉત્તરદાયી અને ટકાઉ બનાવી શકાય. ગરીબો તેમની જરૂરિયાત અનુસાર સેવાઓની વહેંચણી નક્કી કરી શકે છે. ગરીબો જોખમના સંચાલન માટે તેમની પોતાની સામાજિક સલામતીની વ્યવસ્થા વિકસાવી શકે છે. સામાજિક સલામતીને પ્રોત્સાહન આપવાના પ્રયાસો કામની સલામતી અને સક્ષમતાને પ્રોત્સાહન આપવાની શક્તિ ધરાવે છે. *('સેવા'નાં સુશ્રી મીરાઈ ચેટરજી સાથે ચર્ચા બાદ આ લખાયું છે.)*

उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net

ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૦૭૯-૮૦૧૨૯૬૭

આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.